ધર્મ નીતી.

ભાગ બીજો.

સત્ય મિત્ર પત્રમાં સને ૧૮૯૪ ના શાલમાં છપાયલા
ધર્મ બોધ અને નીતી બોધનો
સંગ્રહ.

છપાવી પ્રગટ કરતા, સત્ય મિત્રના માલેક.

મુંબઈ, ધોબીતલાવ ઉપર વરતમાન પ્રેસમાં
મનચેરજી હોશંગજી જાગોશે છાપ્યું.

કીંમત રૂ૦ા.

સને ૧૨૬૪ યજદેજરદી.
સને ૧૮૯૫ ઈસવી.

ધર્મ—નીતી.

[redacted]

ભાગ બીજો.

સત્ય મિત્ર પત્રમાં સને ૧૮૯૪ના શાલમાં છપાયલા
ધર્મ બોધ અને નીતી બોધનો

સંગ્રહ.

છપાવી પ્રગટ કરતા, સત્ય મિત્રના માલેક.

મુંબઈ, ધોબીતલાવ ઉપર વરતમાન પ્રેસમાં
મનચેરજી હોશંગજી જાગોશે છાપયું.

કીંમત રૂ૦।.

સને ૧૨૬૪ યજદેજરદી.
સને ૧૮૯૫ ઈસવી.

દીબાચો.

સત્ય મીત્ર પત્રમાં દર અઠવાડયે ઘણા સરસ ધર્મ બોધ અને નીતી બોધ છપાતા હતા, તે ઘણા જરથોસતી સાહેબોને પસંદ પડવાથી તેનો સામટો સંગ્રહ છાપવાની ઘણી તરફથી ભલામણ કરવામાં આવી હતી, તે ઉપરથી ઈસવી સને ૧૮૯૪ નાં એ પત્રના અંકોમાં છપાયલા ધર્મ બોધ તથા નીતી બોધની બાબદોનો સંગ્રહ એકઠો કરીને આ ચોપાન્યાંના આકારમાં પ્રગટ કરવામાં આવ્યો છે, જે આશા છે કે સર્વે જણોને ઘણો પસંદ પડતો થઈ પડશે.

સાંકલ્યું.

૫૯૩૮

ધર્મ–નીતી.

(ભાગ બીજો.)

નમરતા.

"નિરદોષપણું, **નમરતા**, સચાઈ, એ ત્રણ,
છે જીંદગીનાં રોશન આફતાબી કીરણ."

નેક વાંચનાર ! નમ્રતાનાં શાંત કીરણોનો પ્રકાશ તેં કદી ભોગવ્યો છે ? યા તું પોતે એ પ્રકાશ ધરાવે છે ? અગર ન ધરાવતો હોય તો એમ સમજજે કે તે પ્રકાશ વગર તારી જીંદગી તને એક બોજા સમાન થઈ પડશે.

નમ્રતા એ દાનાઇનું પહેલું પગ થયું છે. એ વના દાનાઇના બેહદ પ્રકાશમાન મહેલ ઉપર માનવીથી જઇ શકાય નહિં.

વિચાર કર, ભલા વાંચનાર ! કે કુદરતની તરેહવાર ઉમદા પેદાયશોમાં, માનવી, એક કમતર ઈનસાન, શી બીસાદ ધરાવે છે ? તે પેદાના કરનાર મહાન કીરતારની બહોળી કુદરત આગલ માનવી ગોયા કાંઇજ નથી. તયારે તેણે ગરૂરી અને ફાંકો શા માટે રાખવો જોઇએ ?

જેમ એક ગુલાબનુ ફુલ પોતાની ખુશબોઈથી હરેક માનવીનું ધ્યાન પોતાના તરફ ખેંચેછે, તેજ મુજબ એક નમ્ર માનસનો ચેહેરો તેની ઉપર પ્રકાશતા નમ્રતાનાં ખુલ્લા પ્રકાશથી હરેક માનવીનું દીલ પોતા તરફ ખેંચે છે, ને ટુંક વખતમાં સઉનાં દીલ જીતી લે છે. એક નમ્ર માનવીનાં મુખમાંથી સચાઇ સાથે ભેળાયલા નરમ સખુનો નીકલે છે, તે કદી પણ પોતાનાં ગ્નાન ઊપર મગરૂર રહેતો નથી; પણ હંમેશાં પોતાને નાદાન અને નાવાકેફજ સમજે છે, મગરૂરીના મુલક ઊપર તે કદી પણ નજર કરતો નથી, અને તેમાં દાખલ થવા ઇચ્છતો નથી. તેના ચેહેરા તરફ જોતાં પહેલીજ નજરે તેમાં નમ્રતા માલમ પડી આવે છે. જેમ સાદો લેબાસ ખુદરતી ખુબસુરતીમાં વધારો કરે છે, તેમ નમ્રતા માનવીના સદગુણોની ખુબસુરતીમાં વધારો કરે છે. નમ્રતાથીજ ડહાપણ અને ગ્નાનને ભારે શોભા છે.

તયારે, નેક વાંચનાર ! નમ્રતાના ફીરેસતાને તારો સાથી કર, અને તારી જીંદગીને શોભાયમાન અને ઉપયોગી બનાવવાની કોશેસ કર. કારણકે નમ્રતાની રોશની વના જીંદગી ગોયા અંધારૂં છે.

એક નમ્ર માણુસ પોતાનાં હરેક કામોમાં ઘણુંકરી ફતેહ મેળવે છે, કારણકે નમ્રતાથી તે સઘળાંનાં દીલ જીતી લે છે, અને હરેક કામોમાં તેનો રસતો ખુલ્લો થાય છે.

જેમ પવનનાં તોફાન સામે નરમ ઝાડો વળી જઇ તેને રસતો આપ્યાથી સલામત રહે છે, પણ ટટાર ઉભાં રેહતાં ઝાડો જડમુલથી ઉખડી જાય છે, તેમ નમ્ર માણુસ હંમેશાં સામે આવતી આફતો જોઈ નમીને ધીરજથી કામ લીધાથી સલામત રહી શકે છે, પણ ભેજામાં મગરૂરી અને ફાંકાનો પવન ધરાવનાર માનવી પોતાની ગરૂરી અને ગુમાનથી તુટી પડવાની ધાસતીમાં આવી પડે છે. એક મગરૂર માણુસને તેની ગરૂરી અને ગુમાનજ જડમુળથી ઊખેડી નાખે છે. તેનો ચેહેરો પહેલી નજરે જોતાંજ બીહામણો લાગે છે. તે ટુક વખતમાં પોતાની આસપાસનાઓનો અળખામણો થઇ પડે છે. તેની ગરૂરી અને ગુમાન હરેક માનવીના ચાહને બદલે ધીક્કાર તેને મેલવી આપે છે.

જયારે એમજ છે, તયારે, નેક વાંચનાર ! મગરૂરીના મુલકથી દુર નહાસતો રહેજે. તે મુલક તરફ નજર કરવાની હીંમત કરતો ના, કારણકે જે મગરૂરીના અને ગુમાનના વંટોલયામાં ફસયો તેનો બચાવ થવો મુશકેલ. તયારે, માનવી ! હંમેશાં, તારાં હરેક કામોમાં, "નીચો નમી નમ્ર થા !" કારણકે કોઇ પણ ચીજ માનવીઓનાં દીલ જીતવાને શકિતવાન હોય તો તે કાંઇ નથી પણ "નમ્રતા !"

માથ્રવાની–દુઃખ દર્દોને ટાલનાર અકસીર ઉપાય તરીકે.

અશસ્તા—અષો બએષજો દાતો બએષજો કરેતો બએષજો ઊર્વરો બએષજો માંથ્રો બએષજો બએષજનામ બએષજહે બએષજયો યદ માથરેમ સ્પેનતેમ બએષજયો યોનર્ં અષઓનો હચ ઊરૂથવાંન બએષજયાદ અએષોજી અસ્તી બએષજનાંમ બએષજયો તેમો.—(અરદીબેહેસ્ત યસ્ત.)

અર્થ—તનદરૂસ્તીના આપનાર તે છે કે, જે અષોઈથી તનદરૂસ્તી આપે છે, ઈન્સાફથી તનદરૂસ્તી આપે છે, વહાડકાપના ઊપાયથી તનદરૂસ્તી આપે છે, જડીબુટી અથવા ઔષધીથી તનદરૂસ્તી આપે છે, અને માથ્રવાનીના કલામોથી તનદરૂસ્તી આપે છે. પણ એઓમાં માથ્રવાનીના કલામોનો ઊપાય સર્વથી શ્રેષ્ટ છે, અને જે કોઈ અષોઓના ફાયદા માટે તનદરૂસ્તીનો એ ઉપાય કામે લગાડે છે, તે સઊથી ચડતે દરજજેનો તનદરૂસ્તી આપનાર છે.

દીનદાર જરથોસ્તી ! તેં સાંભલ્યું હશે—કદાચ નજરે જોયું પણ હશે—કે, જુના વખતના, અસલી વીચારના અને ધર્મચુસ્ત, એવા કેટલાક તારા જાત ભાઇઓ, પોતાનાં દુઃખ દર્દો જયારે દવા દારૂથી કે તેવા બીજા કોઈ પણ ઉપાયથી સારાં થતાં નથી, ત્યારે ચોકસ અવસ્તા ભણીને, અથવા તે ભણવા સાથે પીછી જેવી કંઇ કંઈ ક્રીયા કરીને, પોતાની તનદરૂસ્તી તથા મનશાંતી મેલવવાની તજવીજ કરતા હતા. વહાડકાપના ઉપાયોનાં પ્રબલના આ જમાનામાં તેમને હસી કહાડવામાં આવે છે. અને તું પોતે પણ કદાચ તેમને હસ્યો હશે. પણ જો તને તારા ધર્મન, કલામ ઉપર યકીન હોય, તો તું તેમ હસવાથી અટક જે. તે કલામોમાંનો મથાલેનો ફકરો સમજાવે છે કે માણુસનાં દુઃખ દર્દો સારાં કરવાના એકથી વધારે ઉપાયો છે; જેવા કે, અપોઝના, ઈન્સાફના, વહાડકાપના, અને દવા દારૂના. પણ એજ ફકરો તેમાં માથ્રવાનીને પણ એક ઉપાય તરીકે ઉમેરે છે, અને તે ઉપાયને બીજા સઘલા ઉપાયોથી અકસીર જણાવે છે. તે માત્ર અવસ્તા લખનારે અલલ ટપ્પે ઓરંગો મારેલો હશે, એમ જો તું સમજશે, તો પોતાના પવીત્ર ધર્મને અને તેના કલામને અપમાન કરવાની નાદાની કરતો ઠરશે. અમે આગલા ધર્મ બોધોમાં સમજાવ્યું છે તેમ, ધર્મના કલામો ઉંડી મતલબ અને ચમતકારીક અસર ધરાવનારા છે, અને મજકુર ફકરો તેનો એક નમુનો માત્રજ નહી, પણ તેની જીવતી જાગતી સાક્ષી છે. એમ પણ કહેવાશે નહી કે, જે જમાનામાં અવસ્તા ઉત્પંન થયા તે વેલા દવા દારૂના કે વહાડકાપના જેવા ઉપાયો ન હશે, તેથી તે વખતના લોકો, જેમને આજના સુધરેલા લોકો જંગલી કહેવાને શરમાતા નથી, તેઓ માથ્ર કે મંત્ર ભણી સાજાં થવાનાં ફાંફાં મારી ગયા હશે. ઊપલોજ ફકરો સાફ બતાવે છે કે, તે વેલા એવા સઘલા વૈદક ઉપાયો જાણીતા હતા. વહાડકાપના ઉપાય, જેને માટે આજનું યુરોપયન વૈદું મગરૂરી લે છે, તે પણ તે વેલા જાણીતો હતો. તે છતાં તેઓ માથ્રવાણી ભણી દુઃખ દર્દો સાજાં કરવાના ઉપાય લેતા હતા, અને તેને સઉથી સરસ ગણતા હતા. તેમ ગણવાને તેઓને કારણ મલવું જોઈએ; અને તે એજ કે, તે ઉપાયથી તેઓએ ખચીત અને ખાતરીપુર્વક ફાયદો મેલવેલો હોવો જોઇયે.

દીનદાર વાંચનાર! ત્યારે તું સવાલ કરશે કે, આજે તેમ કાં થતું નથી ? આજે તો અવસ્તા ભણીને, અને "અર્દીબેહેસ્ત યસ્તની પીછી" કરીને એ ઉપાય કામે લગાડયા છતાં કોઇનાં દુઃખ દર્દો સારાં થતાં નથી ? તેમનાં ભણતર, મંતર કે માથ્ર સઉ જયાનાં ત્યાં રહી જાય છે, અને આરામ જો મલે છે તો તે આપણા પાલખીનશીન ડાકટર સાહેબની દવા અને વહાડકાપથીજ ? એ ખરી વાત છે; પણ તેટલાજ માટે પુરાતન ધર્મી જમાનાની મજકુર સચ્ચાઇ ખોટી પડતી નથી. તે જમાનાની સઘલી ઉત્તમ વાતો અને ચીજોના, તથા તેમની ઉપરના ભાવ આજે જેમ નીકલી ગયા છે, તેમ એ ઉપરનો ભાવ પણ પડી ભાગ્યો છે. પહેલે તો માથ્રથી દુઃખ દર્દો સાજાં થાય એ યકીનજ લોકોમાં નહી મલે અને જયાં યકીન નહી ત્યાં ઉપાય નહી. તું વીચાર કર, અય ભમાયલા વાંચક, કે ફકત તનનાં સાધારણ દર્દો, અને તે પણ દવાદારૂથી સાજાં કરવાનો ચાલુ ઉપાય પણ જો દર્દીનાં યકીન અથવા વીશ્વાસ વગર લાગુ પડી શકતો નથી, તો તનમનનાં અસાધારણ, અણદીઠ, અને સાદી બુધ્ધીથી નહી સમજી શકાય એવાં દુઃખો, બલાગતો અને નેહસીઅતોનો, માથ્ર જેવો ગેબી અને ચમતકારીક ઉપાય, યકીન વગર કેમ લાગુ પડી શકે ? ગુંદર વીના એ ચીજનું વલગાણ કેમ થાય ? વગર ઇમાનનું જે નાલાયક બદન તે ઇમાન અને પવીત્રાઇવાલો એક અણદીઠ ગુણ પોતાના તરફ કેમ ખેંચી શકે ? સારાંશ—આ જમાનાના લોક અસલી જમાનાના એ ચમતકારીક એલમનો લાભ ભોગવવાને, પોતાની ફેરવાઇ ગયલી બુધ્ધીથી લાયક રહયા નથી.

પણ, ત્યારે શું અસલી જમાનાના એ ચમતકારીક એલમનો લાભ આપનારા લાયક પુરૂષો આ જમાનામાં છે ? અમે દલગીરી સાથ તે પણ ના પાડીએ છીએ. અમારી પોતાની જાણમાં તો તેવા વીલો અંશી પુરૂષો કોઈ નથી. અગર હોય તો કોઇજ, "ઘઉંમાં કાંકરા" જેવા, અને તે પણ કુદરતના કોઈ એવા અણદીઠ ગુફામાં પડેલા હશે કે, જેમનાં પવીત્ર દર્શન લેવાને આપણે લાએલાજ છીએ. ખરૂ છે કે, આજે પણ આપણા કેટલાક દસ્તુર, મોબેદો અને દાવરો અવસ્તા ભણીને, અથવા "અર્દીબેહેસ્ત યસ્તની પીછી" કરીને દુઃખ સાજાં કરવાનો દેખાવ કરે છે, અને તેમના ધર્મચુસ્ત પારસી જજમાનો તેનો લાભ લે છે. પણ તેમને માટે આપણે ટુકમાંજ પતાવીશું કે, એ "નહી મામાના કાના મામા." પોતાને મોહડે આવડે તેમ ફકત ચોકસ અવસ્તા ભણ્યાથી કે તે ભણતા જઇ પીછી ઉડાડ્યાથી, તેની ખરી અસર થઇ શકે નહી. તે અસર ઉપજાવવા માટે, યકીન ઉપરાંત, સંપુર્ણ પવીત્રાઇ અને તે પ્રયોગ કરવાની કલાકુંચી વગેરે આવડવું જોઇયે. તે કલાકુંચી આપણુ વચ્ચે આજે કોણ જાણે છે ! પણ તેટલા માટે આપણે અવસ્તાની મજકુર સચ્ચાઇનો ઈન્કાર કરવામાં વાજબી ગણાઇયે નહી, તેમ અવસ્તાના એ ગુણ માટેનું આપણું

યકીન તજી દેવું પણ રવા નથી. તે તો આપણે જાલવીજ રાખવું જોઇયે છે. આજે તે જલવાયલું રહેશે, તો ભવીષ્યમાં એક વખત એવો પણ આવશે, કે જ્યારે તેનો ખરો લાભ ભોગવવાને, આપણે નહી તો આપણી ઓલાદ ભાગ્યશાલી થશે. હમણાં આપણે પોતે પણ તેનાથી એટલો લાભ તો ખચીત મેલવીશું કે, એ માથ્રવાની એવી અજમતી છે એમ માની તેને ભણુતા રહયાથી તે વડે આપણા ધર્મ તરફનું આપણું માન અને ઇમાન જલવાઇ રહેશે; તે કલામો વડે ખોદાતાલાની ગેબી બખ્શેશ તરફ આપણો ભરૂસો કાયમ રહેશે; આપણાં તન મનની પવીત્રાઇ જલવાશે; તથા આપણું મન હીંમતવાન અને સંતોષી રહી દુન્યાઇ દુઃખો તથા જંજાલો સેહલથી ઉઠાવવાને આપણે શકતીવાન થઇશું. વખત પ્રમાણે એટલું પણ ગનીમત—"ફુલ નહી તો ફુલની પાંખરી પણ ભલી."

સબુરી.

"દુઃખ ને બલાથી તે છે રસ્તગાર,
સબુરી ને ખંત જેના છે દસ્ત–યાર."

નેક વાંચનાર ! સબુરીના ઉત્તમ સબક ઊપર આજ દીને આપણે વીચાર ચલાવયે તે આગમજ તારે આટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે સબુરીને બીજી બે ઉત્તમ ખાસ્યતો સાથે ઘણો નીકટ સંબંધ છે. આ બે ઉત્તમ ખાસ્યતો તે ખંત અને નમ્રતા છે. આમાંની એક, (નમ્રતા) ઉપર તો આપણે એક વાર આગલ વીચાર ચલાવી ગયા. માટે આજ દીને આપણે સબુરી અને તેના મુખ્ય સાથી ખંત માટે એકાદ બે બોલ ચલાવ્યે.

એક મહાન સુફી યાને ખુદાઇ ગ્નાનને પહોચેલા નરના શબ્દોમાં, "સબુરી વનાનો માનવી તે એક શયતાન છે." જે માનવીમાં સબુરી જેવા ઊત્તમ અને ફીરેસ્તાઇ ગુણને બદલે ઉતાવળાપણાં જેવો શયતાની ગુણ હોય તે માનવીને ઇન્સાન નામ છાજતું નથી. ખરો માનવી અને ખરો મરદ તેજ કે જે સબુરી અને ખંતના જોડયા ફીરેસ્તાઓને પોતાના ભોમ્યા કરી હીમતથી પોતાનાં કામોમાં આગલ વધે.

ભલા વાંચનાર ! સબુરી અને ખંત એ બે ખાસ્યતો ખાકી બાબદોમાં જેટલી અગત્યની છે તેટલીજ, બલકે તેથી પણ અત્યંત વધુ મીનોઇ બાબદમાં તેઓ અગતબતા ધરાવે છે. જે માનવી એ બે ખાસ્યતો ધરાવતો નથી તે કદી પણ મીનોઇ ગ્નાનમાં આગલ વધી શકતો નથી. જેમ એક બુલંદ ટેકડી પર બાંધેલો મજબુત કીલ્લો ગમે એવાં તોફાંનની દરકાર વગર જેવોને તેવો ઉભો રહે છે, તેમજ સબુરીનાં બખ્તરથી મઢેલો, મીનોઇ ગ્નાનનાં મેદાનમાં બહાર પડેલો સીપાહ બચ્ચો સામે આવતી આફતોથી હારી ન ખાંતાં સહીસલામત આગલ વધ્યો જાય છે, અને હરેક શેયતાન્યતભરી અડચણોને તે સેહલથી મટાડે છે. પણ, તેથી ઉલટુંજ, જેમ દરયાની રેતીમાં ઉભું કીધેલું મકાન સહેજ તોફાંનમાં દરયાના મોજાને વશ થઇ પડે છે, તેમ ઉતાવલના ઉછલતા મોજા ઉપર ઉભો રહેલો માનવી બહુજ ટુંક વખતમાં તુટી પડી હારી ખાઇ નાસીપાસ થાય છે; કોઈ પણ કામમાં તેને ફત્તેહ મલતી નથી. જે માનવી સબુરીનાં બખ્તરમાં મઢેલો છે તેના ઉપર ઊતાવલાપણું, અને તેનાં પરીણામ ફીકર, યા ચીંતા કદી પણ હુમલો લઇ જઈ શકતાં નથી. કારણકે સબુરીએ તેનો સંપુરણ કાબુ લીધો છે, અને તેથી તે તેના દુશમનોને મારી હઠાવે છે.

જો કોઇ ભલાં કામમાં તને એકાદ બે વાર નાસીપાસ થવું પડે તો તેથી અય નેક વાંચનાર ! હીમત હરી જઇ, સબુરી છોડી દઇ, તે કામ તું છોડી દેતો 'ના. પણ "હીમત હેડે રાખ, સબુરી એખ્તયાર કર" અને ખંતને તું જનો જાની મીત્ર કર, જેથી આખેર તને અંજામ યાને તારાં કામનો છેડો ખુબીવંતોજ મલશે.

માનવીની ખરી પરીક્ષા દુઃખની વેલાએજ થાય છે; ત્યારેજ એક માનવીની સબુરી માલમ પડી આવે છે. જે માનવી પાસે ખંતની તરવાર, અને સબુરીની ઢાલ હોય છે તેજ માનવી મીનોઈ લડાઇનાં મેદાનમાં ફત્તેહ મેલવે છે. ખંતની તરવારથી સામે આવતી અડચણોને તે દુર કરતો જાય છે, અને સબુરીની ઢાલ ઉપર સામે આવતા દુઃખના ફટકાઓને તે ઝીલી લે છે.

ગમે એવાં દુઃખના ભારે ડુંગરો આવી પડયા છ

તાં એક ધીરજવંત માણસ ધીમે ધીમે પોતાનું કામ કાંઇ પણ ગડબડ વગર આગલ વધારયોજ જાય છે.

પણ ત્યારે એક ધીરજવંત માનવીનાં કામોનો છેડો શું? નેક વાંચનાર! તેનાં કામોનો છેડો, તેની સબુરીનો બદલો, હંમેશગીનું સુખ છે. ભારે દુઃખોનાં ડુંગરો પસાર કરી આખરે તે હંમેશગીની અત્યંત સુખી ખીણમાં જઇ પુગે છે. દુઃખના દરયાવનાં ભારે તોફાનો સહીસલામત પસાર કરી તેની કીસતી હંમેશગીના સુખી મુલકના કીનારા ઉપર આવી લાંગરે છે. મીનોઈ લડાઈની ભારે કાપાકાપીમાં શયતાન્યત ખાસયતોનો સદંતર નાશ કરી રહયા પછી જયારે શાંતીનું નગારૂં વાગે છે તયારે તે લડાઇના ઘોંઘાટ પછી કદી ખલલ ન થાય એવી હંમેશની શાંતી મેલવે છે!

તયારે,હવે નેક વાંચનાર! તારાં દીલને સબુરી ને ખંતનાં સુંદર ગોલાબનાં ફુલનો કયારો બનાવ, અને તેમાં એ બે રીરેસતાઇ ખાસયતોનાં ગુલને ખીલવ! તારાં દીલનાં માલામાં બેહેસતનાં એ બે પક્ષીઓને ઉતારો આપ, કે જેથી ચાહે તયારે તેઓની સુંવાલી પીછદાર પાંખો ઊપર સવાર થઇ દુઃખના ડુંગરો અને મુશકેલયતના મુલકો પસાર કરી સહીસલામત તે હંમેશગીના અતી સુખી મુલકમાં તું જઇ શકે! જેમ કરવા માટે નીચલાં ત્રણ જવાહીરોનો એક હાર બનાવ, કે જે એજમતી હાર હંમેશાં સાથે રાખયાથી તેની મોજેજા જેવી અસરથી ગમે એવું દુઃખ તું દુર કરી શકશે:

"હીમત હઈડે રાખ, સબુરી અખત્યાર કર," અને ખંતને તું જનાજની મીત્ર કર!

"આ અઇર્યેમા ઇષ્યો"ની બંદગી અને તેની મોટાઇ.

અવસ્તા—જનઈતી વીસ્પએષુ અંઘરો મઈન્યુશ અહમાઈ યાત્વાંમ પઈરીકનાંમચ અઈર્યમનેમ માંથ્રનાંમ મજીશ્તેમ માંથ્રનાંમ વહીશ્તેમ માંથ્રનાંમ વહીશ્તોતેમેમ માંથ્રનાંમ સ્રએશ્તેમ માંથ્રનાંમ સ્રએશ્તોતેમેમ માંથ્રનાંમ ઊગ્રેમ માંથ્રનાંમ ઊગ્રોતેમેમ માંથ્રનાંમ દેરેજરેમ માંથ્રનાંમ દેરેજરોતેમેમ માંથ્રનાંમ વારેથ્રઘનીમ માંથ્રનાંમ વારેથ્ર ઘન્યોતેમેમ માંથ્રનાંમ બએષજેમ માંથ્રનાંમ બએષજ્યોતેમેમ માંથ્રનાંમ. (અરદી બેહેશ્ત યશ્ત.)

અર્થ—અઈર્યમનની બંદગી માંથ્રવાણીમાં સઊથી બુલંદ, માથ્રવાણીમાં સરસ, માંથ્રવાણીમાં સઊથી સરસ, માંથ્રવાણીમાં પુર્ણ, માંથ્રવાણીમાં સંપુર્ણ, માંથ્રવાણીમાં ગાલેબ, માંથ્રવાણીમાં સઊથી ગાલેબ, માંથ્રવાણીમાં બલવંત, માંથ્રવાણીમાં સઊથી બલવંત, માંથ્રવાણીમાં ફતેહમંદ, માંથ્રવાણીમ સઊથી ફતેહમંદ, માંથ્રવાણીમાં તનદરૂસ્તી બખ્શનારી,તથા માંથ્રવાણીમાં સઊથી તનદરૂસ્તી બખ્શનારી છે, અને તે તમામ રીતે ધનામીનોને, જાદુગરોને તથા બુરી જાતની પરીઓને આજેજ કરે છે.

દીનદાર જરથોસ્તી! છેલી વેલા તેં જોયું કે, માથ્રવાણીના કલામો દુખ દર્દ કાપનાર અને સુખાકારી તથા તનદરૂસ્તી આપનાર તરીકે, બીજા દુન્યાદારીના ઉપાયો કરતાં ચઢતે દરજેના ઉપાય છે. પણ ખુદ એ ઉપાયનાબી ચઢતા ઉતરતા તબક્કા છે; યાને માથ્રવાણીનો એક કલામ જે અસર ધરાવે છે, તે કરતાં વધુ અસર તેનો બીજો કલામ ધરાવી શકે છે. જેમ જુદી જુદી દવાઓ વધુ ઓછા ગુણ ધરાવે છે, તેમ જુદી જુદી માથ્રવાણી પણ ધરાવતી દીસે છે. અવસ્તામાં તેના જુદા જુદા ભાગોની ચહડ ઉતર જે સીફત જણાવેલી છે, તે ઉપરથી એવું સમજવાને કારણ મલે છે. છેલી વેલા માથ્રવાણીની જે સીફત આપણે જોઇ, તે તેની સામાન્ય સીફત છે. પણ આ વીશયને મથાલે ટાંકેલા અવસ્તા, માથ્રવાણીના એક ચોકસ કલામની ખાસ સીફત જણાવે છે. માથ્રવાણીના તે ચોકસ કલામ, "આ અઇર્યેમાં ઇષ્યો"ના અથવા "અઇર્યમન"ના છે. અઇર્યમન, એ એક સુખાકારી આપનાર અને દુખ દરદ તથા રંજ બલા દફે કરનાર ફરેસ્તાનું નામ છે, અને તેની મદદ ચાહવાની જે બંદગી તે "આ અઇર્યેમા ઇષ્યો"ની છે. એ બંદગી આપણી યજશને મધે, ગાથાઓના હા પુરા થયા પછી, ૫૪ મા હા તરીકે મોજુદ છે. સુખાકારીના અને દુખ દરદ ટાલવાના ઉપાય દાખલ તે એટલી અસરકારક છે કે, આપણા કદીમ દીનદાર નયાગાનોએ તેનો પ્રથમ ભાગ, લગનના આશીર્વાદ સારતી વેલા પરણતાં જોડાં ઉપર દુઆ તરીકે પઢવાનો રેવાજ ચાલુ કીધેલો છે. આપણા આસીર્વાદ પેહલવી અને સંસ્કૃતમાં સરાય છે, અને અવસ્તા તે

માં એ "આ અઇર્યેમાં ઇશ્યો"ના આવે છે. બીજી રીતે કેહતાં તે ગાથા અવસ્તાના એક આશીર્વાદ છે. તે આશીર્વાદ કેટલા અસરકારક હશે, તે વીષે આ કલમથી સીફારસ કરયા કરતાં, મથાલે ટાંકેલા અવસ્તાના અર્થથીજ તેની ખાતરી કરી લેવાને દીનદાર વાંચનારાઓને અમે વીનંતી કરીએ છીએ. વલી આપણી અરદીબેહેસ્ત યસ્ત, જે દુખ દર્દો ટાલનારી એક જાણીતી બંદગી છે, અને જેમાં અજમતી અને અસરકારક માથ્રવાણીની સીફત જાબજા કરવામાં આવેલી છે, તે યસ્ત મધે આ અઇર્યમનની બંદગીને ખાસ આરાધી તેની સેફત ઉત્તમ પ્રકારે કરવામાં આવેલી છે, જે તેની મોટાઇ માટે જેવી તેવી શાહેદત નથી. અઇર્યમનની બંદગીની ખુબી આ ઉપરાંત ખુદ તેના અર્થ ઉપરથી પણ જણાશે, જે નીચે પ્રમાણે છે:—

"ભલો અઇર્યમન ફરેસ્તો, જરથોસ્તના દીનદારોની—મર્દોની તેમજ ઓરતોની—ખુશનુદીને માટે અહીં પહોંચે. ઇન્સાફને માટે તથા સંપુર્ણ મનશ્નીની ખુશનુદી માટે તે અહીં પહોંચે. દીનદારોને અશોઇનો બદલો તેનાથી મલે છે. આશીર્વાદભરેલી સચ્ચાઇ અને અશોઇ હું ચાહું છું, કે જે અહુરમજ્દથી પસંદગી પામેલી છે. તમામ દુખ દરદ, મોત, યાતુઓ અને પરીકો તથા જાદુગરણીઓને અઇર્યમન નેહસ નાબુદ કરે. હીંમતવાન, ફતેહમંદ, બદી તોડનારી, અને પવીત્રાઇના કલામોમાં સઉથી પસંદ કરવા લાયક એવી જે અઇર્યમનની બંદગી, તેને અમે આરાધીએ છીએ. વૃદ્ધી કરનારા તથા સચ્ચાઇના સાહેબ એવા જે અશા ગાથા, તેને અમો આરાધીએ છીએ. સ્તઓત યસન્ય જે પ્રથમ હયાતીના કાયદા છે, તેને અમે આરાધીએ છીએ."

જે કલામો તેની સપાટી ઉપરના માત્ર સાદા અર્થમાં એવા ઉત્તમ છે, તેનાં ઉંડાણમાં કેવી ખુબી સમાયલી હશે! અને તે કલામો, મથાલે જણાવેલા અવસ્તામાં જણાવ્યા પ્રમાણે, માથ્રવાણીમાં ઘણા બુલંદ, ફતેહમંદ અને સુખશાંતી બખ્શનાર હોય તેમાં નવાઇ શી?

સુબોધ માલા.

નબલો જો કીધો તો સંભાલી લે,
કુંજરો જો કીધો તો પંપાલી લે.—૧
બીકણ જો કીધો તો બંચાવી લે,
પડતો જો કીધો તો ટકાવી લે.—૨
કમબખ્ત જો કીધો તો દયા કર, રબ!
હીણો જો કીધો તો માયા કર, રબ!—૩
અપંગ જો કીધો તો રાહબરી કર,
લુલો જો કીધો તો હાથ જરા ધર.—૪
ભીક્ષુક જો કીધો તો ટુકડો પોંહચાડ,
જખમી જો કીધો તો લેપડો લગાડ.—૫
પાપી જો કીધો તો માફી બખશ,
નાપાક જો કીધો તો સાફી બખશ.—૬
દર્દી જો કીધો તો દવા તું આપ,
નીર્લજ જો કીધો તો હયા તું રાખ.—૭
દુખ્યો જો કીધો તો દીલાસો દે,
શકમંદ જો કીધો તો ખુલાસો દે.—૮
છોટો જો કીધો તો વડીલ તું થા,
બંધવો જો કીધો તો વકીલ તું થા.—૯
નાચાર જો કીધો તો આધારતું થા,
નીર્ધન જો કીધો સાહુકાર તું થા.—૧૦
એકલો જો કીધો સાથી તું રેહ,
મુંગો જો કીધો તો વાચી તું રેહ.—૧૧
અધ્ધર જો કીધો તો ધરનાર તું રેહ.
ખોદાવંદ! સુરજનો દાતાર તું રેહ.—૧૨

જીવ ગયો કે પછી દુન્યા એ—દુન,
જોઇ લેવી વગર અરથનું એક સુન.—૧
જીવનો નુકતો રાખેછ આવાજ ને અર્થ,
ભુસરાયો નુકતો કે નકામી "નુન."—૨
રજ સમાન છે ત્યાં દોલત ને દમામ,
મુલ પામેછ ફકત ત્યાં ભલાઇ ને પુણ.—૩
જાન ગયો કે સર્વે ઇન્સાન એકસાન,
નહી ચાલતો ત્યાં રંક ને રાયનો કાનુન.—૪
ફરક ત્યાં રેહેછ ફકત કર્તુકોનો,
પુણવાન તે મોટો ને પાપી જબુન.—૫
મુળ પામેછ ત્યાં ધર્મ, ભકતી, નેકી,
ધીકરાયછે જુઠાઇ જુલમ ને ઝનુન.—૬
છે સર્વે એ અંતને આધીન બેશક,
છટકે નહી કારુન, હારુન, અફલાતુન.—૭
છે આધીન એને શાહજાદી પરી,
તાજવર હોમાય ને દીનદાર કેતાયુન.—૮
છે આધીન એને સઉ જાત ને ધરમ,
હીંદુનો વીક્રમ, ઇસ્લામ હોમાયુન.—૯
ધસડેછે ગેતીથી મીનો તરફ,
ઇન્સાનનાં રવાનને જમની જેહુન.—૧૦
ઉગ્યું તે આથમવા કાજ, એ સત માન,
આપેછ એ ધડો સુરજ બીન-સખુન.—૧૧

રવાનના ફાયદા માટે તન કુરબાન કરવું રવા છે.

પાજંદ—બુન બર ખાસ્ત ઇમ હસ્ત પ બેશીએ યજદાંન દાર હોમ પ બેશીએ યજદાંન દાસ્તન અએ બહોદ કુ અગર તશ અજાં રસદ કે ઇન તન રવાનરા બેઆવાયદ દાદન બેદેહમ. (પતેત પશેમાની.)

અર્થ—જે કંઇ દોલત મારી પાસે ભીતરની અને બાહેરની છે તે ખોદાતાલાની બેશીને માટે હું ધરાવું છું. ખોદાતાલાની બેશીને માટે દોલત ધરાવવાની મતલબ એ છે કે, જો કાંઇ બનાવ એવો બને કે મારાં તનને મારાં રવાન માટે અર્પણ કરવું પડે તો હું તેમ કરૂં.

દીનદાર વાંચનાર ! પતેત પશેમાની પાજંદ ભાપામાં જરથોસ્ત પછીના વખતમાં જોડાયલી છે, પણ તેટલા માટે તેની કીંમત તું ઓછી આંકતો ના. તે પણ પવીત્ર અવસ્તાના જેટલું વજન લગભગ ધરાવે છે; કારણ અવસ્તાને આધારે તે જોડાયલી છે, અને તેનો જોડનાર આદરબાદ મારાસ્પંદ, ખોદાને પહોંચેલો એક સાચો પરહેજગાર જરથોસ્તી ધર્મગુરૂ થઇ ગયો છે, જેણે જરથોસ્તી ધર્મને તાજો કરવામાં આગેવાન ભાગ લીધો હતા. તની પતેત મધેનો મજકુર ફકરો, ધર્મનીતીનો એક ઘણોજ ઉતમ કાનુન માણસ જાતને શીખવે છે. માણસની અંતરની મીનોઈ શકતીઓ જેવી કે જીવ, રવાન, ફરોહર, બુદ્ધી, અંતઃકરણ ઇત્યાદી, તથા બાહેરના ઉપયોગી અવ્યવો જેવા કે આંખ, નાક, કાન ઇત્યાદી, એ માણસ જાતની તેના જન્મ સાથ મલેલી મોટી દોલત છે તે દોલત, તેના પેદા કરનારની ખુશ્નુદી અથવા તેના મેલાપને અર્થે વાપરવાની છે. તે મેલાપમાં માણસનાં રવાનનું હંમેસ્નું તારણ અથવા હંમેસ્ગીનું સુખ છે; અને તેટલા માટે જયારે જરૂર પડે ત્યારે માણસે પોતાનાં રવાનના ફાયદાને ખાતર પોતાનાં તનનો પણ ભોગ આપવો જોઈયે. બીજા બોલોમાં બોલીએ તો, માણસનું તન તેનાં રવાનની સેવા માટે છે; નહી કે તનનાં સુખ અથવા તનપરવરીને માટે રવાન દુખી થાય એવાં કામો કરવાં. પાપથી રવાનને દુખ થાય છે, અને તેટલા માટે પાપથી બચવાને જો એકવાર આપણાં તનની કુરબાની થાય તો તે થવા દેવી. નાબીઆ, અંબી, અને ધર્મચુસ્ત માણસો પોતાનાં રવાન માટે પોતાનાં તનનો ભોગ આપવાને ચુકતા નથી. પણ એ કામ સઉથી મોટી બહાદુરીનું અને ઘણુંજ બીકટ છે, અને તેથી તેવા માણસ થોડાજ મલી આવે છે. તનને મોજમજાહથી પાલી રવાનને પાપથી હલાક કરનારા માણસો, આ પાપી દુન્યામાં ઉભરાઇ જાય છે. આજના બેદીન જમાનામાં તો તનપરવરી, એજ જીંદગીનું મોટું સાર્થક ગણાય છે. ખાઇ પી મોજમજાહ કરી મસ્ત રહેવા માટે જીવવું, અને ખાકી બદનને તરેહવાર બદી તથા હવસોથી લાડ લડાવી પુષ્ટ અને પત્રાજીખોર બનાવવું, એ તેની કેલવણી અને ફીલસુફીનો સાર છે. પણ તે બદી અને પાપથી ભરપુર છે. તે બદી અને પાપો આજે નીતી અને જરૂરીઆતમાં ફેરવાઇ ગયાં છે; કાંકે તે વગર દુન્યાની મોજ મલી શકતી નથી, અને તનપરવરી થતી નથી. એવી મોજીલી તનપરવરી, રવાન ઉપર આજાબ છે, અને રવાન તેથી આ દુન્યામાં દરદી રહી પેલી દુન્યામાં પોતાના પેદા કરનારનો મેલાપ લેવાને નાલાયક થાય છે. પણ તેની કશી દરકાર કરવામાં આવતી નથી. જે જમાનામાં ખુદ રવાનની હસ્તીજ નહી માનવામાં આવે, તે જમાનામાં રવાનને પવીત્ર અને બેદરદી રાખવાની વાતજ શી ? અને રવાન માંટે તનનો ભોગ આપવાનો ધર્મ માનેજ કોણ ? જયા મીનોઇની હસ્તીજ નહી મનાય, ત્યાં ગેતીનાંજ સુખ પર લોકો મરી ફીટે તેમાં નવાઇ શી ? પણ જેઓ તેમ કરે છે તેઓ પોતાનાં ફના થનારાં તન માટે પોતાના અમર જીવને હમેશે હમેશ સુધીનું દુખ સોંપે છે. દુન્યા માટે તેઓ દીન વેચે છે. કાચ માટે તેઓ હીરો ગુમાવે છે. તેઓ પોતે ઠગાય છે; દુન્યાને ઠગે છે; અને પોતાના પેદા કરનારના ગુનેહગાર થઇ તેના મેલાપનો મોટો લાભ ગુમાવે છે, કે જે મેલાપમાંજ માણસની જીંદગીનું સાર્થક છે. આ અફસોસભરેલું છે કે, જે ધર્મ "રવાન માટે તન અર્પણ" કરવાનો ઉતમ ધડો શીખવે છે, તે ધર્મ પાલનારાઓ (પારસીઓ) પોતે એ ધડો ભુલી ગયા છે. દુન્યાઇ સુખની ગેલછામાં તેઓ એટલા બેફામ બન્યા છે કે, પોતાના ધર્મને માત્ર દુન્યાઈ સુખ અને તનદરૂસ્તી જાલવનારાં એક વેહવારૂ સાધન જેવો ગણવા—ગણાવવાને તેઓ તૈયાર થાય છે. અહીં "સુખ"ને પણ તેઓ દુન્યાઇ મોજમજાહ સાથ ભેલી નાખે છે, અને "તનદ

રસ્તી"ને પણ તેઓ તનપરવરીની સ્થીતીમાં જોય છે. જેમના ધર્મસંબંધી વીચારો એવી ઉતરતી પંક્તીના હોય, તેમનામાં ઉચાં દીન ઇમાનની આશા કેમ રખાય ? ઊતમ નીતી અને પરહેજગારીની વકી તેઓથી કેમ રખાય ? ખોદાની ખેશીને ખાતર અથવા રવાનના ફાયદાને અર્થે તનનો ભોગ આપવો ઘટે તો આપવો, એ જરથોસ્તી ધર્મની એક નીતી છે. એટલુંજ નહી, પણ તેમ જો ન કરવામાં આવે તો તે એક જાતનો ગુનાહ પણ છે; કારણ ગુનાહની પશેમાની કરવાની જે પતેત તે મધે એ ફરમાન ખાખસુસ રજુ કરવામાં આવેલું છે. તે ફરમાન માનવા અને પાલવાની, હર કોઇ સાચા જરથોસ્તીની ફરજ છે. તે પાલવાથી તે ચુસ્ત જરથોસ્તી રહી શકશે એટલુંજ નહી, પણ એક બહાદુર મરદ પણ થઇ શકશે. પણ તેની ખુબી એટલાંમાંજ પુરી થવાની નથી. તે વડે તે સવાબકારીનો મીનોઇ ખજાનો હાંસલ કરશે, અને શેવટ પોતાના પેદા કરનાર સાથ મલીને પોતાનાં રવાનને હમેસ્ગીનું અમર સુખ આપવાને ભાયગસાલી થશે.

પવીત્ર માથ્રવાણી સમજવા માટે કેવી બુદ્ધી જોઇયે ?

અવસ્તા—ઊખ્શી અહુરહે મજદાઓ યજમઈદે દરેથ્રાઈ માંથ્રહે સ્પેન્તહે ખ્રતુમ અહુરહે મજદાઓ યજમઈદે મરેથ્રાઈ માંથ્રહે સ્પેન્તહે હીજ્વાંમ અહુરહે મજદાઓ યજમઇદે ફ્રવાકાઈ માંથ્રહે સ્પેન્તહે અઓમ ગઈરીમ યજમઈદે યીમ ઊખ્શીદાંમ ઉખ્શીદરનેમ પઈતી અસ્ની પઇતી ક્ષફ્ને યસોબેરેતાબ્યો જઓથ્રાબ્યો. (અહુરમજદ યશ્ત.)

અર્થ—માથ્રવાણી સમજવાને માટે અમે અહુરમજદની બુધ્ધીને આરાધીએ છીએ. માથ્રવાણીનું મનન કરવા માટે અમે અહુરમજદની દાનાઈને આરાધીએ છીએ માથ્રવાણીને ભણવાને માટે અમે અહુરમજદની જુબાનને આરાધીએ છીએ. હોશ બખ્શનાર ઊખ્શીદરેન પહાડને અમે આરાધીએ છીએ: દીવસે તેમજ રાતરે યજશ્નેમાં અરપણ થયલી "જોર"ની ભેટો સાથે.

દીનદાર જરથોસ્તી ! માથ્રવાણીની ખુબી માટે તેં ઘણું સાંભલ્યું છે. એમ પણ તેં સાંભલ્યું છે કે, માથ્રવાણી પવીત્ર છે; તે અજમતી છે; તે ભેદી છે, અને તે મુખ્યકરી મીનોઇની ગેબી વાતોનું ભંડોલ રાખનારી છે. એવું પણ તારા સાંભલવામાં આવ્યું હશે, અથવા હવે પછી આવશે, કે માથ્રવાણી શીખવા શીખવવાનું કામ ચોકસ ઊંચા ગુણો ધરાવનારા પવીત્ર આસામીઓ માટે ખાસ ઠરાવેલું છે; અને એમ પણ ફરમાવેલું છે કે, દેવોની ખાસ્યતનાં, શકમંદ અને નાસ્તીક ઇન્સાનોને તે શીખવવાથી પરહેજ રહેવું. તેનું કારણ શું હશે તેનો કાંઇ ખ્યાલ તને આવે છે ? અથવા મથાલે ટાંકેલા અવસ્તા, માથ્રવાણી સમજવા, યાદ કરવા અને ભણવા માટે છેક અહુરમજદની બુધ્ધી, અહુરમજદની દાનાઇ, અને અહુરમજદની જુબાનને શા માટે યાદ કરે છે, તેની સમજ કાંઈ તને પડે છે ? જાણ, અય ભમાયલાં ઇન્સાન, કે પહેલા સવાલનો ખુલાસો આ બીજા સવાલથી મલી રહે છે; પણ તે ખુલાસો અમારી તરફથી સમજાવવા માટે એ જવાબને અમે સવાલરૂપે તારી આગલ ધર્યો છે. તારે યાદ રાખવું જોઇયે છે કે, માથ્રવાણી પવીત્ર, અજમતી, ભેદી અને મુખ્યકરી મીનોઇ સાથ તાલુકો રાખનારી છે—એ જેમ ખોદાશનાસો માટે તેની મોટી ખુબી છે, તેમ દુન્યાપરસ્ત અને મનતકપરસ્તો માટે તેની તે મોટી ખામી છે ! આ છેલી જાતના લોક તેનું બીતર સમજી નહી શકયાથી તેની સપાટી પરના કઢંગા લાગતઅર્થોથી ગુચવાઇ તેને તકલીદી ગણે છે, તેને હસી કહાડે છે, અને તરેહવાર રીતે તેની થીગડથાગડ કરી તેના પર ચુથણા પાડે છે. તેમનું કામ આ ખાકી દુન્યા સાથેજ હોવાથી, તેઓ તેના અર્થ ખેંચી તાણીને દુન્યાદારીનેજ લાગુ પાડવા માંગે છે, અને તેમાં નીષ્ફલ થતાં માથ્ર અથવા અવસ્તાને "જંગલી જમાનાનું હમ્બગ" ગણી પડતાં નાખે છે. તેમની વલણ તકરારી હોવાથી, તકરારથી દુર પણ અંમલ આચાર અને એકીનથી ભરપુર, એવી જે માથ્રવાણી તેની સચ્ચાઇ તેઓ તકરારની કસોટીથી નક્કી કરવા ચાહે છે, અને તેમાં નામોરાદ થયાથી તેઓ તેને હસી કહાડવામાં પોતાની કાબેલીઅત જોય છે. જેઓ પોતાને જરથોસ્તી કહેવાડે છે, અન જરથોસ્તીપણાંની બુલંદીમાં પોતાનું જીવતર જોય છે, તેઓ અવસ્તા સામે એટલા ઘાટકી ન થતાં તેનો બચાવ એવો કરે છે કે, અવસ્તા જુના જમાનાનું જુનું ખખ ડાહપણ શીખવે છે ખરા, પણ શાબાશ છે તે અવસ્તાને, કે તેનું ડાહપણ આ સુધરે

લા જમાનાને પણ મલતું આવે છે! પણ એ દીલાસો માત્ર તેમનું મન મનાવનારો છે. તે જેમ અવસ્તાની ખરી ખુબી દેખાડતો નથી, તેમ તે પર એઇમાનીઓનું ઇમાન પણ મજબુત કરતો નથી.

સચ્ચાઇ એની સામી બાજુએ છે. આજના નવા વીચારમાં નહી પણ જુના વીચારનાં પડમાં તે લપેટાયલી છે. માથ્રવાણી ઉપર જણાવ્યા સરખી અસાધારણ ખુબી ધરાવે છે, તેટલા માટે તે સમજવાને માણસની બુધ્ધી પણ વીલક્ષણ હોવી જોઇયે. તે સમજવા માટે પ્રથમ જેમ ચીવટ ઇમાનની જરૂર છે, તેમ તે સમજવાલાયક વીલક્ષણ જાતી બુધ્ધીની પણ જરૂર છે. તેનું મનન કરવા માટે, તેજ પ્રમાણે વીલક્ષણ ડાહપણની જરૂર છે; એટલુંજ નહી પણ તે ભણવા માટે તેવીજ ઉચી, એટલે પવીત્ર જુબાનની પણ જરૂર છે! તે બુધ્ધી, તે ડાહપણ અને તે જુબાન તે કેવાં હશે વારૂં? તે અહુરમજદની પોતાની બુધ્ધી, તેનાં ડાહપણ અને તેની જુબાનનાં જેવાં હોવા જોઇયે! આમ અમે અમારી પોતાની તરફથી કહેતા નથી. મજકુર પવીત્ર અવસ્તાઇ કલામની શાહદતથી અમે એ કહીએ છીએ. હાલની વીદયા, મનતકી કે ફીલસુફીને મલતું તે કદાચ નહી હોય તો ખેર; પણ ખોદાશનાસી, એશકે હકીકી અને પરહેજગારીના તરીકાને મલતું તો તે છેજ. ખોદાશનાસીના ખાં અને ખોદાને પહોંચેલા અશો મરદો, જેઓ ધણાંમાં કાંકરા જેટલાજ હોય છે, અને જેઓ માથ્રવાણીના અંતર ભેદ ભરમો જાણી ગયા છે અથવા જાણે છે, તેઓ એવીજ ખોદાઇ બુધ્ધીના હોય છે. બીજી રીતે કહેતા, તેઓ એવી ખોદાઇ બુધ્ધીના હોય છે, તેથીજ એવી ફરેસ્તાઇ હાલતે પહોંચતા આવયા છે. તેમની બુધ્ધી વીલક્ષણ છે એટલુંજ નહી પણ તે ખોદાઇ છે; અને તેટલા માટે પુજવા જોગ પણ છે. ઉપલા અવસ્તા ખુલી રીતે તેને "આરાધે છે." અને જે ચીજ ધર્મની રૂએ આરાધણા કરવા જોગ, તેની સીફારસ માટે શું કંઇ વધુ કહેવાની જરૂર છે?

સદરહુ અવસ્તામાં માથ્રવાણી સમજવા, યાદ કરવા અને ભણવા માટે અહુરમજદની બુધ્ધી, દાનાઇ અને જુબાનની સેતાયશ કરવા સાથે ઉષીદરેન નામના પહાડને આરાધવામાં આવ્યો છે, તે માટે અમે એટલુંજ અનુમાન કરી શકીએ છીએ કે, એ પહાડ અવસ્તા વાણીનો ઊંડો અભ્યાસ કરવા તથા તેનું મનન કરી તે વડે ખોદાઇ કરામાતને પહોંચવા માટે એકાંતવાસ અથવા "ગોફેનશીન" થનારા પરહેજગાર પીરમરદોની ઠરાવેલી ખાસ જાયગાહ હશે. એ જાતનાં કામ અસલ જમાનાના આબેદો અથવા સાલેકો, પહાડોપર રહીને કરતા હતા તે તો જાણીતીજ વાત છે. આ ઉષીદરેન પહાડને પેહલવી કેતાબોમાં "હોશદાસ્તાર, યાને (ખોદાઇ) હોશ ભરાવનાર કહેવામાં આવે છે. આપણા અશો પયગમ્બર જરથોસ્ત પોતે પણ એજ પહાડપર ચોકસ મુદત ગોફેનશીન થયા હતા, અને ત્યાં પોતાની પરહેજગારી અને ખોદાઇ એલમ વડે ખોદાતાલાને મલી, હમેશગીનું ગ્નાન મેલવી, તેનાં પરીણામમાં પોતાની મજદીઅસની દીન આ દુન્યામાં જાએજ કરી હતી. સજેસ્તાનનો મુલક, જે ઇરાનની પુર્વ દીશાએ આવેલો છે, તેમાં એ પહાડ આવેલો કહેવાય છે. ખરેખર તે ત્યાંજ છે કે કેમ તે વીષે રકજીક કરવાની હાલ જરૂર નથી. પણ એ નામનો પહાડ અસલ ઇરાન મુલકમાં હતો, અને પેલી "ખોદાઇ બુધ્ધી" પામેલા ઇરાની સાલેકો તે પર ગોફેનશીન થઇ માથ્રવાણીનું મનન કરતા તથા ખોદાને મલતા હતા, એ વાત ચોકસ છે. ત્યારે, આપણે આ બાબત ખતમ કરતાં એકવાર ફરી પઢીશું કે, માથ્રવાણી સમજવા, યાદ કરવા તથા ભણવા માટે અમે અહુરમજદની બુધ્ધી, દાનાઇ અને જુબાનને, અને તે જોડે ઉષીદરેન પહાડને, આરાધીએ છીએ!

સુબોધ માળા.

આશ છોડી માણસથી, ખોદાપર બાંધ,
મેલવશે બહુ, પ્રથમ થોડાંપર બાંધ.—૧
જીંદગી કર પાસ. રહીએ પગપર સવાર,
આધાર ના ચોપગા ઘોડાપર બાંધ.—૨
તરાય તો તર જાતે, યા મુગો ડુબ,
બચવાની આશ ના "ભેંસ પુછડાં" પર બાંધ.—૩
શુક્ર કર, જીવવા કાજ ખાઇને સુકું,
નજર ના તંગદીલના મેંદાપર બાંધ.—૪

મુસ્તાક રેહ સ્વતંત્ર મજુરીપર,
લોભ ના ગોલામ કરનાર ઓખાપર બાંધ.—૫
મગરૂર દીલદારથી ઉઠાવી લે દીલ,
દીનદાર ને દીલસુઝ તે દીલખાહપર બાંધ.—૬
ચાહતો હોય રોશની તો સુરજ વીનવ,
ઉમેદ ના અંદરના ઓલાપર બાંધ.—૭

જુઠાઇ.

જુઠાઈથી અય ભાઈ! રહે હમેશ તું દુર,
કે સચાઈથી જોશે તું યઝદાંની નુર.

નેક વાંચનાર ! જેમ સચાઇ દુન્યામાં વખણાયલી છે તેમ જુઠાઇ તેથી ઊલટીજ રીતે તીરસકાર પામેલી છે. જુઠાઇને કશું વજન યા મરતબો નથી. જુઠું હલકાઇ અને હીનપસ્તીભરયું છે. જુઠાઈ કોઇ પણ જાતનાં ખરાં બળ અને કૌવતથી તદન ખાલી છે. જુઠાઇની હસ્તી નાપાયદાર છે. જેમ એક હાથચાલાકી દેખાડનાર મદારી એક પથરાને ચલકતા રૂપ્યાના આકારમાં દેખાડીને લોકોને છક કરી નાખે છે, (જો કે ખરી રીતે જોતાં તો તે કોડીની કીમત વગરનો એક પથરોજ છે,) તેમ જુઠાઇ એકવાર ફેલ ફ્રેબનાં જોરથી કદાચ સૌથી ખાલેસ સચાઇની બરાબરનો પ્રકાશ દેખાડીને દુન્યાને ઠગવામાં ફ્તેહ પામે, તોપણ અંતે તે પોતાનામાં તદન બેવજન, નાપાયદાર અને હીનપસ્તીભરેલી છે એમાં કાંઇ શક નથી. મશકેરીમાં બોલાયલી જુઠાઇથી પણ કોઈકવાર ભારે નુકસાનકારક પરીણામ નીવડે છે.

પૃથ્વી ઉપરના હરેક મોટા ધર્મોમાંનું કોઇ પણ ધર્મશાસ્ત્ર એવું ન હશે કે જેમાં જુઠાઇ તરફ ધીક્કાર અને તીરસ્કાર દેખાડયો ન હોય. જરથોસતી ધર્મના અવસ્તામાં જણાવે છે કે :—

"ખોરાક અને વસ્ત્રની તંગી ભોગવનારે પણ કદી જુઠું બોલવું નહીં."

વળી સહવારનાં પહોરમાં ઉઠતાંને વાર તથા આખા દીવસમાં વારંવાર કુસ્તી બાંધતી વેલાએ હરેક જરથોસ્તી ખોદાને વચન આપે છે કે :—

"તમામ ગુનાહોથી પતેત કરી હું પશેમાન થાઊ છું. તમામ ખરાબ વીચારો કે જે આ દુન્યામાં હું મારાં મનમાં લાવ્યો હોઊં, ખરાબ સખુનો કે જે હું બોલ્યો હોઊં, ખરાબ કામો કે જે મેં કીધાં હોય, તથા જે મારી ખાસ્યત થઈ હોય,......તે વીચારને લગતા, સખુનને લગતા, કામને લગતા, મારા પોતાનાં તનને લગતા, રવાનને લગતા, આ દુન્યાને લગતા, પેલી દુન્યાને લગતા, એ બધી જાતના ગુનાહોથી, અય અહુરમઝદ! હું પશેમાન થઈને દુર રહું છું, અને ત્રણ સખુનોથી (યાને મનસ્ની, ગવસ્ની અને કુનસ્નીથી) પતેત કરીને પશેમાન થાઊ છું."

વલી યજશ્નેનો ૧૨મો હા કે જે દીનનો કલમો છે, તેમાં એક ખરા જરથોસ્તી તરીકે કબુલાત આપતાં કહેવામાં આવે છે કે :—

"દેવ લોકોને, બદકારોને, ખુબી નહીં કરનારાઓને કે ઈનસાફી કરનારાઓને તથા બુરાઈ આપનારાઓને (દીન તથા દુન્યાની) સરદારીથી જુદા કહું......કારણ કે તે લોકો ઘણું **જુઠું બોલનારા** છે, અને તેઓ ઘણી ખરાબી તથા બુરાઈ કરનારા છે."

વલી મરહુમ દસ્તુર મુલ્લાં ફીરોઝ જુઠાઇ વીષે પોતાનાં પંદનામામાં જણાવે છે કે :—

ફારસી બેત.

૧—બરે કેઝબ દર્દ અસ્ત, ઓ બારશ ગમ અસ્ત,
બુઅદ ફારેગ આંનકસ કે કેઝબશ કમ અસ્ત.
૨—કુનદ દુરત અઝ હક દરૂગ અય અઝીઝ,
શવી હમદમે દીવ તા રસ્તખીઝ.
૩—નઆયદ સમર જુઝ ખતર અઝ દરૂગ,
ચેરાગે દેલ અઝ રાસ્તી દેહ ફરૂગ.
૪—દરૂગ અરચે શીરીં બુઅદ ચું નબાત,
વ લીકન દમી બાશદ ઊરા સબાત.

અર્થ.

૧—જુઠાઈનું ફલ દરદ છે, અને તેનું ઝાડ ગમ છે. માટે જે ધણી જુઠાઈથી દુર છે તે ગમ અને દરદથી દુર છે,

૨—અય પ્યારા ! જુઠાઈ તને હકતાલાથી દુર કરશે, અને રસ્તાખેઝના દીવસ સુધી તને દેવોની સંફમાં બેસાડશે.

૩—જુઠાઈનાં ઝાડને નુકસાનનાં ફલ સીવાય બીજુ કાંઈ પણ ફલ લાગશે નહી, માટે તારા દીલના ચેરાગને રાસ્તીથી રોશન કર.

૪—જુઠું અગરચે શાકર જેવું મીઠું લાગશે, તોપણ તે માત્ર એકજ પલ ટકી રહેશે.

જુઠાઇ અંતે જાહેરમાં પડયા વીના રહેતી નથી. અને તેનાં પરીણામ તરીકે તે નામોશી, પસ્તાવા તથા નીરાશીને સાથે પોતાના ભાઇબંધો તરીકે લેતી આવે છે, એક માણસ એક વાર જુઠો સાબેત થયા પછી તે કોઇ વાર સાચું બોલે છે તો તે પણ કદી માનવામાં આવતું નથી, ગમે એવાં દુઃખ તથા આફ્તની વેલાએ પણ સચાઇને, અને માત્ર સચાઇનેજ વલગી રહયાથી આખરે ફ્તેહ મલે છે, સચાઈ હંમેશાં

રોશણ આફતાબની મીસાલે પોતાના તાપથી જુદાઇનાં કાલાં ભયંકાર વાદલાંઓને વીખેરી નાખીને પ્રકાશી નીકલે છે, સચાઇની હસ્તી રોશન ખોરશેદની મીસાલે પાયદાર છે, એથી ઉલટુંજ જુદાઇની હસ્તી ભરેલાં યા ખાલી વાદલાંની મીસાલે નાપાયદાર છે, કે જે વાદલાં જરા વારમાં વીખરાઇ જાય છે.

સચાઈ વીનાનું મન,
છે હાથ વીનાનું તન;
જુઠની જરા રજકણ,
કરે ફત્તેહનો ભંગ.
રેહ જુઠાઈથી દુર,
ચાહે ખોદાઈ જો નુર;
સચાઈ ફત્તેહથી પુર,
આપશે યઝદાંની નુર.

મદદ, અય યઝદાં !

નજર કરી દુ:ખી આ હાલત ઉપર,
થા મહેરબાંન, રહેમી તું માનોઈ પેદર !
ગુનાહના બંદમાં અમ, થઇ ગીરફતાર,
દુર થયાછ તુંજથી, ઓ રહેમી કીરતાર !
દુ:ખી અમ બંદાનું, નીરાધાર નાવ,
બદીના દર્યાવમાં, થયુંછ ગરકાવ.
લંબાવી હાથ, ઓ તું રહેમી કીરતાર !
મદદનો કર એક, તું અમપર ઉપકાર !

બદીના દેવોથી સંભાલી લે !
નેકીની રાહ ઉપર ચલાવી લે !
નુરથી કર રોશન, આ દુ:ખી જીગર !
નેકીની રાહ ઉપર, થા તું રેહેબર !
નીરાધાર જીંદગીની કીસ્તી ઉપર,
તું સાવાય નથી કોઇ, બીજો રેહેબર.
આપ ત્યારે રહેમી તુંજ મુબારક હાથ !
નથી જોઇતો **વોહુ-મન**ને, બીજો કોઈ સાથ.

સુબોધ માળા.

ખોદાની મ્હેર છે, સઘલી તરફ,
કુદરતની લ્હેર છે, સઘલી તરફ.—૧
ન કોઈ જગ ખાલી–ન વગ બાકી,
માફી ને ખેર છે, સઘલી તરફ.—૨
શું દરયા કે પહાડ, શું જંગલ રાન,
પ્રાણીનાં ઘેર છે, સઘલી તરફ.—૩
સંકટનાં પ્યાલાં ઝેરી મધે,
સુખ અમૃત સેર છે, સઘલી તરફ.—૪
અગ્ની, સોસનાં ને તૃષ્ણાં સામે,
બચાવની ન્હેર છે, સઘલી તરફ.—૫
સરગરદાની ને સંકટ પાછલ,
આશ્રાની ઢેર છે, સઘલી તરફ.—૬
નીરાશીના તે, બંધ ગુફામાં,
આશનું ઉજેર છે, સઘલી તરફ.—૭
જુદાઇનાં જાલમ વેરાન પુઠે,
મેલાપનાં શેહર છે, સઘલી તરફ.—૮
અભાગની સીહા રાતને છેડે,
સુરજની ફેર છે, સઘલી તરફ.—૯

આશ્રો તુંજ છોડી, રબ ! કોણુ પાસે જાઉં ?
ઉમેદ મુજ દીલની, રબ ! કોણુ પાસે ચાહું ?—૧
તુચ્છકારી કહાડ, જોઇયે ઠોકરે માર,
દરગેહ તુંજ આવું, તારો છેડલો હું સાહું.—૨
દુન્યાનો શાહ થાવા કરતાં, બેહતર
તુંજ ઘરના ગોલામનો ગોલામ હું થાઉં.—૩
ખાવા કરતાં માનવી હાથનું રજક,
બેહતર સગ પેરે તુંજ ટુકડો હું ખાઉં.—૪
જીવતર મુજ થાવાનું ત્યારેજ સફલ,
તુંજ પ્યારનાં આબેહયાતમાં હું નાહું.—૫
નથી કંઇ ભેટ એબાદતની મુજ પાસ,
ભેટ દાખલ ફક્ત પશેમાની લાઉં.—૬
ચાહું છું કે કર રહેમ નજરની ભેટ,
જેહાનની ન્યામત તુંજ રહેમતમાં પાઉં.—૭
સુરજને પા તુંજ મોહબતનો શરાબ,
મસ્તીમાં તુંજ દરગેહ નાચું ને ગાઉં !—૮

ગરોથ્માન બેહેસ્ત—અહુરમજદનું જે મકાન તેજ અશો લોકનું મકાન.

અવસ્તા—ગરોન્માનેમ અહુરહે હવાયઓનેમ ગરોન્માનેમ નેરૈયો અસ્તી અષાવઓયો નએચીશ દ્રવતાંમ અયેને પઇતીશ ગરોન્માનેમ રવોહુ અષાયઓનેમ ચીથરેમ અહુરેમ મજદાંમ. (અરદીબેહેસ્ત યશ્ત.)

અર્થ—ગરોથ્માન એ અહુરમજદનું જાતી રહેઠાણ **છે**, જે અશો લોકો માટે પણ છે. અશોઓ માટેનાં ગરોથ્માનમાં, અને ઝલકાટભરેલા બુલંદ અહુરમજદ**ને**, કોઈબી ગુનેહગાર માણસ પહોંચી શકતો નથી.

જરથોશ્તીઓમાં "ગરોથ્માન" અને ગરોથ્માની શબ્દો સાધારણ છે. ગરોથ્માન તેઓ બેહેસ્તને કહે **છે**, અને તે બેહેસ્તને તેઓ બીજાં સઘલાં બેહેસ્તોથી ચઢતું માને છે. તેઓ એમ પણ સમજે છે કે, જે માણસ પરહેજગાર અને નીતીમાન હોય તે ગરોથ્માન બેહેસ્ત પામે છે; અને તેથી તેઓ પોતાનાં ગુજરેલાં વહાલાંઓને "ગરોથ્માની" કહેવા તથા લખવામાં પોતાની લાયકી વીચારે છે. ચઢતી સમજશકતીના પારસીઓ આગલ વધી એમ પણ માને છે કે, ગરોથ્માન એ પાક દાદાર અહુરમજદનું મકાન છે, અથવા દાદાર અહુરમજદ ગરોથ્માનમાં રહે છે. તેમનુ આ માનવું, વગર આધારનું નથી. બારીકીના સેજ ફેર સીવાય તે તદન ખરૂં છે. પણ આજના તકરારી જમાનાના-તકરારી પારસીઓને તે હસવા જેવું, બલકે ઘેલું ગાંડું લાગે છે. સ્વભાવીક રીતે તેમને વીચાર ઉત્પંન થાય છે, અને તેઓ સવાલ કરે છે કે **ખોદાનું જે મકાન તેમાં માણસો કેમ જઈ અથવા રહી શકે ? શું ખોદા અને માણસ બરાબરીઆં છે ? માણસ, પછી તે અસો હોય તો શું થયું ! આપણે તેમને જવાબ દઈશું કે,એ અવસ્તાનો કોલ છે—જુઓ મથાલે ટાંકેલા અવસ્તા.** પણ તેઓ ઝટ બોલી દેશે **કે, એ** કાંઇ ગાથાના અવસ્તા નથી; એ તો **પાછલા વખતની બનાવત છે, અને તેને માનવાને અમે બંધાયલા નથી !**

પણ, અમે માનીએ છીએ કે, દીનચુસ્ત જરથોશ્**તીઓ** પોતાનાં ધર્મશાસ્ત્રના કલામોનો અનાદર કરવા **સરખી, એવી** કજબેહસી કરનાર નથી. કોઇ પણ **અવસ્તાની સતાને તેઓ નમીને સાચી માનશે, અને જો સમજ નહી પડશે તો તેનો ભીતર ભેદ શો છે તે જાણુવાની ખાહેશ દેખાડશે. સદરહુ અવસ્તાનો ધર્મ સમજવો, ઝાઝો મુશકેલ નથી.** અમારા આગલા ધર્મ બોધો જેઓએ ધ્યાનથી વાંચી હૈયામાં ઉતાર્યા હશે, તેઓ એની મતલબ સેહલથી સમજી **જશે. અમો** ખુદ અવસ્તાની શાહદતોથી દેખાડી ગયા છીએ કે, માણસજાત ખોદાનાં નુરમાંથી પેદા **થયું છે, અને શેવટે તે તેજ નુર સાથ** પાછું જઇ મલવાનું છે. અશોઇ વડે અહુરમજદનો મેલાપ થાય **છે, અને અશોઇ** એ અહુરમજદનો મોટામાં મોટો **ગુણ છે.** અશોઇ વડે માણસ જીવતાંજીવત અહુરમજદને મલી શકે છે; તો તેજ અશોઇ વડે તે તેને **હમેશગી સુધી** મલેલું રહેવાને પણ લાયક છે. એજ ભાવાર્થ સદરહુ અવસ્તાનો પણ છે. વીશેષ તેમાં એટલુંજ જોવાનું **છે** કે, અહુરમજદ પોતે **કયાં છે**, અથવા તેની **જે જગા** મુકરર થયલી છે તેનું **નામ શું**, અને અશો માણસનો તેના સાથ **કયાં** મેલાપ થાય છે, તેની વીગત એમાં આપવામાં આવી છે. તે સાથે આ પણ ઉમેરેલું છે કે, એ પવીત્ર જગાએ, અને અહુરમજદને પોતાને, કોઇ પણ પાપી માણસ પહોંચી શકતું નથી. અને તેમાં કશો શક સુબેહ નથી.

ગરોન્માનેમ અથવા ગરોથ્માન વીષે અવસ્તામ એકથી વધુ જગાએ ઇશારા આવેલા છે, તથા પેહલવી ફારસી કેતાબોમાં તો તેનાં લગાર લંબાણ વર્ણન પણ આપેલાં છે. વંદીદાદની ૧૯ મી પર્ગર્દમાં એને અહુરમજદનાં તથા અશોઓનાં મકાન ઉપરાંત અમશાસ્પંદોનું મકાન પણ જણાવ્યું છે. એ પર્ગર્દમાં એક ઠેકાણે તેની આરાધના કરી છે કે, "અહુરમજદનાં મકાન, અમશારપંદોનાં મકાન, અને અશો લોકનાં મકાન ગરોથ્માનને અમે આરાધીએ છીએ." અને બીજી જગાએ, અશોનું રવાન આ ગેતી દુન્યાથી ગુજર પામ્યા પછી મીનોઇમાં પોતાની કરણીનો બદલો કેવી રીતે પામે છે તેનું વર્ણન કરતાં, એવું જણાવવામાં આવ્યું છે કે, "અશોનું રવાન હરખથી ઉલટમાં આવી અહુરમજદનાં સોનેરી તખ્ત તરફ, અમશાસ્પંદોનાં તખ્ત તરફ, અહુરમજદનાં મકાન, અમશાસ્પંદોનાં મકાન, ગરોથ્માન તરફ આગલ વધે છે." વીશ્તાસ્પ યસ્તમાં પણ એ મતલબનું વરણન આવ્યા ઉપરાંત, એ જગાની સીફતમાં આ

જાતના શબ્દો મલે છે:—"તે અશો રવાને ચોથું પગલું ભરયું, અને **અપરંપાર રોશનીની જગા**માં તે દાખલ થયું." અશો મર્દ અરદાવીરાફે ભલી દીનનો મોજેજો બતાવવા માટે કીધેલી મીનોઈની મુસાફરીનું વર્ણન આપતાં, એ બેહસ્તને સઉથી ચઢતું લેખી, તેને માટે એવું જણાવ્યું છે કે, "પછી સરોશ યજદ મને તે જગા ઉપરથી ગોરોથમાન બેહેશ્ત તરફ લઈ ગયા. તેની રોશની જોઇ હું બહુ અજબ થયો, અને વીચાર કરવા લાગો કે, એ રોશની શું યાકુતની મીસાલની છે યા ચલકાટભરેલા નુરમંદ આફતાબની મીસાલની છે! એ પ્રમાણેની અજાયબ રોશની જોવાની મારાથી બરદાશ્ત થઇ શકી નહી. તેથી મેં સરોશ ઇજદને પુછયું કે, આ નુરભરેલાં ગરોથમાનમાં કયા મરતબાવાલાં લોક જગા પામી રામશની કરે છે? સરોશ ઈજદે જવાબ દીધો કે, એ રોશની ગોહરની મીસાલની છે, અને તે પાક પેદા કરનાર સાહેબની અરશ રોશનીમાંથી નીકલેલી છે." અને પછી, એ બહેસ્તમાં, કેઇ કેઈ પ્રકારની નેકી, પરહેજગારી અને અશોઇ કરનારા રવાનો હંમેશગીનો કરાર પામેલાં છે, તેનું રસીલું વરણુન આપ્યું છે.

માણસનું રવાન પોતાની નેકી અને પરહેજગારીનો જે બદલો બેહસ્તરૂપે પામે છે, તે એકસરખો હોતો નથી, અને એકસરખો હોઈ પણ શકે નહી. તેનાં વધતાં ઓછાં પ્રમાણમાં તે વધારે યા ઓછો હોય છે, અને તે પ્રમાણે તેના તબકકા ઠરાવેલા છે. ગરોથમાન એ તેનો સઉથી ચહડતો તબકકો છે, જ્યાં તે પોતાના પેદા કરનારનાં નુર સાથે સંપુર્ણ રીતે મલી જાય છે. દુન્યાદારીની રીતે કહીએ તો માણસ માટે એ સઉથી મોટું અને સઉથી શેવટનું શુખ છે. એમાંજ તેના જન્મનું સારથક છે; અને જે માણસ એ હાલત પામ્યું નહી, તેને પોતાની જીંદગીની ફરજમાં હજુ પાછલ પડેલું સમજવું કેમકે તેને માટે ગરોથમાન પહોંચવાનું કામ હજી બાકી રહેલું છે. અમારા જરથોસ્તી જાતભાઇઓ, માણસની કરણીથી નહી પણ તેના તરફનાં પોતાનાં વહાલથી દોરવાઇને, પોતાનાં દરેક લગતાંવલગતાંને "ગરોથમાની" માની લે છે. પણ તે ભુલભરેલું છે. ગરોથમાન પામવા અથવા ગરોથમાની થવા માટે "સંપુરણ અશોઇ"ની જરૂર છે, અને જે તે મેલવે તેજ આ મોટા પદને અથવા મોટાં સુખને પામે છે. આગલા આપણા ધર્મી નયાગાનો અશોઇની કીમત બરાબર કરતા હતા, અને અશોઈનાં કામો કરી પોતે અશો બની, મોટે ભાગે ગરોથમાની થતા હતા. આજે અશોઈને બરાબર કોણ પીછાણે છે? તેની કીમત કેટલા કરે છે? અને તેથી પણ બહુ થોડા કેટલા માણસો અશોઇ પાલી અશો થાય છે? આના જવાબમાં નીરાશી સીવાય બીજું કાંઇ આપણે જોઇશું નહી.

'નોશીરવાન અદલ'ની નશીએતો.

નોશીરવાન અદલનું એક તાજ હતું તે તાજને **૨૨ કંગરા** હતા, તે હરએક કંગરાની ઉપર કેટલીએક **નશીએત** લખેલી હતી તેમાં પેહલા કંગરાપર એ મીશાલે લખેલું હતું કે નેક મરદોને દોસ્ત રાખ અને નેક મરદોને તારા ખજાના માહેથી ખુશહાલ કર અને જે કાંઇ કામ કરવું હોય તે એવા મરદને શોંપ કે તે કામમાં ઘણોજ કાબેલ હોય. તારી જાતને બલામાં ના નાખ, હરએક કામને વખત ઉપર તપાશવું કર.—બીજા કંગરા ઉપર લખેલું હતું કે જે કાઇ કામ કરે તે કામની આગલ પછવાડે નીગાહ રાખ. હરએક કામ ઉપર દાનાવ શાથે મસલેહત કર, અને જે કંઇ કામ તેં અજમાવેલું છે તેને ફરીથી ના અજમાવ, અને જે કોઇ નાદાન છે તેની ઉપર ભરોશો ના કર. દોલત તથા માલને તારા તન તથા જીવ પરથી ફેદા કરવી જાણ, અને સખાવતની વાત ઉપર નેકનામ કર.—ત્રીજા કંગરા ઉપર લખે છે કે કોઇને આજાર નહી દેવો, નેક કામ કરવાનો પેશો કર, પોતીકાને રાસ્તીની રાહા ઉપર મશ્હુર કર, તવંગરી ખુશીમાં જાણ યાને જે સખ્શ કે ખુશી છે તેને તું તવંગરજ જાણ. જીંદગાની બેદનનીજ જાણ યાને એ જેહાન માહે બે દહાડા રેહેવું કરી જાણ. પોતીકા મરતબાને પીછાનતો ચાલ. ઊમરને નાદાની માહે ના કાઢ. ચોથા કંગરા પર લખેછે કે જે કોઇ બલામાં પડેલો હોય તેથી નશીએત પકડ, કોઇની લડાઇને પોતા પાશે ના લે.—પાંચમાંમાં લખેછે કે બદલામીની જગો ઉપર ના જાવો, ચોર ઠકી બખશેશ

ને કબુલ ના કરો, પાદશાહની પડોશમાં ઘેર ના લેવો, ઘેરના દરવાજા ઊપર દુકાન ના કરો, ભુડા પરોશીથી દુર નાહાશો, બેઅદબ બંદાની તથા બેકદર શેઠની ખેદમત ના કરો.—૬ઠામાં લખેછે કે નેક ટોલાના આદમીઓ શાથે મસલતમાં રેહવો, આંધલાં લોકોની શાથે દોસ્તી ના રાખો, બેબુનીઆદ મરદની બેટીને ના ચાહો, જે ઓરતની જબા લાંબી હોય તેથી પહરેજ રેહો. જે નવીશનદો ભુંડો અને કીનાખોર હોય તેને લખાણ પર ના રાખ કે કોઇ વખત દફતરમાં ગલત લખીને જેહાંનને ઉંધી મારશે, જે જગો પર પાણીનું આવુંજાવું હોય તે જગો પર આરામની જગો ના કર. ૭ મામાં લખેછે કે અગર તારો ચાકર ગમે તો પોતીકાં કઉવટથી નાતવાંન પડી ગયો હોય તોબી તેની ઊપર નીગાહ રાખ કે તે કોઈ દાહાડે તુંને કામ આવશે, જે કોઇ તુંને નેઆમત આપે તથા તારી ઉપર મેહેરબાની રાખે તે ઉપર તું મગરૂર ના રેહ. કોઇ ઓરતને અને તેના ખાવંદને માંહોમાહે કજીઓ થયો હોય તેની વચમાં ના જતો, કેમકે તયાં તુંને સરમીનદગી પોંહચશે. પાદશાહ તારી ઉપર જેબી રખાવત કરે તેને તું ઘણી કરીને જાણ. જે કોઈકે ફજીલીઅત તથા કાબેલીઅત તથા અદબદાર મરદ હોય તેને તું હલકો કરીને ના જાણ, તેને ઘણીએક બુજરગી આપ કે તુંને ફાએદો છે. જે કોઇ કીનાખોર મરદ હોય તેનેથી હુશીઆર રેહેજે. હરએક મરતબાનો ઘણી હોય તેનો મરતબો પીછાનતો રેહે. જે કોઈ નવીશનદો હોય તેની શાથે દુશમની તથા અદાવત ના રાખ કે એક હરફે કરી તારી ઉપર સખતીની વાત લાવશે, અને જે કોઈ બુજરગવાર હોય તેને નમતો ચાલ અને તેનો શાહેઓ તારા શર પર રાખતો રેહે કે કોઈ દાહાડે તુને કામનોંજ છે. ૮માંમાં લખેછે કે એ મરદ, તું અગર દાનાવ હોય તો મેહેમાનને અજીજ કરી જાણ, ખલકના લોક ઠકી હરગેજ લોભ ના રાખ, અગરજો લોભ રાખે તો ખોદા થકી રાખ. જે કોઇકે રંજાલો મરદ હોય તેની તરફથી રંજ અને સખતી ના ખેંચ, તેમાં નફોજ નથી અને જે કોઇકે નશીએતને કબુલ કરે તેને એ મરદ! નશીએત કર.

નોશીરવાન આદીલનાં તાજને વીશ કંગરા હતા: તેની ઊપર જે નશીએતો લખેલી હતી તે દરરોજ નોશીરવાન બામદાદે ખાબમાંથી ઉઠતો હતો તે વખતે વાંચીને તખત ઉપર બેશતો અને પેલાં તાજને પોતીકાં શર પર મુકતો હતો. એનાં નવમાં કંગરામાં હેવી નશીએત લખેલી હતી કે એ આદમ ! તાહારા ઘરમાં કોઇ બેગાની બુઢીયા ઓરતને ના: રાખતો કેમકે ઓરતોની જુબાન એક રવેશની નથી, બેગાના મરદ ઉપર દોલતનો ભરોશો ના રાખ.—૧૦માં કંગરામાં લખેચ કે દીનની વાત ઉપર ચુસ્ત રેહે અને હમેશાં તાહારાં તનને પાક અને પહરેજગાર રાખ; કોઇબી ચીજ ઉપર મગરૂર ના રેહે, અને કોઇના ઘરમાં જઇને શાહેબી ના કર અને કોઇને તાહારાં ઘરમાં શાહેબી કરવા ના દેએ, અગરજો કોઇ આવીને તાહારાં ઘેરમાં શાહેબી કરશે તો તાહારા મોહોલામાંથી પોકાર અને શોર ઉઠશે; જે કોઇ બુરા સવાર હોય તેને લડાઇ કરવી ના ફરમાવતો કે વખતે બદનાતી કરીને દુશમનને તાહારા ઉપર ગાલેબ કરશે. અય ! ભાઇ ! જે કંઇકે તુને જમાનો પોતીકો બેલ કરી શીખવેચ તેનું એક ઊશતાદથીબી નહી શીખવાય. હર વખતે તાહારી જબાન તાહારા કબજામાં રાખ કે કોઈ વખત ભુડું નહી બોલાએ અને જાહાં તલગ જીવે તાહા તલગ રાસ્તી બોલે, રાસ્તીજ વમાશીને હરએક શુખન બોલે તે તપાશીને બોલ કે બોલીઆ પછી જીવશે પસતાવો નહી ખાએ.—૧૧માં કંગરામાં લખેચ કે બદ શુખનનું બોલવું ના કર,જે કંઇ શુખન બોલે તે નેકજ બોલ,શા વાશતે કે નેક શુખનનો બોલનારો મરદ હરેક આદમીઓમાં વખણાયલો રેહેચ અને જે કોઈ વાત કરે અને તે વાતમાં કંઇ જીવ જેવું ન હોય તેની વાત કમ શાંભલ; શા વાસ્તે કે એબી તાહારા કાન ઉપર રખતી છે અને તાહારાં મગજને તે હવેરૂ કરેચ, અને જે વાત ભુંડી હોય તેને કાંઇ જવાબ ના આપ; હરેક વાત જે વમાશે તે પોતીકા કામ ધંધા શીવાએ કઇ બીજી ના વમાશ કે જે વમાશવું વેહેમ છે, અને બનવાનું તો કીશમતનુંજ છે. હરેક ચીજ થકી કોઈની નજદીક નેક ઇઆ બુરૂ કેહવામાં આવે તેવારે અવલ તેનો જવાબ વમાશીને પછી બોલ, શા વાશતે કે અગર હરેક વાત હરીફની શાંમે બોલે પછી તે જવાબ દે ત્યારે તું બંધાઇ નહી

જાએ.—૧૨માં કંગરા પર લખેલું હતું કે હરેક લો
કોની વાત ઉપર તું નચીંત ના રેહેતો શા વાશતે કે
જેહાન ઘણી મકર ભરેલી છે. તાહારા માબાપને આ
બરૂ તથા હોરમત શાથે રાખ,એ બેઉને (માબાપને)
જમાનામાં હરગેજ ગમગીન ના રાખ, અને એ !
ભાઈ પોતીકા ખેશાવનદીના લોક ઉપર મેહેરબાની
રાખ તથા જે કાંઇ તું કોલ કરે તેને નેગાહ રાખ,
શા વાસ્તે કે કોલ તોરવાનો ઘણોજ ભારી ગુનાહ છે.
જે કોઈ હોરમત શાથે બોલાવે નહી તેનાં ઘરમાના
ખજાનાને જીઆદે ના કર,શા વાશતે કે મોહોતના દા
હાડા ઉપર તેનો અફશોશ છે; જે કોઇને નજર થ
કી જોએ અને જાણે કે આએ મરદ ઘણો નેક છે તે
ની પાશે જઇને બેશ કે તેથી તું ખુશી પામશે, બદ
આદમી હોય તેનેથી તું દુરજ રેહે, નહી તો તાહારૂ
નામબી બદનામ થાશે;તુને જો તમામ નેકનામીમા જ
જીવવું હોય તો તું બદ લોકોની એબ ના બોલ પણ તું
પોતીકીજ એબને તપાશ.—૧૩મા કંગરા પર લખ
યુ હતું કે તું કોઇબી બલામાં મશગુલ ના થતો, અને
ગુજરેલા લોકોને નેક શીવાએ બીજુ કાંઇ ના
બોલતો,શા વાશતે કે જેમ તે લોકોએ આ જીહાનમાં
દાહાડા કાહાડેઆ તેમ તુનેબી કાહાડવા છે, વાશતે
તાહારી પછવાડેબી બદ નહી બોલાએ. હમેશ એલમ
અને અદબ શીખતો રેહે કેમકે ખુશી ખુશાલી સરવે
એ બે ચીજથીજ જાણ,અને જે કોઇ તારેથી ઘણોજ
દાનાવ છે તેને હક જાન અને તેને બુજરગી આપતો
રેહે, શા વાશતે કે આ દુનીઆ જે દાદાર હોરમજદે
સમારી તે તમામ દાનાઇથીજ સમારેલી છે, વાસતે
દાનાઇને દોલતથીબી ઘણીજ મોહોટી જાણ અને એ
દાનાઈ સરવે એલમ થકી જાણ અને આલમા લોકો
અગરચે ઘણાબી દુર હોય તોબી તેને બોલાવ અને
એલમ હાંશલ કર.જે આગલ જમાનો ગુજરી ગીયો
તે જમાનાને ખશુશ યાદ રાખ અને હમેશાં નેક શો
ખનને શાંભલતો રેહે, જયાં નેક શુખન નહી હોય
ત્યાંથી નાહાશતો રેહે.—૧૪માં કંગરામાં લખયું હ
તું કે **એ** જેહાનને ખરીદ ના કર, અને **તે** જેહાનને
વેચી ના નાખ. જે કોઇ ગરીબ હોય તેના માલ ઊપ
ર બદનીસ્તા ના રાખ કે **તે** જેહાનમાં એ મોટો
દર છે. એ બેટા ! **તે** જેહાંન તુને જવું છે તે વાશતે
આગમચથી તું વમાશીને એવા ખોરાકનો (નેકી) તો
શો કર કે રસ્તામાં ભુખો નહી રેહે, જે કાંઈ નેકીનુ
કામ કાલે કરવાનો હોય તે આજે કર, કાંએ જે કાલે
અગર તાહારો દાહાડો આવી પોહોચે ત્યારે પસ
તાવો નહી ખાએ. જુદા શુખંદ ખાવાથી પહરેજ ક
ર, શા વાશતે કે તે ગુનાહભરેલું છે.

ફારસી બેત—આકે નામશ નેહાદેહ અંનદ દોલત
દોજોરે દાદસ્ત બાકી દીગરાલતા

માએની—જેનું નામ કે દોલત રાખયુંચ તેનીજ
બાતમી એ છે કે બે જોર આપેલા છે યાને બે દહા
ડાની મોજ આપેલી છે, બાકી તો **લાત** છે યાને મો
હોતના વખત ઉપર એ દોલતને આદમીઓ લાત
મારી જાએચ.—૧૫માં કંગરાપર લખેચ કે બુઢા
પાના વખત પર ખુબસુરત ઓરતની ઉપર નીગાહ
ના રાખ અને તેની ઉપર મેહેરબાનીબી ના રાખ,
અને જે કાંઇ કામ કરે તે તદબીર સાથે કર. અગર
તું ચાહે કે દુશ્મનને બંધ કરૂ; પણ તાહારામાં અછી
તદબીર નહી હોય તો દુશ્મન બંધ નહી થઇ શકે.
જે કાંઇ કામ તું કોઇને સોંપે તે એવાને સોંપ કે તે
કામમાં તે ઘણોજ દાના અને હોશીઆર હોય અને
જે કામને તે લાએક હોય. એ બેટા ! તુને બખીલી
ની વાતથી નાહાસવું જોઇએ—દાના લોકોએ બખી
લોના ખુન રેડેલાં છે, વાસતે જેહાંનમાં જાહાં તલગ
જીવે તાંહાં તલગ સખાવતનો પેશો કર અને બુજરગ
વાર લોકોની દોસ્તી શીવાય બીજા લોકોની દોસ્તી
ના કર, અને જે કાંઇ હાજત તું ચાહે તેબી બુનીઆ
દદાર લોકો પાસે ચાહા.—૧૬માં કંગરાપર લખેચ
કે જે કોઇની સાથે તું દોસ્તી રાખે તેની એબ તાહા
રી નજરમાં આવે તો તેને તું શેતાબ તેથી વાકેફ
કર. એ ! ભાઇ જે કોઈ નાલાએક હોય તેનેથી વફા
દારીની ઉમેદ ના રાખ—પોતાના દોસ્તથી એકુ
ગોનાહ થયો હોય તેટલા વાસતે તેની દોસ્તી ઉઠાવી
ના નાખ. જે શખસની પાશે દોલત હોય ને તેનું દીલ
સખી હોય તો ગેબી ગમીના વખત પર તે તાહારો ગ
મગોશાર છે. જે કોઇ દુશમન હોય તેને તું ગરીબ
તથા નાકવત ના સમજ કેમકે જયાં તલક તારો
વખત આવી પોંહોચે ત્યાં તલક તારી દુબાલને
તે છોરતો નથી. જે દોસ્ત નાદાન હોય તેને દુશમન

કરી જાણુ ! શા વાસ્તે કે નાદાનીએકરી કોઈ દાહાડે તારા ઉપર હાદેશ પોહોંચાડશે. દોસ્તીમાં હરએક બદ શખુન ના બોલ કેમકે જે દાહાડે દુશમની થાએ તે દાહાડે જે બદશુખન બોલેલો છે તેની તે યાદ કરશે.હરએક શુખન જે બોલે તે શુશતીથી ના બોલ, શા વાસ્તે કે જે શુખન કાહેલીના બોલે તે કામ તમામ નહીજ થાએ અને બુરો ખેઆલબી ના કર. કારણકે બુરો ખેઆલ કરવો જીવનો દર છે અને માલ નોબી દર છે;યાને એ મધે જીવબી જાએ અને દોલત બી ખરાબ થાએ.—૧૭માં કંગરામાં એ મીશાલે લખ્યું હતું કે ભુડો દાહાડો હોય તે દાહાડે કાંઇ સારૂં કામ નહી કરવું. દુશ્મનની મુરાદ પરમાણે જીંદગાની ના ગુજાર અને જે કામ બેહુ જેહાનને લાએક છે તે કામ ઉપર કોશેશ કર. અએ ! બેટા જે તે વાતે તે જેહાનને ખરીદ કરવાની કોશેશ કર અને હરગેજ કોઈની ઉપર બેદાદી ના કર. તારાં ફરજંદને જે કાંઈ તાહારો પેશો હોય તે સેતાબ શીખવ કે આખરે તુને ફાએદાજ છે. તમામ દાહાડો દોસ્ત તથા દુશમન લોકોથી તાહારા જીવને નેગાહમાં ના રાખ અને કોઈ આદમીનો ભેદ કોઈ બીજાને ના કેહે શા વાસ્તે કે તે ભેદનો કેહનારો તાહારી ઉપર અજડાની મીશાલે દુશમન થશે, તુંબી તારા ભેદને કોઇની નજદીક હરગેજ ના કહે તું એમ જાણ કે ફલાનો મારા ભેદને રાખનારો છે તેને તું ગોશો કરીને અજમાવી જો. દોસ્તને ફાએદા થકી તથા જીઆન થકી અજમાવી જો. ત્યારે તુને માલમ પડશે કે તે રજાસો છે કે બદખશલતનો છે; હરકોઇની નજદીક જે સુખન બોલે તે તું તારા અનદાજા પરમાણે બોલ. એ ભાઇ ! તું તવંગર હમેશનો નથી, વાસ્તે દરવેશના શુખન બોલ. અગર તું તાહારી ઓરત શોધવા માંગે તો તારી લાએકની હોય તેની સાથે દોસ્તી કર. જે ચીજ તું રાખવા માગે તે તારા અનદાજા પરમાણે રાખ. જીંદેગાનીના નચીંત વખત પર બંદગી કરતો રેહે.—૧૮માં કંગરાપર એ મીશાલે લખેલુ હતું કે જે કોઇની ઉપર તું નચીંત હોય તેની સાથે હુજત કરવામાં ઘણોએક દર ખા; ખુશીના વખત પર શુકરાના કર અને ફકીરાના વખત પર તું એ મીશાલે ઉમેદ રાખ કે એ જમાનો ફરતો છે તે ફરતાં વાર નહી લગાડશે અને શાદીના વખત પર ગમને યાદ કર કે તેને કરીને શાદીની કદર તને માલમ પડે—૧૯માં કંગરામાં લખેચ કે કોઈની નજદીક જાય ત્યાં મગરૂર ના રહે. શા વાસ્તે કે મગરૂર લોકોથી સર્વે નાહસેચ. જે દોસ્ત કે જે નફા વગરનો હોય તે થકી દોસ્તી મુકી દે. હમેશ તારી જબાને કમ બોલાવું કર કારણકે ઘણું બોલવાથી લોકો તારી એબ જોશે.એ બેટા ! તું અજદાહને પકડવા ઉપર દેલેરી ના કર અને જે કોઇ ભુડાં દુશમન લોકો હોય તેને તારે હાથે કરીને હરએક જગો ઉપર રસ્તો ના દેખાડ કે તે ભુડો કોઇ દાહાડે તારા ખાનદાનને ઉખેડી નાખશે.—૨૦માં કંગરાપર લખેચ કે ચુગલપણું તેબીએક વગર મોહતનું મોહત છે; જે કોઈક ચારીઓ અને ચુગલીખોર હોય તેને તું તમામ આદમીઓમાંથી બદતર કરી જાણ અને કોઇના શર ઉપર તારો ભાર ના મુક શા વાસ્તે કે તુથી જે કોઈ ભાર ઉચકેચ તે તારા ઉપર હમેશે બદ દુવા કરેચ. હરેક ભાર ઉઠાવાનો પેશો કર કે તેને કરીને ગમથી છુટી જશે.—૨૧માં યાને છેલા કંગરાપર લખેચ કે અએ બેટા ! તારા બાપદાદાના નામને વધારતો રેહે અને એલમદાર દાના લોકોને પાલતોજ રેહજે તથા ગરીબ લોકોની દાદ લેતોજ રેહે. જે દીનદાર મરદ હોય તેની ચાકરી કરતો રેહે, અને તારી મનશની હમેશે નેકીની રાખ, અને એ ભાઈ ! અગરચે તારી બુનીઆદ બદ હોય તોબી નેક બુનીઆદના લોકોની શોહોબત પકડ, એલમ ઉપર કોશેશ કર કે તેને કરીને તારી બુનીઆદ ધંકાઈ જશે અને નેક બુનીઆદનો કાબેલ મરદ કરી કેહવાશે "પેહેલે અને છેહલે, જાહેરમાં અને બાતેનમાં ખોદાતાલાના શોગરાના."

ખુદાની ખુબી.

છોડી ઊંઘ થા બીદાર, કમતર ઇન્સાન!
લોભ છોડી યજદાંપર, ધર તારૂં ધ્યાન!

જાણેછ તું જીંદગીનો છેડો મરણ,
ખેંચ ત્યારે યજદાંની નુરનું કીરણ;
ખેંચી તે કીરણ થા, ઇન્સાન! અમર,
ઝાંખા તે ચેરાગને રોશન તું કર!—
ચેરાગ જે બળેછ તુંજ જીગર અંદર,
છે જેની આસપાસ અજ્ઞાનતાનું પર.

દુન્યા છે લડાઇનું ખુલ્લું મેદાન,
કરેછ જેમાં હવસો હરદમ તોફાંન;
ઇન્સાંન છે ગોયા એક લડતો સીપાહ,
ફરજ, તેની યજદાંની ઉત્તમ ધજા.
બજાવ ત્યારે હરદમ, અય ઇન્સાંન! ફરજ,
કે ફરજ છે ઇન્સાંનનું ગોયા કરજ.

ધર પહેલાં યજદાંની ખુબીપર ધ્યાંન,
ને દોડાવ તે ઉપર તુંજ અક્કલ, ઇન્સાંન!
એકલો છે માત્ર જે, પેદા કરનાર,
જગતનો કર્ત્તા ને એકલો કીરતાર,
એક જેહાંનનો હાકેમ, સર્વ શક્તીવાન,
ધર ત્યારે, માનવ! તું તે ઉપર ધ્યાંન!

લંબાવ્યુંછ તેણેજ આ અનંત આકાશ,
બોહલી તેની સઘળે છે ઉત્તમ પેદાશ;
શું ધરતી, શું ઉરવર, શું આબ–ઓ–હવા,
છે તેની હસ્તીના ઉત્તમ ગવાહ;
શું આફતાબ, શું માહતાબ, શું રાત અને દીન,
શું પહાડો, શું પર્વત, શું ખેતર ને ખીણ,
શું બોહલા કુલ દર્યાવનાં વહેતાં આ આબ,
છે મીનોઇ તે પેદરની મહેરના પ્રતાપ,
કામ તેનાં કુદરતી કાયદે આધીન,
નામ તેનું મશહુર કુલ, કેશવર—જમીન.
કહે ચાહેતો, રામ! કહે, ખુદા,—અલ્લા!
કહે જોઇયે, પરવર! યા અહુરમઝદ ખુદા!
ફરક કેમ હોય, જ્યારે સર્વનો એક,
કરમ ને બક્ષેસનો પરવર તે નેક?
બોલ, ત્યારે, માનવ! તું અક્કલ–ગોહર,
ને રોશન કર, ગમગીન આ તુંજનું જીગર!
યજદાંન—સેતાયસમાં, ધર તું કદમ,
યાદ તેની સીવાય ના, મારતો તું દમ.
નમાવ તેની સેવામાં, હંમેશ તું તન,
સેવાનો સાથી છે, આતુર **વોહુ–મન.**

નાવારેસની પરવરેશ.

નામીચો ઇરાંનનો સાઅદી શાયર,
સુફી કુલ ટોલામાં છે જે મશહુર,
નાવારેસ બાલકનાં દુઃખની કદર,—
ની દેખાડેછ ખરી ને અત્યંત જરૂર;
નીચલા આ કીમતી ને દાનાવ સુખન,
જીતે કુલ દુન્યાને સીવાય હેવાંન:
"નાવારેસ બાલકને થા તું મદદ,
ધુલ તેનાં દીલ પરની દુર કર તરત;
હોય અગર તુંજમાં કાંઇ દયાનો ભાગ,
કાઢ તેના પગમાંથી દુઃખની સરાક.
જાણેછ તું દુઃખીની હાલત સખત?—
મુલ વગર ઉભું કેમ રહે એક દરખ્ત?
જોય અગર બાલકને તુંજની હજુર,
નાવારેસ, રડતું, ને દુઃખથી ભરપુર;
ચોબ ના તુંજ બેટાને આપવા તું લાડ,
લંબાવ તે તરફ તું મદદનો હાથ.
નાવારેસ બાલક એક રડતું જો હોય,
દયાની નજરથી કોણ તે પર જોય?
ચશે જો તેથી કાંઇ નીર્દોષ ગુનાહ,
સાંખી જઇ આપશે કોણ તેને પનાહ?

કર ત્યારે, ઈન્સાંન! તું રેહમી નજર,
રડે જો નાવારેસ બાલક અગર;
કે કરે નહી અગર તું તે ઊપર મહેર,
ખેંચેછ તું **યજદાંનો** તું ઉપર કેહેર.
સાફ ત્યારે રહેમતના રૂમાલથી કર,—
ચશમ જે છે દુઃખનાં આંસુથી તર;
નુછ તેનાં મોં પરથી દુઃખની તું ખાક,
લઇ રહેમનો રૂમાલ એક સફેદ ને પાક.
માદર ને પેદરની ખોઇ હોય પનાહ,
રહેમથી તું આપ તેને **તુંજની** પનાહ.
પેદરની પનાહ હતી, મુજ ઉપર જયાર,
હતાં મુજને હંમેશાં સુખને કરાર;
કેદમાં જો કરે હાલ મુજનો કોઇ ઠાર,
નહીં આવે મુજનો કોઈ દોસ્ત મદદગાર.
છે મને લાચારનાં દુઃખની ખબર,—
કે ખોયો મેં નાનપણમાં મુજનો પેદર."
દુઃખીની કદરના ઉપલા સુખન,
જીગર પર કોતરીને રાખેછ **વોહુ–મન.**

ગીનોઇ રાહ ઉપર રેહબરની જરૂર.

બચગીના વખતની આવે છે યાદ,
કે ફરતો'તો એકવાર હું પેદરની સાથ;
જાણીતા તેહવારનો હતો તે દીન,
ગીરદીથી પુર હતી સઘળે જમીન;
છોડી મેં પેદરની ભુલમાં દામન,
ને મઝામાં તરત મેં રોકયું મુજ મન;
પણ રસ્તાની નહીં હતી મુજને ખબર,
કમબખ્ત બાળક હું, છોડયો પેદર;
ઘભરાટથી રડીને કીધો પોકાર,
આ'યો ત્યાં શોધમાં મુજ પેદર તૈયાર;
ચીમટી મુજ કાન બોલ્યો મુજનો પેદર,
"છોડી કાંય દામન તેં! અય બેખબર!
ધરાવે નહીં અગર રાહની ખબર,
લેજે ત્યાં હંમેશાં સાથે રેહબર."
ગીનોઇ રસ્તા ઉપર, અય તું ઇન્સાંન!
છે ગોયા નાતવાન બાલક નાદાન;
તેથી તું યજદાંના રાહની ઉપર,
લેજે હંમેશાં એક, સાથે રેહબર.
દુર રહે તે શખ્સથી હોય, નીચ બેવફા,
દુર રહે તે શખ્સથી ન માને ખુદા;
કારણ અગર બેસે તું, તેઓની સાથ,
ધોઇ બેસસે આબરૂથી પોતાના હાથ.
નેકીની જઇને તું પકડ દામન,
બદીથી દુર રાખ આ તુંજનું પેવંદ.
યજદાંની રાહ ઉપર સઘળા ઇન્સાંન,
છે ગોયા નાતવાન બાલક સમાન;
રાહબર જે મલે છે રાહ દર—મીયાન,
છે ગોયા મજબુત એક દીવાર સમાન;
ચાલવા જેમ શીખેછે એક નાનું બાલક,—
ધીમેથી, લઈને દીવારની મદદ,
તે મુજબ દાખલો લઇ હીંમત પકડ,
ને લેતો રહે હંમેશાં રેહબર—મદદ.
ખલાસ કર બદીથી તુંજનો આ જાન,
ને નેકીની રાહ લે તું, કમતર ઇન્સાંન!
વોહુ-મન સાથ નેકીના દાણા તું નાખ,
ને મેળવ મારેફતનો ઉત્તમ તું પાક.

(બોરતાન.)

સુબોધ માળા.

ફુર્સતના દહાડા ગફલતમાં ગયા,
સુખવારી દાહેકા ફોકટમાં ગયા.—૧
નહી પલાયો ધર્મ, નહી થઈ કંઇ ભલાઇ,
અફસોસ! કંકાસ ને ફુર્કતમાં ગયા.—૨
નહી ભોગવાઇ બર્કત—શી બુરી સરજત!
દીલ હાય મારી કહે: હર્કતમાં ગયા.—૩
નહીથઇ કંઇભકતી—નહી કુદરત અભ્યાસ,
હેફ કે ખટેરાગ ને ખટપટમાં ગયા!—૪
નહી ચાખ્યો રસ વસંત જીંદગીનો,
રંગ તે વસંતના કયામતમાં ગયા.—૫
નહી બુજી કદર શુભ સંજોગોની,
પામશે શું રડી?—મુફતમાં ગયા.—૬
છે દીન પાંચ બાકી—લઇ લે તેનો લાભ,
નહીતો જાણ, તેબી લ્યાનતમાં ગયા.—૭

જીગરના જખમ રૂજાવ, ઓ ખોદા!
ઉમેદની સોખાર બુજાવ, ઓ ખોદા!—૧
વેગલો ના રાખ તુંજ પનાહથી મને,
પાપ સજાથી ના ધ્રુજાવ, ઓ ખોદા!—૨
દુર રાખી વહાલાંની મોહબતથી છેક,
દીલ મુરગને ના મુઝાવ, ઓ ખોદા!—૩
રાખી હાદેસાની ભટ્ટી પાસે,
તન મન શક્તી ના ભુંજાવ, ઓ ખોદા!—૪
બંધ કર ધુજારા ને ધીક્કારની ધુપ,
માયા ને માનથી પુજાવ, ઓ ખોદા!—૫
છોડવી દઈ અપજશનું ભયભીત ઘરણુ,
નોકથી સુરજને તપાવ, ઓ ખોદા!—૬

સુખ માટે શુકરાના અને દુઃખ માટે સબર.

પાઝંદ—પ નેકી સેપાસદાર હોમ અજ અનાઇ આર્સંદ હોમ.—(પતેત પશેમાની.)

અર્થ—નેકી માટે હું શુકરાનાં કરૂં છું, અને દુખ માટે હું રાજી છું.

માણસ જાત પોતાનું સુખ ખોઇદેછે અથવા દુઃખ વધારે છે, તેનું એક મુખ્ય કારણ આ છે કે, સુખના વખતમાં કેમ વર્તવું અને દુઃખના વખતમા કેમ રહેવું તે બરાબર સમજતું નથી. ઘણાંખરાં માણસો, જેઓ સમજશકતીમાં કાચા હોય છે, તેઓ સુખથી છલકાઈ જાય છે, અને દુઃખમાં કચડાઈ મરે છે. આપણામાં કેહવત ચાલે છે કે, "સુખે સોની, દુખે રામ," તે એવાંજ માણસો ઉપરથી જન્મ પામેલી દીસે છે. સુખના ચલકાટથી તેઓ અંજાઇને એટલાં આંધલાં બને છે કે, પોતાના પેદા કરનારને ભુલી જાય છે; અને તે પેદા કરનારને તેઓ ત્યારેજ યાદ કરે છે, કે જયારે દુઃખના ગભરાટથી તેમની આંખ આગલનો ભુલાવાનો પરદો ફાટી જાય છે. જેમ જુવાનીના મદથી ભ્રમાયલું માણસ પોતાનાં માબાપના આશરાની ખુબી ન પીછાનતાં તેમનાથી છુટું પડી જવાને બીહીતું નથી, અને શેવટે હાડમાર થઇ તેમનોજ આશરો શોધતું પાછું આવે છે, તેવુંજ વર્તન આ જાતનાં માણસોનું હોય છે. સુખથી છગી તેઓ ચેડાં બચાંસઇ બને છે, અને દુખના હથોડાથી ઘડાય છે ત્યારે કાંઇપણ ડાહપણ તેમને સુઝ પડે છે. પણ તે ડાહપણનો લાભ તેમને મલે, તેટલાં તો જાલમ જમ તેમની જીંદગીની આખર લાવે છે, અને એ રીતે માણસો સુખ માટે સ્રજેલી પોતાની કીંમત જીંદગી, દુખ ને દલદેસરીમાં પુરી કરે છે. એથી ઉલટાં વર્તનનાં માણસો પણ હોય છે, પણ તે થોડાં. તેઓ "સુખમાં રામ" સંભારે છે, અને દુખમાં તેને ભુલી જાય છે; કારણ તેઓ એવાં નબલાં મનનાં હોય છે કે, દુખના મારાથી તેમની હીંમતજ નહી, પણ સમર્ણશકતી અને નીશ્ચય સર્વે ગોયા ગુમ થઈ જાય છે. એ જાતનાં માણસ, અલબતે, પેહેલી જાતનાં માણસો કરતાં આપણી દયાને લાયક છે;પણ પેહલાંનીજ પેઠે તેઓ પણ પોતાની સુખી જીંદગીને દુખમાં બદલી નાખે છે. બંને જાતનાં ઈન્સાન રસ્તો ભુલેલાં છે; અને તેટલા માટે બંને, જુદી જુદી રીતે પણ એકસરખું દુઃખ પામે છે.

સુખને ટકાવવા અને દુખને હઠાવવાનો ખરો રસ્તો આ છેકે, સુખમાં શુકર ગુજારી અને દુખમાં સબર એખ્તીઆર કરવી. મથાલે ટાંકેલા ટુકા પાઝંદ ફકરાનો ભાવાર્થ એજ છે.કહો કે, પવીત્ર જરથોસ્તી મજહબ પ્રમાણે, આ ફાની જેહાનમાં જીંદગી ગુજારવાનો એ પણ એક તરીકો છે. દીનદાર જરથોસ્તીઓ વારંવાર પતેત ભણી પશેમાની કરે છે, અને તે પશેમાનીમાં કબુલાત આપતા જાય છે કે, "નેકી માટે હું શુકરાના કરૂં, દુખ માટે હું રાજી રહું." પણ શું આ કબુલાત તેઓ પાલે છે ? નહી; બીજાઓની પેઠે તેઓ પણ સુખે સોની શોધતા અને દુખે રામ પોકારતા જણાય છે. ઘણાઓ તો જાણતા પણ નથી કે, પતેતને નામે જે ઉતમ પશેમાની તેઓ કરે છે, તેમાં આ જાતની ધર્મનીતી સમજાવેલી છે. "સુખમાં શુકર ગુજારી અને દુખમાં સબર" નો તરીકો જો કોઈપણ બરાબર પીછાનતા અને તે પાલવાની કોશેશ કરતા હોય તો તે અરબ જાતના અને તેમને મલતા મોહમેદનો છે. એ ઉતમ કાનુનપર તેમના કવીઓ અને ફીલસુફો નાદર લખાણો કરી ગયા છે, અને તે લખાણો ધર્મના ફતવા બરાબર તેમનામાં વજન પામે છે. જે જરથોસ્તીઓ ફારસી અને અરબી શીખે છે તેઓ તેમાંથી શુકર અને સબરના ઉમદા સબકો મેલવે છે; પણ તેમને થોડીજ ખબર છે કે, તેનું મુલ તો તેમના પોતાના ધર્મમાં છે.

પારસી બીરાદરો ! તમે આજે વર્તમાનપત્રો ભરીને ફરયાદ કરોછો કે, અમારા ટોલાની હાલત દુખી અને દલીદ્ર થઇ ગઇ છે. અમે તે કબુલ કરીએ છીએ, અને તે માટે દીલસોજી ધરાવીએ છીએ. પણ અમે પુછીએ છીએ કે, એ દલીદ્રતા અને દુખથી તમારે છુટવું છે? જો તમે હા કહો તો,અમે તેનો સહેલ રસ્તો તમને બતાવીશું. તે રસ્તો તમારી નજદીકજ છે. તે સેહલો અને ટુકો છે. તે એજ કે, અત્યાર સુધી તમે જે ભુલો અને ગુનાહોમાં ગીરફતાર થયા છો તે માટે ખરાં દીલથી પતેત પશેમાની કરો, અને તેજ પતેતમાં આવેલો મજકુર ટુકો ફકરો સમજીને તમારી છાતીમાં કોતરી રાખો. શબોરોજ તે યા

દ કરો, અને તેનાપર અમલ કરતા રહો. તમારામાંના જેઓ, ખોદાની નવાજેશથી, સુખી હોય તેઓએ ઠરાવ કરવો કે, પોતાનાં સુખ યા દોલતને અધર્મી મોજમજાહ અને દુન્યાની થાલી ફીસીઆરીમાં ખપાવી નાખવાં નહી; પણ તે સુખને માટે તેના બખશનાર સાહેબનાં હરદમ શુકરાનાં કરી તેને સારે મારગે, ધર્મી કામમાં, અને વાજબીરીતેજ વાપરવું. જેઓ દુખી હોય તેઓએ નીશ્ચય કરવો કે, પોતાનાં દુખ માટે બડબડીને નાસબર થવું નહી; તે દુખને પોતાના નસીબાથી યાતો પોતાનાં અધર્મીપણાંથી આવી પડેલું સમજી તે માટે પશ્ચાતાપ કરવો; તે દુર કરવા માટે ખરાં દીલથી અને ધર્મની રાહે પોતાના પેદા કરનારને કાકલુદી કરવી; અને તેમ કરતાં સોગંદ લેવા કે, જો ફરી સુખવારી મોહડું જોવા પામીએ તો અધર્મીપણાં અને છકેલપણાંને વસ થઇયે નહી.

શુકર ગુજારીથી માણસ સુખની કદર બુજવા શીખે છે, અને તેટલા માટે તેને જાલવી રાખવાને તે આતુર રહે છે. તેને લાગે છે કે, એ સુખ કાંઈજ નહી પણ તે કીરતાર તરફથી તેને થયલી બખ્શેશ છે; અને તેટલા માટે તેને સુજ પડે છે કે, તેનાં ફરમાનો યા ધર્મને ખરા ભક્તીભાવથી પાલવાં જોઇયે. સબરથી માણુસ દુખનું મુલ પીછાનવા શીખે છે. તે સમજે છે કે, તેનો પેદા કરનાર રહેમનો ખાવંદ છે; તે પોતાના પેદા કીધેલા બંદાને વીનાકારણે કદી દુખી કરતો નથી; અને તે છતાં જો મારે નસીબે તેણે દુખ સરજયું છે તો તેનું કાંઇ પણ ભેદી કારણ હશે, તેમાં કોઈ રીતે મારૂ ભલુંજ થવાનું હશે. અને એ રીતે પોતાનાં દુખમાં તે પોતાનાં ભવીષ્યનું સુખ જોય છે, અને તેમ જોઇ તે દુખને હીંમત અને આશાથી લઇ ચલાવે છે. દુખથી હારી ખાઇ રડવા કુટવા બેસવું એ હીચકારાપણું છે. માણુસાઇ તેમાં મુદલ નથી. જાનવરો વટીક દુખથી હારી જતાં નથી; ઘણાં જાનવરો પોતાનાં દુખો એવી સહનશીલતાથી ખમે છે, કે તેવી સહનશીલતા માણસોમાં જોવામાં આવતી નથી. ત્યારે, અય દુખમાં ફસેલાં ગાભરાં ઇન્સાન! તું તો જાનવરથી પણ બદતર કે?

આપણે સાંભલતા આંવ્યા છીએ કે, આપણા બાપા અને દાદાઓ આપણા કરતાં ઘણા મુફલેસ હતા, અને તોપણ તેઓ સુખી હતા. તેઓ ત્યારે શાથી સુખી થઇ ગયા વારૂં? અમે કહીએ છીએ કે શુકર ગુજારી અને સબુરી એખ્તીઆર કર્યાથી. ઠીક પણ શુકર ગુજારી અને સબુરીનો ગુણ તેઓએ કયાંથી મેલવ્યો? અમે કહીએ છીએ કે, પોતાના ધર્મથી, પોતાનાં ધર્મીપણાંથી. અહીં આપણે સુખનાં મુલ આગલ આવી પહોંચીએ છીએ. ધર્મથી માણુસ જેમ સુખનાં સઘલાં મુલો મેલવે છે તેમ આ મુલ પણ મેલવે છે. ધર્મથી માણુસ જેમ સઘલી નીતી મેલવે છે તેમ આ નીતી પણ મેલવે છે. ધર્મના મોટા કાનુનો આવતા ભવનાં સુખ માટેના હોય છે, પણ આ કાનુન અવસ્ય કરી આ ભવનાં સુખ માટેનો છે, જરથોસ્તીઓ! તમે આજકાલ આ દુન્યાનાં સુખ માટે અધીરા પડી ગયલા છો. તમે તો એવુંજ લઇ પડયા છો કે, ધર્મ અને જીંદગી માણુસનાં આ દુન્યાનાં સુખ, સગવડ અને તનદરૂસ્તી માટે છે. ત્યારે શા માટે તમે તે મેલવવાનો આ ઉપાય પણ હાથ કરતા નથી? શા માટે તમે સુખમાં "શાકેર" (શુકર કરનાર) અને દુખમાં "સાબેર" (સબુરી કરનાર) થતા નથી? આ ખરો અને મુસ્તકીમ ઉપાય મેલી શા માટે બીજા તકલીદી અને તુચ્છ ઉપાયો અજમાવવાનાં ફાંફાં મારતા ફરો છો? હજુબી ચેતો; અને બોલો કે, "નેકી માટે હું શુકરાના કરૂં છું, અને દુખ માટે હું રાજી છું"!

સુબોધ માળા.

થયો માગી માગી હું નાચાર હવે તો,
બાતેલ થઇ એબાદત ને હાંસીં કવેતો.—૧
નીરાશ થઇ હું છોડુંછું માંગવું, ખોદાયા!
બચાવો ગમે તો, ડુબાડો ગમે તો.—૨
ન બચવાને આધાર, છું પડવા અણીપર,
બચીશ બસ હું ત્યારે, બચાવો તમે તો.—૩
ન બાકી રહ્યું કંઈ, ગયું સવ બરબાદ,
બની ચુકો સામો ખરાબો ફરેજો.—૪
છે ઉગવું આથમવું નીયમ કુદરતનો,
શું કામ કરવો અફસોસ, જો સુરજ નમે તો?—૫

પતેત પશેમાની—તેની બુઝોર્ગી, ગંભીરાઇ અને ખુબી.

પતેતનું નામ પારસીઓમાં સાધારણ છે, પણ તેની ખુબી અને રચના વીષે કોઇજ પારસીએ પુરતું મનન કરયું હશે. પતેત દરેક દીનદાર જરથોસ્તી ખરા ભકતીભાવથી દરરોજ કરે છે, પણ તે કરનારામાંના થોડાજ તેને છાજતી ગંભીરાઇથી તેના તરફ રજુ થતા હશે. પતેત એ પાજંદના કલામોછે, પણ ખુદ અવસ્તાઇ કલામોના જેટલું વજન મજદયરનાનોમાં તે પામે છે, અને તે પામે છે પણ વાજબી રીતે. ખરેખર પતેત જરથોસ્તના જમાના પછી લાંબી મુદતે જોડાયલી છે, પણ તે એવી તો દાનેશમંદીથી જોડાયલી છે, કે તેનાથી ચડતી કીસમની પતેત ખુદ જરથોસ્ત પયગમબરના વખતમાં પણ કવચીતજ જોડાત. તે આદરબાદ મારાસ્પંદ નામના જગપ્રસીદ્ધ અને દીનઆગાહ દસ્તુરાન દસ્તુરે બનાવી છે, એવું આપણે જાણતા તથા માનતા આવ્યા છે. તે બેશક છે; કારણ તેના છેલ્લા કરદામાં તે વીષેનો ઇશારો મલે છે. અને તે આ રીતઃ—

પાજંદ—પ આંન દીન દસ્તુર એસતહોમ ઈન અહુરમજદ જરતોશ્ત ચાશત જરતોશ્ત ઓએ ગુશ્તાસ્પ પ પેવંદ આદરબાદ મારાસ્પંદાન મદ પદશ પસાખ્ત કર્દ બોખ્ત અશહી વેહ રવાને હુશામરા આવાએશ્નીતર વેહશ્ની હોમ.

અર્થ—તે દીનનાં ફરમાન ઉપર હું આસ્તવાર છું, જે દાદર અહુરમજદે જરથોશ્તને ચખાડી, અને જરથોશ્તે ગુશ્તાશપને. આદરબાદ મારાસ્પંદ, (કે જે જરથોશ્ત અને ગુશ્તાસ્પની) ઓલાદથી પેદા થયો, તેણે તેને સુધારીને નીર્મલ કીધી.

અને શા માટે તેમ કીધું ? આજના વખતના આપણા સુધારાવાલાઓ જેમ દીનને સુધારી તેને સાફ કરી નાખવા માંગે છે તેમ ? તેઓ જેમ અવસ્તાની જગા તથા બુઝોર્ગી, ગુજરાતી રાગડાઓની કહેવાતી બંદગીઓને આપવા માંગે છે તેમ ? નહી. જરથોસ્તની પછી ઘણા વરસોની મુદતે સીકંદર રૂમીએ ઇરાનપર હુમલો કર્યાથી જેમ જરથોસ્તી ઇરાનીઓની પડતી થઇ હતી, તેમ જરથોસ્તી ધર્મ અને તેનાં સાહીત્યની પણ પડતી થઇ હતી, અને તે પડતી સદીઓની મુદત સુધી ચાલુ રહી હતી. સાસાની તબકાના પહેલા નામવર પાદશાહ અર્દશીર બાબગાને તે પડતીમાંથી ઇરાની જરથોસ્તીઓ તથા તેમની શેહનશાહતનો જીર્ણોદ્ધાર કર્યો હતો, અને તેની નજદીકનાજ અઇયામમાં અરદાએ વીરાફે અને બીજા હાથપર આદરબાદ મારાસ્પંદે ખુદ જરથોસ્તી દીનને તાજી કરી હતી. પણ એમાના પહેલા અશો રૂહ દસ્તુરની વાત, હાલ આપણે અલગ રાખીશું, અને આદરબાદ વીષેજ બોલીશું. આદરબાદ જેમ એક જરથોસ્તી પેશવા હતો, તેમ તે ખોદાને પહોંચેલો એક સાલેક પણ હતો. જરથોસ્તી દીનનાં ભણતરો તથા ક્રીયાઓનો જેમ તે ઉસ્તાદ હતો, તેમ તેનાપર એકીન રાખનાર અને તેનો અંમલ કરનાર પણ હતો. પોતાનાં એ સઘલાં ભંડોલ વડે, રાજાની મદદ અને પ્રજાની ખાહેશ સાથ તેણે આ મહાભારત કામ બજાવ્યું હતું. જરથોસ્તી તરીકા અને રાહોરશમને તે કામ એટલું તો અનુસરતું હતું કે, તેના વખતના તમામ જરથોસ્તીઓમાં તે સર્વમાન્ય થઇ પડયું; એટલુંજ નહી પણ તેની પાછલ ઓલાદ દર ઓલાદ અને સદીઓ પાછલ સદી સુધી તે મનાતું ચાલી, આપણા બપાવા અને બાપના વખત સુધી કાયમ રહયું છે. અમે કહીએ છીએ કે, આપણા બપાવા અને બાપના વખત સુધી તે કાયમ રહયું છે, કારણ તેમના બેટાઓ—આપણી હૈયાત ઓલાદ—તેમાં નવો સુધારો (? ચુથારો) કરવા તૈયાર થઇ છે, અને જે મહાભારત કામ એક શેહનશાહતના ટેકા અને પરહેજગારીના એલમનાં બલ વડેજ ઉભું થઇ શકેલું, તેને સેંકડો વરસની મુદત પછી આજના સુધરેલા ગણાતા પારસીઓ, તેવાં કશાં પણ બલ વગર, માત્ર પીછની કલમના એક ગોદાથી તોડી પાડવા માંગે છે. પણ હાલ તે વાત સાથ આપણને કામ નથી.

આપણે આપણી મુલ બાબત—પતેત—તરફજ પાછા ફરીએ. રૂહશાદ દસ્તુર આદરબાદે જરથોસ્તી ધર્મ તાજો કરતાં, જરૂરનેસર જે કેટલાંક ભણતરો જોડયાં હતાં, તેઓમાંનું એક આ પતેત પશેમાની છે. તે નામવરનું એ ભણતર તેના વખતમાં અને તે પછી એટલું કીમતી અને એટલું જરૂરનું સમજવામાં આવ્યું હતું કે, તેને એક ફરજીઆત બંદગી અથવા ફરજીઆત પશેમાનીની જગા મલી છે. જીવતાંઓની નેયતે તે ભણાય છે, અને ગુજરેલાંઓની

નૈયતે પણ તે ભણાય છે. સાધારણ વખતે તે ભણાય છે, અને મોટી ક્રીયાઓની વેલા પણ તે ભણાય છે. એક જરથોસ્તી બાલકને દીનમાં લેતી વેલા, નવ જોતને ટાંકણે, પતેત ભણ્યા વીના છુટક રહેતો નથી. એક અથોર્નાનજાદાને નાવર યા મરાતબ નો દરજજો મેલવવાને બરશનુમ લેતી વેલા પઢયા વગર કામ આગલ ચાલતું નથી. નવસો, નહાન, અને સીરીઆની ક્રીયા પતેત વગર નકામી થઈ પડે છે. એક જરથોસ્તીએ આ દુન્યાથી પોતાની જીંદગીનો અસબાબ ઉઠાવ્યો, કે તેનાં રવાનની રસ્તગારી માટે પહેલું ભણતર પતેતનું થાય છે. તેની પાયદસ્તમાં પતેત, તેની ભોંય આગલ પતેત, તેનાં ઉઠમણાંમાં પતેત, તેની જીઆરતમાં પતેત. જયાં જુઓ ત્યાં પતેત, જયારે જોઇયે ત્યારે પતેત. પતેત પતેત અને પતેત ! જે પતેતને એટલી મોતેબરી મલેલી છે, તે પણ આજના સુધરેલા પારસીઓના ટીકાના તીરથી બચવા પામી નથી ! તેની સામે સવાલો ઉઠયા છે, તેની હાંસી થઇ છે, અને તેને એક નકામાં પીંજન કરતાં વધુ વજન લાગુ પાડવામાં આવ્યું નથી. પણ તેમાંથી નવાઈ શી છે ? આપણા ટીકાકારોના ઉધરમાપ મારાથી જો ખુદ જંદ અવસ્તા બચ્યા નથી, તો બાપડી પતેતના શા હીસાબ ? પતેત ગમે એવી મોતેબર હોય, પણ અવસ્તા કરતાં તો તે મોતેબર નથીજ કેની ?

પતેત, અવસ્તા કરતાં મોતેબર ન હોય, પણ અવસ્તા જેટલી મોતેબર તો છેજ. એક મહાત્મા પરહેજગાર પીરમર્દે તે રચેલી છે, અને તેની રચનામાં તે પરહેજગારીની અજમતનો અંશ મલેલો છે. અવસ્તાનાં ધોરણપર, અવસ્તાને આધારે, અને અવસ્તાઇ તરીકા પ્રમાણે, તે રચાયલી છે; અને જોકે તેની ભાષા અવસ્તાઇ નથી, તોપણ તેની રચના તો અવસ્તાઈજ છે. અવસ્તાનો તે ગોયા અરક છે. જરથોસ્તી ધર્મ નીતીનું તે ગોયા તત્વ છે. અવસ્તાની પેઠે તેને "ખશનુમન" છે, અને તે ખશનુમન અશો સરોશની છે, કે જે સરોશ ફરેસ્તો દુન્યાનો પારબાન, રવાનનો રેહનુમા, અને ખોદાઈ બશારતનો પહોંચાડનાર છે. પતેતને, તેની બુઝર્ગી માટે, બીજાં અવસ્તાઈ ભણતરોની પેઠે વલી "અહુનવર" અર્પણ કરવામાં આવેલા છે, અને તે અહુનવર પાંચ છે. ઉપરાંત તેને છેટે બીજા એકવીસ અહુનવર અને બાર અશેમ મેલી તેની બુઝર્ગી અને અસરમાં વધારો કરવામાં આવ્યો. અવસ્તાનીજ પેઠે તે "ફ્રવરાને"થી શરૂ થાય છે, અને "યથનેમચ" તથા "અહમાયરેસ્ચ"થી સમાપ્ત થાય છે. જે કલામ સાધારણ અને નીરજીવ હોય, તેને માટે એટલું બધું કરવામાં આવે નહી. આપણા સુધારાવાલાઓની સુધરેલી ગુજરાતી બંદગીઓમાં યથા, અશેમ કે ખશનુમન જેવું કાંઇ હોતું નથી. તેથી તેમને કદાચ એ વાત હસવા જોગ લાગે. પણ ખરા દીનદાર જરથોસ્તીઓ સમજે છે, અને જરથોસ્તીઓએ સમજવું જ જોઇયે, કે આપણી જરથોસ્તી બંદગીઓનો—આપણાં અવસ્તાઇ ભણતરોનો—એજ તરીકો છે, અને તે સલુક અથવા યોગ સાથ તાલુકો રાખનારો છે. એ તરીકા વગરનાં ભણતર હોયજ નહી, અને હોય તો તે જરથોસ્તી ભણતર ગણાયજ નહી. ધર્મનાં ભણતર ધર્મની રાહો રશમ પ્રમાણેજ થાય. જેને જેમ ગમે તેમ જોડવાનાં અને ભણવાનાં એ ભણતરો નથી. ગલામાંથી સારાં કે માઠાં સુર, આં, ઉં, ઈ વગેરે કરી સઉ કોઇ કાઢી શકે છે, પણ તે રાગ કે ગાયન ઠરતાં નથી. રાગ કીંવા ગાયનને માટે તે સુરો તેના કાયદા અને કાનુન પ્રમાણેજ નીકલવાં જોઇએ. ધર્મની બંદગીને માટે પણ તેમજ સમજવાનું છે. "હે ખોદા," "અહો ઇશ્વર," કે "રે મારા ખાવીંદ" એવી રીતે બંદગીને નામે જોડકાં જોડયાથી તે ખરી બંદગી થઇ શકતી નથી. બંદગી તેના ધર્મની રાહો રવેશ પ્રમાણે, અને તેને માટે મુકરર થયલા ખાસ અંશી જનોથીજ, જોડાવી જોઇયે. આપણી પતેત તે રીતે અને તેવા મહાત્મા પુરૂષથી જોડાયલી છે. તેની ખુબીઓ તરેહવાર છે, અને તે આગલ ચાલતાં આપણે જોતા જઇશું.

પતેતનો ભાવાર્થ, પશેમાની અથવા પશેમાનીનાં ભણતરનો છે. પોતાના પેદા કરનાર તરફ કોઈપણ જાતનું ભણવું તેને આપણા લોકો સાધારણ રીતે બંદગીને નામે આલખે છે; પણ તેના અંતરભેદો તેઓમાંના થોડાજ જાણે છે. બંદગી એ સગવડને ખાતર ભણતરને અપાયલું સાધારણ નામ છે; પણ તેના ભાગ વીભાગો તરેહવાર છે. પોતાના પેદા કરનારનું એહસાન માની તેની તાબેદારી કબુલ કરવી; તેનાથી પોતાની દુન્યાદારીની મોરાદો ચાહવી; તેના આગલ પોતાના ગુનાહોની પશેમાની કરવી; તેને, તેના ફરેસ્તાઓને તથા અશો ફરોહરોને કીયાઓ અને ભેટો અર્પણ કરવી; તેના મેલાપ માટેની જપતપ કરવી ઈત્યાદી—આ તે બંદગીના ભાગ વીભાગો છે, અને તે દરેક તેમના મેહલપર અને જરૂરનેસર ભણાય છે. એઓમાંથી આપણે પશેમાનીને લઈ આગલ વધીએ, કેમકે આપણા વીષયની મતલબ તેજ છે. પશેમાની અથવા પશેમાનીની બંદગી, એ ભણતરનો મુખ્ય અને પહેલી અગત્યનો ભાગ છે; કેમકે તેના વડે માણસનાં પાપો માટે માફી મેલવી શકાય છે. પાપ એ માણસના આત્માનું દર્દ છે, અને જયાં સુધી આત્મા દર્દી હોય ત્યાં સુધી તે પોતાના પેદા કરનાર તરફની કશી પણ બખ્શેશ મેલવવાને અને તેનાથી પોતાનાં દીલની મોરાદો ચહાવાને લાયક થતો નથી. જેમ તન મનથી રોગી માણસ દુન્યાની મોજમજાહ તથા સુખ ભોગવવાને નાલાયક છે, તેમ પાપના રોગથી પીડાતો આત્મા પણ પોતાના પેદા કરનારની બંદગી યા ભકતી કરવાને તથા તેનો મેલાપ લેવાને નાલાયક છે. એટલા માટે, માણસની સઉથી પહેલી બંદગી, પશેમાનીથી શરૂ થવી જોઇયે, અને એક જરથોસ્તીની બંદગી તેજ રીતે શરૂ થાય છે. દાખલા તરીકે, આપણાં ઘણાંખરાં ભણતરોની શરૂઆત અથવા દીબાચા જુઓ. કુસ્તી, જે આપણાં ધર્મનો અથવા બંદગીમાં રજુ થવાનો કમરબંદ છે, તે બાંધવાની ટુકી નીરંગ જુઓ. તેમની શરૂઆત "અજ હમા ગોનાહ પતેત પશેમાનુમ" ઇત્યાદી પદોવાલા ફકરાથી થાય છે, જેનો અર્થ "તમામ ગુનાહથી પતેત કરી પશેમાન થાઉં છું" એવી પ્રકારનો છે. મતલબ એ કે, ગુનાહનો પસ્તાવો કરવા માટે જોકે આપણામાં એક આખા, મોટી અને ખાસ પતેત છે, તોપણ દરએક અવસ્તાઇ ભણતર જોડે પશેમાની કરવાના ચોકસ કલામો, અથવાં પતેતનો અર્ક તો જોડાયલોનો જોડાયલોજ રહે છે. એક રૈયતે જો પોતાના રાજકરતા સામે કાંઈ કસુર કરી હોય, યા તેનાં રાજ્યના કાયદા તોડયા હોય, તો તેને માટે દલગીરી અથવા માફી ચાહયા વીના રાજકરતાથી પોતાની દાદ ચાહવાનો તેનો હક રહેતો નથી. એક છોકરો જો પોતાના બાપ યા વાલી સામે નાફરમાન થયો હોય, તો તે માટે દરગુજર ચાહયા વીના બાપ યા વાલીના લાડ ભોગવવાની તેની સુરખરૂઇ જતી રહે છે. તેજ પ્રમાણે એક બંદેખોદા પોતાના ખોદા આગલ રજુ થતાં પ્રથમ પોતાના ગુનાહો માટે પસ્તાવો કરી માફી ચાહે છે; કેમકે તે જાણે છે કે, આ ફાની અને પાપી દુન્યામાં તેનાથી ડગલે ને પગલે ગુનાહો થતા રહે છે; ગુનાહો, પછી તે નાના કે મોટા, જાણતાં કે અજાણતાં, પણ તેનાથી થયા વગર રહેતા નથી.

અને ખુદ પતેત પશેમાનીની શરૂઆત પણ મજકુર કલામોથીજ થાય છે. જેમકે,

અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ અજ હર્વસ્તીન દુશ્મત દુજુખ્ત દુજવર્શ્ત મેમ પ ગેતી મનીદ પેશેશોમા વેહાંન મનશ્ની ગવશ્ની કુનશ્ની તની રવાની ગેતી મીનોઆંની ઓખે અવાખ્શ પશેમાન પસેગવશ્ની પ પતેત હોમ.

અર્થ—તમામ ગુનાહોથી પતેત કરી પશેમાન થાઉંછું: તમામ બુરા વીચારો, બુરા સુખનો, અને બુરાં કામો, જે મેં આ દુન્યામાં વમાસ્યાં હોય તેથી, તમો તમામ દીનદારોની હજુરમાં, મારી મનશની, ગવશ્ની, કુનશ્નીએ કરી, અને મારાં તન તથા જીવ કે જે આ અને પેલી જેહાનને લગતાં છે તેણે કરી અય અહુરમજદ! મારી ત્રણે ગવશની વડે, પતેત કરી પશેમાન થઇ ગુનાહથી પાછો ફરૂંછું.

ગુનાહનો એકરાર, પાપોનો પસ્તાવો, અને ફરી ગુનાહ નહી કરવાની કબુલાત માટે, આ કેવા ટુકા પણ અસરકારક સુખન! પતેત પશેમાનીના બાર કરદા છે, અને તેવા દરએક કરદાને છેડે પણ, લગભગ એજ જાતના સુખન ભણવામાં આવે છે. લગભગ દરેક કરદામાં જુદી જુદી જાતના ગુનાહોનું વર્ણન

આપ્યું છે; અને તે દરેક જાતના ગુનાહ પોતાથી થયા હોય, અથવા થયા છે, તે માટે પતેત ભણનાર માણસ એજ રીતે પતેત કરી પશેમાન થાય છે, અને પશેમાન થઈ ફરી ગુનાહ નહી કરવાની કબુલાત આપે છે.

પશતાવાને આ રીતે ચીપી ચીપીને ફરી ફરી જાહેર કરવામાં ખોટું, ટાહેલાં જેવું કે હસવા જોગ કાંઇજ નથી. પશતાવો કેવાં ખરાં દીલથી કરવાનો છે, અથવા કરવો જોઇયે, તે તેમાંથી જોઇ લેવાનું છે. આજે પતેત ભણી પશતાવો કીધો, અને કાલે જાણી જોઇ ફરી ગુનાહ કરવા, એ તરીકો પશતાવાનો નથી. પશતાવો એવી નૈયતથી થવો જોઇયે કે, જાણીજોઇને ફરી ગુનાહ કરવામાં આવશે નહી. માણસ જાત નબલું અને ચુકો કરવાને લાયક છે, તે આપણે કબુલ કરીએ; પણ તેટલા માટે એવું નથી ઠરતુ કે, તેણે જાણીજોઈને ફરી ફરી ગુનાહ કર્યાજ કરવા. જાણીજોઇને ફરી ગુનાહ નહી કરવાના એરાદા સાથેજ પશતાવો થવો જોઇયે, અને તોજ ખોદાથી ગુનાહની માફી મેલવી શકાય. "રાતે બોલ્યા ને દીસે ફોક" અથવા "મોહડે રામ પોકારી પગે માછલાં મારવા"થી માણસની જીંદગીનું સાર્થક કદી થતું નથી. તેજ પ્રમાણે પશતાવો કરીને તે તોડયા કરવાથી પણ, માણસનો આત્મા પાપથી રસ્તગારી પામી શકતો નથી. દર્દથી શરીરને નીરોગીજ રાખવું હોય, તો થયલાં દર્દની દવા કરવી એટલુંજ નહી, પણ જે કારણથી તે દર્દ થયું હોય તે કારણથી પણ અલગ રહેવાની કોશેશ કરવી જોઇયે. દવા કરી દર્દથી મોકલા થયા બાદ, જો ફરી દર્દ ઊત્પન્ન કરનારી ચીજ ખાધા યા પીધામાં લીધી હોય, તો દર્દ પાછું ઉભરી નીકલે છે, અને એ રીતે તે માણુસ સદાનું દર્દી અને દલીદ્ર રહી જાય છે. પાપ અને પશતાવાનો સબંધ પણ તેવોજ છે. પાપ એ, અમે ઉપર જણાવ્યુ છે તેમ, આત્માનું દર્દ છે; અને પશતાવો તેની દવા છે. અનીતી અને અધર્મીપણું એ પાપ ઉત્પન્ન કરનારૂં કારણ છે; અને નીતી, દીનદારી, તથા બંદગી એ માણુસને પાપથી વેગલું રાખનારાં બલકે તેનાં પુણ્ય પ્રતાપ વધારનારાં સાધન છે. પશેમાની કરી અનીતી અને અધર્મીપણાંથી દુર રહેવું એટલુંજ નહી, પણ નીતી, ભકતી, અને દીનદારી એખ્તીઆર કરવી. જો તે નહી એખ્તીઆર કરવામાં આવે, તો પાપનાં કારણો તેની જગા લીધા વગર રહેજ નહી. એજ કારણથી, પતેતમાં જેમ બુરા વીચાર, બુરા સુખન, અને બુરાં કામથી પરહેજ રહેવાની કબુલાત પતેત કરનાર આપે છે, તેમ તેની જોડેજોડ નેક વીચાર, નેક સુખન, અને નેક કામો કરવાનો પોતાનો ઠરાવ પણ તે જણાવતો જાય છે. ખરી પતેત એવીજ હોય. પશેમાનીનો ખરો તરીકો એજ છે. અને દરેક સાચા એતેકાદના જરથોસ્તીઓને પતેત પશેમાની પણ એવીજ નૈયતથી કરવી ઘટે.

સુબોધ માળા.

તરસથી મર; નાતરસ પાસ ના માગ,
જીવવાનો બુક નામરદ પાસ ના માગ.—૧
ગરજની અધડી વેઠ સબુરીથી,
રંજમાં મદદ બેગરજ પાસ ના માગ.—૨
પડી દુખ ખાટલે કાઢ રીબી વખત,
દવાનો ઘોટ બેદરદ પાસ ના માગ—૩
ફાટવા દે અન્યાયથી ઉમેદનું દીલ,
હક ને ઇન્સાફ બેકદર પાસ ના માગ.—૪
જીંદગી કર ખતમ, બલી પતંગ સમ,
મોહબતનો કોલ તુંદ બેગમ પાસ ના માગ.—૫
બેહતર કે અથડે ખોટા ખ્યાલમાં લોક,
અપમાન બદલો બેશરમ પાસ ના માગ.—૬
વરસાવ તું નુર સઉપર સરખું, **સુરજ,**
નમાજનો હક બેધરમ પાસ ના માગ.—૭

બેરહેમ આ દુન્યાનું મોહડું નીવાર,
સુખ તને મલશે કીરતારને દવાર.—૧
નચીંતાઇ ફોકટ આ જગમાં ના શોધ,
પામશે બસ અજલને દખમે કરાર.—૨
ઇન્સાફની આશા ના માનવાથી રાખ,
ચોખ્ખો તે મલશે દાદારની દરબાર.—૩
શકતી ને સાથી પર રેહ ના નચીંત,
રાખ ફકત ખોદાની મેહર પર મદાર.—૪
સ્નેહી ને સગાં શાનાં ને કોનાં?
મતલબનાં સાથી, સઉ જરનાં દીલદાર.— ૫
છે આ ઉતારાનું ઉચાલું ઠામ,
મીનોઈમાં જાણ તારૂં ખરૂં ઘરબાર.—૬
અપાય તેમ આપ નુરની બખ્શેશ **સુરજ,**
ન રાખવે ભજન પુજનની દરકાર.—૭

બખત તો ફર્યાં પણ ઇન્સાનબી,
વીચાર તો ફર્યાં પણ ઇમાનબી.—૧
જઇ અસલી જાદુ, વીદયા જાદુ થઇ,
પૃથ્વી તો ફરી પણ આસમાનબી.—૨
ચાલ્યો છે સ્વાર્થ ને નાસ્તીકનો દોર,
આંખ તો ફરી પણ ધરમ ધ્યાનબી.—૩
બદલાઈ ગઈ કુલ ચીજની હાલત ને હદ,
કોઠાં તો ફર્યાં પણ ગુણ શાણબી.—૪
લીધા માનવીઓએ જીનના અવતાર,
ઈન્સાન તો ફર્યાં પણ હેવાનબી.—૫
બદલાઇ રેવાજો ને નીકલી ફેશન,
મુર્ખાં તો ફર્યાં પણ વીદવાનબી.—૬
પગભર થઇ વફાની જગે જફા,
સ્નેહી તો ફર્યાં પણ દીલજાનબી.—૭
કયામત જે કહેવાય છે તે શું છે એજ ?
ગ્રહ તો ફર્યા પણ **સુરજ** ચાનબી !—૮

દીલ રાખ તું મોટું જેમ અણહદ દરયાવ,
દલદેસરી દુખ તેને તલ્યે સમાવ.—૧
અપમાનો, આફતો, ઇજા, અસુખ,
સોશી સબુરીથી કર ત્યાં જમાવ.—૨
બડબડ ના તે માટે, કર ના તાણતોડ,
ખામોશ રહી સકે તેનાં પેટમાં હોમાવ.—૩
રેહ રાજી ખુશી જે પડે તે પર,
બોજા સરપર, ફટકા પીઠપર, ઊઠાવ.—૪
ઉભરાઇ નદી પેરે, સ્હેજમાં ના ફાટ,
ધર દરયા પેરે ગંભીરતા ઠરાવ.—૫
બેસબર થઇ, છોડી રબનો એતબાર,
ગેતી કાજ મીનોઇના લાભ ના ગુમાવ.—૬
કોહવા દે ગમથી તું પેટ ગમે તેમ,
સપાટી ઉપરનો શાંત રાખ દેખાવ.—૭
માણસાઈજ નહી, એ ફરેસ્તાઇ છે,
એમાંજ છે દુખી જીંદગીનો ટકાવ.—૮
હેરત થઇ કરશે **સુરજ** આફરીન,
સાથે મદદનાં કીરણનો છટકાવ.—૯

નહી જેનો કોઇ તેનો ખોદા વાલી,
જંગલની ઝાડીનો ખોદા માલી.—૧
હીણાને પણ હોય છે જગમાં ચાહનાર,
ચંદ્રથી ચહવાય છે રાત્રી કાળી.—૨
ખાલી તે ખાલીજ નહી રહેતું સદા,
લીલાણથી ભરાય છે જગા ખાલી.—૩
પાનખરથી ધ્રુજ ના, ઓ પુરાણાં ઝાડ !
વસંતમાં પીલવાશે સુક્કી ડહાલી.—૪
એકવાર પણ જોશે તું જગમાં ભલાઇ,
સગનમાં વપરાશે કોઇ દી થાલી.—૫
બેર, નથી માનવીમાં ખરીદદાર તો,
ખોદાથી પામશે તુંજ આશા બહાલી.—૬
વેરાનમાં પણ વસેછ ખોદાની મેહેર,
ખ્યાલમાં પણ મેલવે છે મજાહ ખ્યાલી.—૭
દુખની સીહાઇમાં પણ પ્રકાશશે સુખ,
ગારમાં જેમ પહોંચેછ **સુરજ**ની લાલી.—૮

ગુલરૂખની ખુબી શું જાણે અપંગ ?
બેહરાને કેમ રીઝવે સારંગી ચંગ ?—૧
દર્દીની કદર શું બુજે બેદર્દ ?
ધામટ કેમ પીછાણે ગમાર ને ગંગ ?—૨
બુબખ મન કાગડો ને કોયલ એકજ,
કાચગર શું પીછાણે ધવેર ને નંગ ?—૩
નકટો* શું જાણે ગુલ† ગુલમોહરનો ફેર ?
જંગલી કેમ વર્ણવે હીરા ને સંગ ?‡—૪
ખુનરેજ કેમ માને સુલેહમાં સવાબ ?
બાયલો શું વખાણે શમ્શીર ને જંગ ?—૫
નચીંત શું બુજે ચીંતાતુરનો હાલ ?
બેગમ શું ગાએ મોહબતબાજ પતંગ ?—૬
ધુવડ કેમ ઇચ્છે **સુરજ**નો ઉદય ?
નેકને કેમ નીભાવે દુન્યા દોરંગ ?

---

* અહીં નકટો એટલે સુગંધ શકતી વગરનો.

† ગુલ એટલે ગુલાબ.

‡ સંગ એટલે પથ્થર.

પતેત પશેમાની—તેની બુઝોર્ગી, ગંભીરાઈ અને ખુબી.

દુન્યાના કેટલાક ટોલામાં, મુખ્યત્વે ખ્રીસ્તીઓમાં, એવો રેવાજ ચાલે છે કે, પાપનો પસ્તાવો પોતાના ધર્મગુરૂની હજુરમાં કરવો, અને પાપની માફી તેની મારફતે ખોદા પાસે ચાહવી. ધર્મગુરૂની હજુર આ કામ તેઓ મોગમ રીતેજ કરતા નથી, પણ પોતે જે ચોકસ પાપ કીધું હોય તેનો એકરાર નામબ નામ કરે છે, અને તેમ કરીને તેઓ ખાતરી રાખે છે કે, તે પાપની માફી તેમને મલી ચુકી અથવા મલશેજ; અને તેમ બને તે એક રીતે માની શકાય એવું છે. માણસને પાપ કરવું મુશ્કેલ લાગતું નથી, પણ તેનો એકરાર કરવો બહુ ભારે લાગે છે; કારણ પાપો ઘણીવાર એવાં અઘોર હોય છે, કે જે બીજાની નજરમાં આવ્યાથી તે માણસનું ગોયા મોત થાય છે. તેવાં પાપનો એકરાર એકજ રીતે સુરખરૂઇથી તે કરી શકે; અને તે એ કે, ફરીથી તેવાં પાપ હું નહી કરીશ એવી તે ખાતરી રાખે અને આપે. પાપી માણસ જેમ એવી ખાતરી પોતાના ધર્મગુરૂને આપે છે, તેમ ધર્મગુરૂ તેના આધારે તેને એવો બોધ દે છે, કે જેની અસર તેનાં પશેમાન થયલાં જીગર પર થયા વગર રહેજ નહી. જેમ બદફેલીમાં ફસી તેનાં ચેપી દર્દને આધીન થનાર દર્દીને તબીબ આગલ પોતાની એબ—તે દર્દનું ભીતરનું ખરૂં કારણ—જાહેર કર્યા વીના ચાલતું નથી, અને તે જાહેર કરે તોજ તેનાં દર્દનો ખરો ઉપાય થઇ શકે છે, તેમ પાપના દર્દીએ પણ પોતાનું પાપ પોતાના આત્માના તબીબ—ધર્મગુરૂ—પાસ ખુલું કરવું જોઇયે, અને તેમ કરે તો અલબતે તે પાપની માફી અને આત્માનું રક્ષણ મેલવી શકે.

ઉપલો રેવાજ, એ પ્રમાણે જોતાં, ગુણગારો અને પશેમાનીની મતલબ સરસ રીતે પાર પાડનારો જણાય છે. પણ એ રેવાજનું મુલ શું? તે કયાંથી નીકલ્યો હશે? જરથોસ્તીઓને કાંઇ તેની સાથ લાગતું વલગતું છે? પારસીઓએ તેના વીશે કોઇવાર વીચાર કર્યો છે? પારસીઓને એ રેવાજ બેગાનો અને વીચીત્ર લાગે છે, પણ બારીકીથી જોતાં એ રેવાજ તેમના પોતાના કદીમ નયાગાનોનો જણાય છે. તેનું મુલ તેમના ધર્મમાં છે, અને તેની શાહદત તેમની પતેત આપે છે! દીનદાર વાંચનાર! આ વીષયના છેલી વેલાના લખાણ વખતે અમે ટાંકેલો પતેત પશેમાનીની શરૂઆતનો ફકરો યાદ કરો. તે મધે "પેશ શોમા વેહાન" એવાં પદ આવેલાં છે, જેનો અર્થ "તમો દીનદારોની હજુરમાં" એવો થાય છે. એટલે પતેત કરનાર પોતાની પતેત પશેમાની "દીનદારોની હજુરમાં" કરે છે. અહીં "દીનદાર" શબ્દ બહુ વચનમાં મેલાયલો છે; કારણ તે પતેત જાહેર તરીકાની, ગુજર પામેલાં રવાનને માટેની, કે તેવી બીજી જાહેર ક્રીયાઓ સાથ તાલુકો રાખનારી હોય છે. તે પતેત જો કે, દીનનો દસ્તુર યા ટોલાનો વડો માંડે છે, પણ તે બીજાના માટે માંડે છે, અને તેટલા માટે તે "દીનદારો" નાં અનજુમનને એ રીતે વીનંતી કરે છે. તે વીનંતીમાં તેનો પોતાનો પણ સમાવેશ થઈ રહેલો છે; કારણ "દીનદારો" નાં અનજુમનમાંનો તે એક, બલકે તેનો વડો છે. એવી રીતે આખાં એક અનજુમનની હજુર પતેત કરવાનો રેવાજ ઘણો ઉતમ, અને તેવી પતેતનો દરજજો અથવા તેની અસર ઘણાં મોટાં હોવાં જોઈયે; કારણ તે પશેમાની, અથવા પાપનો એકરાર એક નહી, બે નહી, પણ અનેક માણસોના એક "દીનદાર" સમુદાયની હજુર થાય છે. તે પશેમાનીમાં આખી તે અનજુમન ભાગ લે છે; અને તેટલા માટે માફીના બખ્શનાર ખોદાની હજુરમાં તે પતેત વધારે વજન પામવી જોઇયે, અને તેની માફી અવસ્ય મલવી જોઇયે.

પણ એથી એમ સમજવાનું નથી કે, ખાનગી રીતે પતેત થઇ શકે નહી. ખાનગી પતેતનો તરીકો પણ જાએજ છે, અને તેની શાહદત પણ ખુદ પતેત પશેમાનીમાંથી મલી આવે છે. ત્રીજા કરદાનાં શેવટમાં નીચલો ફકરો આવેલો છે:—

પાજંદ—મનશની પેશ દાદાર અહુરમજદ મીનોઆન ગેતીઆન મહેસ્ત પેશ અમશાસ્પંદાંન પેશ મેહેર સરોશ રશને, પેશ આતશ બરસમ હોમ, પેશ દીન રવાન બેશ, પેશ રદ દસ્તુરે દીની, પેશ ઓએ ગવેહ મદ એસ્તેદ અજ આંન ગુનાહ૦

અર્થ—મારી મનશનીથી, દાદાર અહુરમજદ

જે માનો તથા ગેતીમાં સર્વેથી મોટો છે, તેની હજુરમાં, અમશાસ્પંદોની હજુરમાં, મેહેર સરોશ અને રશને ઇજદોની હજુરમાં, આતશ બરસમ તથા હોમની હજુરમાં, દીનની તથા મારાં પોતાનાં રવાનની હજુરમાં, દીનના સરદાર દસ્તુરની હજુરમાં, અને હર કોઇ દીનદાર મર્દ જે અહીં પહોંચ્યો યા આવયો હોય તેની હજુરમાં [તમામ ગુનાહોથી પતેત કરી પશેમાન થઇ પાછો ફરૂં છું, ઇત્યાદી૦]

આ ફકરા ઉપરથી તરતજ માલુમ પડે છે કે, પતેતને વગર "હજુરે" ભણવાના કરતાં તે ચોકસ અશોઓની "હજુર"માં ભણવી બેહેતર અને બાલાતર છે. દાદાર અહુરમજદની હજુર યા ફરેસ્તાઓની હજુર તે થાય. દસ્તુરની હજુર યા અશો આદમીની હજુર તે થાય. કેબલાની હજુર યા તેવી બીજી સંસ્કાર પામેલી ચીજોની હજુર તે થાય. પણ અહુરમજદ અને તેના ગેબી ફરેસતા કંઇ આપણી ખાકી આંખે દેખાઇ શકતા નથી. અંતર ધયાનથી તેમને જોઇ યા કલપી શકાય; પણ તેવા ધ્યાનવાલા "પહોંચેલા" આદમી દુન્યામાં જવલેજ હોય છે. એટલા માટે, અશો મર્દની હજુરમાં પતેત કરવી એ જેમ માણસને માટે બંધબેસ્તું તેમ સગવડભરેલું પણ છે. અને અશો મર્દ તે દીનના દસ્તુરના કરતાં બીજો કોણ હોય? તે જેમ દીનનો હોકમ આપનાર તેમ ટોળાની રાહનુમાઇ કરનાર છે. અને રાહનુમાઇ કરનાર તે છે, માટે માણસને પશેમાનીનો ખરો રસ્તો બતાવનાર પણ તે છે. અલબત, તે દસ્તુર અશો ખસલતનો હોવો જોઇયે. તે અશો હોય તોજ બીજાને અશોઈ આપી શકે. આપણા કદીમ નયાગૃનોમાં દસ્તુરો અશોઇ વડે ખોદાને પહોંચેલા હતા, અને તેટલા માટે પતેત તેમની હજુરમાં કરવાનો રેવાજ ચાલેલો હોવો જોઇએ. ઉપલા ફકરા ઉપરથી દીસે છે કે, દસ્તુર હાજર નહી હોય તો "હરકોઈ દીનદાર મર્દ જે અહીં પહોંચ્યો અથવા આવયો હોય તેની હજુરમાં" પતેત થઇ શકે. પણ ધારીએ કે, તેવો કોઇ અશો મર્દ પણ હાજર નહી હોય તો? તેવાં સાંટકમાં "દીન" તથા "પોતાનાં રવાનની હજુરમાં" પતેત કરવામાં કશી અડચણ નથી. દીનની અથવા પોતાનાં રવાનની હજુરમાં પતેત કરવાની સમજ એ કે, દીનની ઉપર ઇમાન સાબેત રાખી તેનેજ પોતાના અણુદીઠ કેબલા તરીકે માની લેવી, અને પોતાનું રવાન છે તેજ પોતાની પશેમાનીનો શાહેદ છે એમ સમજીને, કોઇપણ દેખીતી "હજુર" વગર પોતે પોતાની મેલે પતેત કરીને કામ ચલાવવું. દીન ઉપરનાં તે સાબેત ઈમાન અને પોતાનાં રવાન ઉપરના તે મક્કમ વીશ્વાસ સાથે થયલી પતેત પણ તે દાદગાર દાવરની નજરમાં કબુલ વ મંજુર છે. પણ તે તેવાં સાંટકમાંજ કીધેલી બેહતર. દસ્તુર કે તેવો બીજો કોઇ દીનદાર મર્દ ન હોય, તો આપણા "આતશ"ના કેબલા નજદીક પતેત થઇ શકે, અને આજે પણ કેટલાક દીનચાશીદાર જરથોસ્તીઓ તેમ કરતા જણાય છે. "આતશ"ની જોડે ઉપલા ફકરામાં ક્રીયાનાં આલાત "બરસમ" અને "હોમ"નાં નામ આવેલાં છે. એ પવીત્ર ચીજોની નજદીક પણ પતેત થઇ શકે; પણ તેની મયસર અથોર્નાનો સીવાય બેહદીનોને થોડીજ થઇ શકે. સારાંશ એ કે, જાહેર પતેત જેમ "દીનદારો"નાં અનજુમનની હજુરમાં થવી જોઇયે, તેમ ખાનગી પતેત દીનના દસ્તુરની નજદીક કરવી ઘટે. પણ આજે તેવો રેવાજ રહયો નથી, અને તે રેવાજ પાછો ચાલુ કરી શકાય એવી પારસી ટોલાની હાલત પણ રહી નથી. તેથી બેહતર રસ્તો અમને એ દીસે છે કે, જરથોસ્તીઓએ પોતાની પતેત બનતાં લગી "આતશ"ની નજદીક કરવી; પછી તે "આતશ બેહરામ" હોય, "આતશ આદરાન હોય" કે ઘરનો "આતશ દાદગાહ" હોય. અને તેમ નહીજ બની શકે તો પછી પોતાનાં "રવાન આગલ" યાને એકલી રીતે પતેત કરીને કામ ચલાવવું. ગમે તેની હજુર થયલી પતેત, પણ તે જો ખરાં દીલના પસ્તાવાની હશે, તો ગુનાહની માફી અને આત્માની સાફી મલ્યા વગર રહેશે નહી.

પવીત્ર ચીજ અથવા પવીત્ર મરદની હજુર પતેત કરવાથી આત્માની સફાઇ કેવી રીતે થઈ શકે, તે પણ ધયાનમાં રાખવું જોઇએ. એવી ચીજ અથવા માણસ પવીત્રાઇથી ભરપુર હોવાથી હોય છે. પવીત્રાઇથી ભરપુર હોવાથી તેવાં માણસનાં તન, મન અને આત્માને લગતી દરેક ચીજ પવીત્ર હોય છે: પવીત્ર તેની નજર, પવીત્ર તેના સુખન, પવીત્ર તેનો દમ, અને પવીત્ર

તેનો આવભાવ. એજ કારણને લીધે તેનાં બદનમાંની ગેબી વીજલી પણ પવીત્ર અને બહુ બલવાન તથા શકતીવાન હોય છે. અને તે સામાં માણસપર જેમ પોતાની અસર વધુ કરી શકે છે તેમ તે અસર પવીત્રાઇનીજ કરે છે. તેની ઇચ્છા પણ પવીત્ર અને બલવાન હોય છે, જેથી તે ઇચ્છાનાં બલે તેની વીજલીનો પ્રવાહ સામેવાલાં માણુસમાં દાખલ થાય છે, અને તે દાખલ થયાથી તે માણુસની કાયામાંની ભુંડી વાસનાઓ દુર થવા માંડે છે. જો એક નીતીમાન માણુસની સારી વાતથી એક અનીતીમાન માણુસનાં દીલમાં નીતીની લાગણી થઇ શકે છે, તો એક અશો માણુસની અશોઈભરી મહા બલવાન ઇચ્છાની અસર, એક પાપી માણુસનાં પાપી દીલપર કેટલી વધારે, કેટલી મોટી, અને કેટલી ફાયદેમંદ થવી જોઇયે? બેશક, ઘણીજ. જેટલી એક ચીજ બલવાન તેટલું તેનું આકર્ષણ વધારે. અશોઈ મહા બલવાન છે એટલુંજ નહી, પણ તેની અસાધારણ બુલંદ હાલતમાં તે ચમતકારીક પણ છે. તેની ચમતકારીક અસર ગમે એવાં પાપી માણુસપર પણ નેકીનીજ થવી જોઇયે, અને તેટલા માટે પતેત પશેમાની તેવી ચીજ અથવા તેવાં માણુસની હજુરમાં કરવી બેહતર અને બાલાતર છે.

પતેત પશેમાની પાજંદ ભાષામાં છે, પણ તેનો પાયો અવસ્તામાં છે. અવસ્તા મધે "ક્રસ્તુયે હુમ તોઇ બ્યસ્ચા" નામનો જે નાનો કરદો ભણવામાં આવે છે, તેને આધાર તરીકે લઇ તેના ઉપર તેની ઇમારત ઉઠાવેલી જણાય છે. અવસ્તામાં અસલ પતેત પશેમાનીના જેવી એકાદ મોટી પતેત હતી કે કેમ, અને હતી તો તે બીજા અવસ્તાઇ નુસ્કો સાથે જુદ્દીન ચઢાઇ કરનારાઓને હાથ તારાજ થઇ છે કે શું, એ તપાસવા જોગ સવાલ છે; પણ તેમને બાજુ રાખી હાલ અમે એટલુંજ કહીએ છીએ કે, સદરહુ "ક્રસ્તુયે" ના કરદાને પણ અવસ્તા મધે એક પતેતના જેવું વજન આપેલું માલમ પડે છે. ખુરશેદ મેહરની ન્યાએશની ફરજીઆત બંદગીની શરૂઆતમાં, નવજોતના જેવી બાલકોને ધર્મમાં દાખલ કરવાની ક્રીયા મધે, તેમજ ઈજશને વંદીદાદ જેવી મહાભારત ક્રીયા બંદગી શરૂ કરતાં, "ક્રસ્તુયે" નો કરદો જે રીતે વચ્ચે મેલાયલો જોવામાં આવે છે, તે ઉપરથી એમ માનવાને કારણ મલે છે. તે તે મેહલોપર તે જાણે, ખાસ બંદગી યા ક્રીયા કરવાની આગમજ, તે બંદગી કે ક્રીયા કરનારે પશેમાની કરી લેવા માટે ખામખા મેલવામાં આવ્યો હોય એમ દીસે છે. ખુદ પતેત પશેમાનીને છેડે પણ તેને મેલી દેખાડેલો છે. પણ વધારે અગત્યનું તો આ છે કે, પતેત પશેમાનીનો પહેલો કરદો "ફ્રરાજ સતાએમ," તેની શરૂઆતથી તે "નામ રવાન" એવાં પદો સુધી ખુદ "ક્રસ્તુયે"નો શરેહવાર તરજુમોજ છે! પશેમાની તે મધે બહુ ટુકમાં પણ નીતી યુક્ત ઉત્તમ રીતે કરવામાં આવેલી છે. અને તેની ગુજરાતી સમજ નીચે મુજબ છે:—

"બહુ બહુ સ્તુતી કરૂં હું તમામ નેક વીચારની, નેક વાણીની અને નેક કામોની, મારી મનશની, ગવશની, કુનશનીએ કરી. વખોડું છું હું તમામ બુરા વીચારને, બુરી વાણીને, અને બુરાં કામોને, મારી મનશની, *ગવશની, કુનશનીએ કરી. એખ્તીઆર કરૂં છું હું તમામ નેક વીચારને, નેક વાણીને, અને નેક કામોને, મારી મનશની, ગવશની, કુનશનીએ કરી; યાને સવાબ કરૂં. તરક કરૂં હું તમામ બુરા વીચારને, બુરી વાણીને, અને બુરાં કામોને, મારી મનશની, ગવશની, કુનશનીએ કરી; યાને ગુનાહ નહી કરૂં. તમો જેઓ બુઝોર્ગ અમશાસ્પંદો છો તેઓને અર્પણ કરૂં ઇજશને અને નીઆએશ, ઘણી નેક મનશનીથી, ઘણી નેક ગવશનીથી, ઘણી નેક કુનશનીથી, મારાં તમામ અંતઃકરણથી, તમામ તનથી, મારા પોતાના તમામ જાનથી, મારાં તન અને જાનથી, કે જે જાનનું નામ રવાન છે."

આ ફકરા ઉપરથી એવું પણ માલમ પડે છે કે, પતેત કરનાર માણુસ પોતાના ગુનાહની પશેમાની "અમશાસ્પંદો"ની આગલ કરે છે, કે જે અમશાસ્પંદો સાત છે, અને તે મધે ખુદ દાદાર અહુરમજદનો પણ સમાસ થયલો છે. એ વીચાર, અમારી આગલી સમજાવટને મલતો, બલકે તેને ટેકો આપનારો છે. એજ ફકરાથી બીજું એ સમજવાનું મલે છે કે, પતેત કરનાર માણુસ પશેમાની કરવા સાથે ચોકસ જાતનો એકરાર પણ કરે છે અને તે

એકરાર પણ એટલામાંજ પુરો થતો નથી. એ ફકરાના બાકીના ભાગની સાથે તે પુરો થાય છે. તે એકરાર એટલો તો ઉંચી કીસમનો છે, કે તે અત્રે સદાબરો ઉતારી લીધા વગર અમારાથી રહેવાતું નથી:—

“મારી પાસે જે બીતરનો તથા બાહેરનો ખજાનો છે તે ખોદાની ખેશીને માટે હું રાખું છું. ખોદાની ખેશી માટે રાખવું એટલે કે, અગર જો એવું બને કે મારાં તનને મારાં રવાન માટે કુરબાન કરવું પડે તો હું તેમ કરૂં. બુલંદ અશોઇને હું વખાણું. દેવોને ઠીણું. ખોદાથી જે નેકી પહોંચે તેપર શુકરાનાં કરૂં. જો કંઈ રંજ ગનામીનોથી પહોંચે તેપર, રસ્તાખેજ થવાની આશાથી, રાજી અને એકમત રહું. હોરમજદની દીન, જરથોસ્તનાં ફરમાન, તથા પોઓરીઓદકેશીઓના રાસ્ત અને ખાલેસ રેવાજને હોકમ મુજબ બજા લાઉં; અને એ તમામ રાહથી હું જો ઉલટો ચાલ્યો હોઊં તો તેના ગુનાહોથી પતેત કરી પશેમાન થાઉં છું.”

કેવા સરસ વીચાર! કેવું ઉતમ એકરારનામું! ઓયા પતેતનો આખો પહેલો કરદો એક જરથોસ્તીનું એકરારનામું છે. તે એકરારનામું ધર્મનીતીના કાનુનને અનુસરતું છે. તે ભણનાર, દાદાર અહુરમજદ અને તેના બુઝોર્ગ અમશાસ્પંદો હજુર એકરાર કરે છે કે, હું આ અને આ રીતે ચાલું; અને જો તેમ નહી ચાલ્યો હોઉં, અથવા નહી ચલાય, તો તેના ગુનાહ માટે પશેમાની કરૂં છું. એક દીનદાર માણુસની મોટી ખુબી તેના વીચાર, વાણી અને વર્તણુકની પવીત્રાઇમાં છે. ખોદાના એક સાચા બંદાની મોટી ઉમેદ, પોતાના પેદા કરનાર અને તે પેદા કરનારની મોટી શકતીઓને પોતાનાં તન, જાન અને સર્વસ્વ અર્પણ કરવાની હોવી જોઇયે. એક બહાદુર માણુસની ખરી માણુસાઇ, પોતાના જાનની રસ્તગારીને માટે તનનો ભોગ આપવામાં છે. માણુસ જાતનું ખરૂં સુખ, ખોદા તરફથી પોતાને મલેલા અને મલતા વારસા ઉપર રાજી રહેવામાં છે; અને એ સઘળું પતેતના મજકુર ફકરામાં જોવામાં આવે છે. પતેતનો કરનાર તેમ માને છે, અને તેમ માનીને તે પ્રમાણે ચાલવાનો એકરાર કરે છે. તે એકરાર વલી તે પોતાના ગુનાહોની પશેમાની કરતી વેલા, પશેમાનીની સાથે સાથે કરે છે. એટલે કે, એક તરફથી તે પોતાનાં દીલને પાપની આલુદગીથી, પશતાવાનાં પાણી વડે ધોઈને સાફ કરે છે, અને બીજી તરફથી તેમાં ધર્મનીતીનો ખજાનો ભરતો જાય છે, કે જે ખજાનાની ભરતીથી પાપને તેમાં ફરી પેવશ થવાની જગા મલી શકે નહી. પશતાવો અમસ્થો કીધાથી, તેનો લાભ પુરેપુરો હાંસલ થઇ શકે નહી; કેમકે પાપ પાછું લાગુ થવાને તૈયાર હોય છે. પશતાવા જોડે તુરતજ ધર્મનીતીનો એકરાર કરી તેનો અમલ કર્યાથી, પાપને ફરી લાગુ થવાની જગા મલી શકતી નથી, અને તેથી પશતાવાની ખરી મતલબ હાંસલ થઇ શકે છે. જે કલામો આપણને આ જાતની ધર્મનીતી શીખવે, તે ખરેખરા ખોદાઇ કલામના દરજાને લાયક હોવા જોઇએ, તેના તરીકા પ્રમાણે ભણવા જોઈયે.

પતેત પશેમાનીના મોટા નાના મલી કુલે બાર કરદા છે. તેઓમાંના પહેલા અને છેલ્લા બાદ કરતાં, બાકીના દશ કરદાઓમાંનાં દર અકેકમા જુદી જુદી જાતના ગુનાહોને નામબનામ છુટા પાડી, તે ગુનાહો થયા હોય અથવા થયા છે.તે માટે જુદી જુદી પશેમાની ફરમાવેલી છે. ગુનાહોની આ સંખ્યા એકંદર લેતાં બહુ મોટી થાય છે, અને આ નાનાં ચોપાંન્યાંમાં તે દરેકની સમજ આપવી અથવા શરેહ કરવી, મુશકેલ છે. માત્ર એટલુંજ કહેવું બસ છે કે, દરેક જાતનાં માણુસ જાતથી દરેક રીતે અને દરેક સ્થીતીમાં થતા તમામ ગુનાહોને, તેમાં અજાયબ સરખી બારીકી અને કાબેલીઅતથી વીંટાલી લીધા છે. અમે નહી ધારતા કે, ગુનાહોની આ ટીપમાંથી કોઇ પણ જાતનો એકાદ ગુનાહ બાકી રહી ગયો હોય, અથવા છટકવા પામ્યો હોય; અગર જો છટકવા પામ્યો હોય, તો તેને પતેત પશેમાની રૂપી તોજેશનાં છટકામાં સપડાવવાને, પતેતના પરહેજગાર, મહાત્માની, અને ખોદાને પહોંચેલા બનાવનારે, પતેતના ૧૦ માં કરદાને છેડે નીચલા કલામો મેલ્યા છે:—

પાજંદ—ઓ અવરે હર આઇન ગુનાહ, ઓ પઇન પતેતી હોરમોઈદ, આંન ન હોરમોઈદ, આંન દાંનેસ્ત, આંન ન દાંનેસ્ત, આંન અંગર્દ, આંન ન અંગર્દ, સરોશ.

દા વેરેજયા પેશે રદ હસ્તુરે દીની આવાયસ્ત ગરજીદન, ઓએમ ન ગરજીદ, અજ આંન ગુનાહ.

અર્થ—અને એ ઊપરાંત બીજા હરકોઈ જાતના ગુનાહ, કે જે આ પતેતમાં મેં ગણતરીમાં લીધા, **અને જે નહી ગણતરીમાં લીધા;** જે મારી જાણમાં આવ્યા, **અને જે નહી જાણમાં આવ્યા;** જે મારી ખાતરમાં આવ્યા, **અને જે નહી ખાતરમાં આવ્યા;** અને જે ગુનાહ ફરમાંબરદારીની રાહે દીનના **સરદાર દસ્તુરની હજુરમાં** જાહેર કરવા લાજમ હતા તે મેં **જાહેર નહી કીધા;**—તે તમામ ગુનાહોથી પતેત કરી પશેમાન થાઉં છું, ઈત્યાદી.

પણ એ કરતાંબી વધારે સરસ રચના પતેતના છઠ્ઠા તથા સાતમા કરદામાં કીધેલી જોવામાં આવે છે, કે જે કરદા જોકે પતેત મધે સઉથી ટુકા છે, તોપણ તેમાં ગોયા આખી પતેતનો અરક સમાયલો છે. તે નીચે પ્રમાણે:—

પાજંદ—કુ કાંમે દાદાર અહુરમજદ બુદ, ઓએમ આવાયસ્ત મનીદન ઓએમ ન મનીદ, ઓએમ આવાયસ્ત ગોફતન ઓએમ ન ગોફત, ઓએમ આવાયસ્ત કર્દન ઓએમ ન કર્દ, અજાંન ગુનાહ.

કુ કાંમે અહેરેમન બુદ ઓએમ ન આવાયસ્ત મનીદન ઓએમ મનીદ, ઓએમ ન આવાયસ્ત ગોફતન ઓએમ ગોફત, ઓએમ ન આવાયસ્ત કર્દન ઓએમ કર્દ અજાંન ગુનાહ.

અર્થ—જે મોરાદ દાદાર અહુરમજદની હતી તે પ્રમાણે મેં જે વમાસવું જોઇતું હતું તે નહી વમાસ્યું, જે મેં બોલવું જોઇતું હતું તે હું નહી બોલ્યો, જે મેં કરવું જોઈતું હતું તે મેં નહી કીધું, તે ગુનાહોથી પતેત કરી પશેમાન થાઊં છું, ઇત્યાદી.

જે મોરાદ અહેરેમનની હતી તે પ્રમાણે, જે નહી વમાસવું જોઇતું હતું તે મેં વમાસ્યું, જે નહી બોલવું જોઈતું હતું તે હું બોલ્યો, જે નહી કરવું જોઇતું હતું તે મેં કીધું, તે ગુનાહોથી પતેત કરી પશેમાન થાઉં છું, ઇત્યાદી.

ફકત આ બે કરદા આખી પતેતની મતલબ સારી શકે; પણ તે છતાં જુદા જુદા કરદામાં જુદી જુદી જાતના ગુનાહો નામબનામ બોલીને તેની પશેમાની કરવામાં આવે છે તેનું કારણ એ કે, તેમ કીધાથી તે ગુનાહોની જાત અને તેની ગંભીરતા વીષે પતેત કરનાર માણસ સાવધ રહી શકે, અને તેઓમાંના જેબી કાંઇ ગુનાહ પોતે કીધા હોય તે માટે ખાસ રીતે પશેમાની કરી પોતાનાં અંતઃકરણને મોકલું કરવાની તેને જોગવાઇ મલે. પતેત મધે જે ગુનાહો વર્ણવ્યા છે તેમની બારીકીથી તપાસ કરતાં દેખાઇ આવે છે કે, તેમાં જેમ સાધારણ નીતી સંબંધી ગુનાહો આવ્યા છે, તેમ ધર્મ નીતીને લગતા ગુનાહો પણ છે. કાયદા સાથ તાલુકો રાખનારા ગુનાહો છે, તેમ સંસાર વહેવારને લગતા ગુનાહો પણ છે. જુઠું બોલવું, તકોબરી કરવી, અદેખાઈ રાખવી, કપટ ધરાવવું, ઇત્યાદી, એ નીતી સંબંધી, યાને નીતીનો તરીકો તોડવાના ગુનાહ ગણાય. ગાહંબાર, રપીથવન, ફરવરદેગાન, વગેરે ધર્મમાં ફરમાવેલાં ક્રીયા કામો અદા નહી કરવાં, પાલક તોડવો, સોંપેલી પતેત નહી કરવી, બાજ ધર્યા વગર જમવું, નસાની પરહેજ નહી કરવી, ઇત્યાદી એ ધર્મ સંબંધી, એટલે ધર્મમાં ફરમાવેલી ફરજો તોડવાના ગુનાહના વર્ગમાં આવે છે. હથ્યારથી કોઇને જખમ કરી તેને નુકસાન કરવું, કોઇનો માલ ખાઇ જવો, ચોરી કરવી, બદફેલી કરવી, ઇત્યાદી જાતના ગુનાહો કાયદા સાથ વધારે તાલુકો રાખનારા છે. મા બાપ, ભાઇ બેન, સગા વહાલાં, શેઠ નોકર ઈત્યાદીની પરસ્પરની જે ફરજો છે તે ફરજો ચુકવાના ગુનાહ સંસાર વહેવારને લગતા ગણી શકાય છે. પતેત મધે ગુનાહોની વહેંચણી જોકે આ ધોરણે કીધી નથી; તે જુદીજ રીતે, એટલે જરથોસ્તી કાનુન અને અસલી ઇરાની રેવાજ પ્રમાણે કીધેલી છે, તોપણ તેમાં આ સઘલી પ્રકારના ગુનાહ તો સમાઇજ ચુકેલા છે. કોઇપણ જાતના ગુનાહોની સામે આપણા કદીમ નયાગાનોને કેટલો બધો તીરસકાર હતો; નીતી તથા ધર્મ સંબંધી ફરજો તરફ તેમની લાગણી કેવી તીક્ષણ હતી; અને તે ફરજો ચુકવાથી તેઓ કેવા પશેમાન થતા હતા; તે જોકે આપણા ધર્મને લગતાં દરેક પુસ્તકોથી સ્પષ્ટ જણાય છે, તોપણ પતેત તેની સરસ ગવાહી આપે છે. તે પતેત ગોયા પાપને ટાલવાનો એક નુસખો છે. અનીતીનું વારણ છે; અને નીતી ધર્મની રૂચી ઉત્પન્ન કરનારી રામબાણ દવા છે.

પતેત એટલી ઉતમ છતાં આજના વખતના કેટલાક સુધરેલા પારસીઓ તેને હસી કાઢવામાં વડાઇ લે છે. બીજા, જેઓ એટલા ભેજાંથી ચસકેલા નથી, તેઓ પશેમાની તરીકે તે પઢવા સામે સવાલ ઉઠાવે છે. તેઓ પુછે છે કે, પતેતમાં જ્યારે સઘલાજ ગુનાહો

સમાવેલા છે, અને તે સઘલા ગુનાહો આપણે કીધા નહી હોય તયારે તે ભણવાની શી જરૂર ? જે ગુનાહ આપણે નથી કીધો તેને માટે પસ્તાવો આપણે શા માટે કરવો જોઇયે ? તેવાઓએ જાણવું જોઇયે કે, પતેત કાંઇ તેઓ એક બેને માટે જોડેલી નથી. તે એક આખા મોટા ટોલાને માટે, બલકે આખી દુન્યાનાં લોકો માટે જોડાયલી છે; અને તેટલા માટે તેમાં સઘલી જાતના ગુનાહોની સામટી તોજેશ પરમાવી છે. એક પતેત કરનારે તેમાંના કોઇ ગુનાહ નહી કીધા હોય તો તેની કાંઈ ચીંતા નહી. તેવા નહી કીધેલા ગુનાહની તોજેશ કરયાથી તેવા ગુનાહ તેને આવી વલગશે નહી. ઓર તે ગુનાહ તેનાથી દુર થતા જશે. પતેતના શબ્દોની રચના "ગુનાહ કીધા છે" તે કરતાં "ગુનાહ કીધા હોય" એવી રૂપની વધારે છે. માણુસ પોતાની જુદી જુદી નબલાઇઓને લીધે ડગલે ને પગલે ગુનાહ કરવાને લાયક છે. કેટલાક ગુનાહ તે જાણીજોઈને કરે છે. કેટલાક તેનાથી અજાણતાં થઈ જાય છે. કેટલાક તેની મરજી ઉપરાંત થાય છે. કેટલાક તેનાથી થવાનો સંભવ રહે છે. કેટલાક તેને અંગે અણચીતા આવી વલગે છે. તેવી હાલતમાં, અને ગુનાહ માટે સઘલી તરફથી ઘેરાયલાં ઈન્સાને, પોતાને સામટી રીતે ગુનેહગાર માની લઇ, દરેક જાતના ગુનાહો માટે દર વખતે પસ્તાવો કરવો સજાવાર છે. પસ્તાવો એક વાર પાપનાં દરદના **ઉપાય** તરીકે જરૂરનો નહી હોય, તો તે દરદના **અટકાવ** તરીકે તો ખચીત ફાયદાકારક થઇ પડશે. આપણે જોઇયે છીએ કે, ઘણીવાર ડાકટરો કેટલાંક એવાં માણસોને દવા લેવા પરમાવે છે કે, જેમને દેખીતી રીતે કશું દુખ દરદ હોતું નથી, પણ દુખ દરદ સામે ટકી રહેવાને તેમનું તન મન શકતીવાન બને એટલા માટે તેમને સાજી હાલતમાં પણ દવા પાવાની તે જરૂર જોય છે. સરકારી ધારાઓમાં પરમાવેલા સંખયાબંધ ગુનાહો કાંઇ એકેએક માણુસ કરતું નથી. થોડાક સો કે હજાર માણસો તે કરતાં હશે, અને બાકીનાં કરોડો માણસો તેનાથી નીર્દોષ રહે છે. છતાં તે સરકારી ધારા દરએક માણસને માથે પડેલા રહે છે, અને દરેકને તે જાણવાની જરૂર પડે છે. પતેત પશેમાનીના ગુનાહોના સંબંધમાં પણ તેમ જ સમજવાનું છે. તેમાં ગુનાહો સેંકડો જાતના હોય કે હજારો જાતના; તેવા એકેએક ગુનાહ તમે કીધા હોય કે નહી, તોપણ પતેતને તો પશેમાની તરીકે તમોએ ભણવીજ જોઈયે; કેમકે તે ભણવાની તમારે માથે ધર્મની રૂએ ફરજ પડેલી છે, અને નીતીની રાહે પણ તેમ કરવાને તમે બંધાયલા છો. જો આગલા ધર્મી વખતમાં પતેત કરવી સજાવાર ગણાઇ હોય, તો આજના અધર્મી વખતમાં તો તે ભણવાની જરૂર વધારે ગણાવી જોઇયે; કારણ આજના પારસીઓ નીતીપણાં તથા ધર્મીપણામાં પોતાના વડીલોથી ઘણા પછાત પડયા છે. અનીતી, પાપો, અને નાફરમાની તેમનામાં હદબાહેર વધી ચાલ્યાં છે, જે માટે આજે તેમનામાં મોટો હોહોકાર થઇ રહયો છે. તેનાં જે તરેહવાર કારણો છે, તેમાં આ પણ એક અમે સમજીએ છીએ કે, તેઓ પોતાના ધર્મની બીજી ભલી ચીજોની સાથે પતેત પશેમાની પણ છોડી બેઠા, અને પતેત પશેમાની છોડી બેઠા એટલે તેમાં દર્શાવેલા ગુનાહોનું ભય અને ભયંકરપણું તેમનાં દીલમાંથી જતું રહયું !

પતેત પશેમાનીનો છેલો કરદો, મરણ અને તેની પછીની હાલત વીશે બહુ ઉતમ વીચારો અને અમુલય બોધ આપનારો છે. તે ગોયા એક દીનદાર જરથોસ્તીનું વસીઅતનામું છે. પતેતનો પહેલો કરદો જેમ એક સાચા એતેકાદના જરથોસ્તીનો ધરમ તથા નીતી સંબંધી એકરાર રજુ કરે છે, તેમ આ છેલો અથવા બારમો કરદો તેની વસીઅત દરશાવે છે. અમે જયારે આ કરદાને વસીઅતનામાની ઉપમા આપીએ છીએ, તયારે કોઇએ એમ હરખાવું નહી કે, તે વસીયતનામાં મધે પતેત કરનાર શખસ પોતાની દોલત તથા મીલકતની ટીપ આપી તે પોતાનાં વારેસ વકીલોએ કેમ વહેંચી લેવી તે વીશે પોતાની ઇચ્છા જાહેર કરતો હશે ! ફાની દુનયાના તકલીદી લોભ લાલચોને વશ થયલાં ગાફેલ ઇનસાનો એમજ સમજે છે કે, વસીઅતનામું માત્ર દોલત અને માલ મીલકતની વાંટણી કરવાનુંજ હોય છે અથવા હોવુ જોઇયે. પણ એમ સમજવું ભુલ ભરેલું છે. વસીઅત જેમ ધન માલની થાય છે, તેમ ધરમ ધયાનની, નીતી રીતીની, તથા ફરજ ગુજારીની પણ થઈ શકે છે. પતે

ત પશેમાની કરનાર તરફથી તેના છેલા કરદા મધે થતી વસીઅત આ પરકારની છે. એ જાતની વસીઅત તે ખરી અને પાયદાર વસીઅત સમજવી જોઇયે; કેમકે ધન માલ જયારે દુનયામાં ફના થનારી ના ચીજ ચીજ છે, તયારે ધરમ ધયાન વગેરે હમેશની ટકાઉ અને મીનોઇ સાથ તાલુકો રાખનાર છે. આજે ધરમ ધયાન વગેરેની વસીઅત કરવાનો રેવાજ જાએજ નથી, પણ આપણાં કદીમ વતનમાં આપણા પરહેજગાર અશો નયાગાનોમાં તેવો રેવાજ જાએજ હોવો જોઇયે, એમ પતેતની આ વસીઅત ઉપરથી સમજવાને બને છે. ગુનાહ માટે ખરાં અંતઃકરણથી પસતાવો કરી દીલને ચોખું અને નીરમલ કરયા પછી એક દીનદાર માણસનાં મનમાં ધરમ ધયાન તથા મીનોઇ જેહાન વીશે કેવા ગંભીર વીચારો ઉતપન થાય, તે પણ એમાંથી સમજી લેવાનું છે. આટલી ટુક સમજ આપીને હવે અમે દેખાડયે છીએ, કે પતેતના છેલા કરદા મધેના વસીઅત રૂપી સખુન કેવા છે. એ કરદાની શરૂઆતમાં પરથમ થોડાંક વાકય એકરાર તરીકેનાં આવયાં છે, જે ફરીના અથવા પતેત કીધા પછીના એકરારના જેવાં, અને પહેલા કરદામાંના એકરાર કરતાં પણ વધારે ગંભીર લાગે છે. તેની મતલબ નીચે પરમાણે છેઃ—

જરથોસ્તી દીનનાં ફરમાનપર હું ઉસ્તવાર છું. રવાનની ખુશનુદી માટે ભલી અશોઇને હું પસંદ કરૂં છું. જીંદગીની હયાતી સુધી નેક વીચાર, નેક વચન અને નેક કરણીપર ઉસ્તવાર છું. ભલી મજદયસ્ની દીનપર સાબેત છું. સવાબો માટે એકમત છું. ગુનાહોથી જુદો છું. નેકી માટે શુકરગુજાર છું. રંજ ઉપર રાજી છું.

આ એકરાર બહુ ઉંચી નીતી તથા દીનદારીનો છે, પણ તે હૈયાતીની અંદરની હાલત માટેનો છે. હૈયાતી ખતમ થયા બાદ અથવા મરણ પામ્યા પછીની હાલત માટેનો એકરાર એની પછી, પતેત કરનાર કરે છે; અને તે આ પ્રમાણેઃ—

ચેન્વદ પુલ આગલ ગુનાહનો શુમાર કરીને જે સજા થાય છે તે સજાપર, ગુનાહને લીધે ત્યાં બંદે દરૂસ નામે જે ફાંદો પડે છે તે ઉપર, દીનના હોકમ મુજબ ત્યાં જે તોજેશ કરવી પડે છે તે ઉપર, અને મરણ પછીની પહેલી ત્રણ રાતે ગુનાહની જે સજા થાય છે, કે જે સજાને લીધે તે અકકેકી રાત ૫૭ વરસનાં જેટલી લાંબી લાગે છે, તે સજા ઉપર, હું રાજી અને એકમત છું.

અને પછી વસીઅતરૂપી સખુન શરૂ થાય છે. પ્રથમ વસીઅત એવી મતલબની છે કે, પતેત કરનારે આ પતેત શા કારણસર અથવા કેવી ઇચ્છાથી કીધી. જેમ કે,

આ પતેત જે મેં કીધી તે, સવાબની ઉમેદ માટે, દોજખની ધાસ્તી દુર કરવા માટે, ભલી અશોઇ મેલવવા માટે, જે સવાબ મેં કીધું અને કરૂં છું તે કાયમ રાખવા માટે, ગુનાહની અસરો ટાલવા માટે, તથા મારાં રવાનના છુટકારા માટે કીધી છે. એટલું છતાં, અગરજો મારો કોઇ ગુનાહ તોજેશ થયા વગર રહી ગયો હોય, અને તે ગુનાહથી મારો છુટકારો નહી થયો હોય, તો તેના બદલામાં મરણ પછીની પહેલી ત્રણ રાતની પેલી સજા પર હું રાજી અને એકમત છું.

અને ત્યારબાદ પતેત કરનાર પોતાનાં અતલગનાંઓને પોતાની ફરજ ગુજરી માટે વસીઅત કરે છે કેઃ

હું ફરમાવું છું કે મારાં મરણ વખતે મારાં સવાબ માટે અશેમ વોહુ ભણે, તથા મારાં મરણ આગમજ મારે માટે પતેત કરે; અને મારાં મરણ પછી મારાં ફરજંદો મારા ગુનાહની પશેમાની માટે પતેત કરે, તથા મારા સરોશ અને ગેતીખરીદ કરાવે.

☞ આ ફરમાવનાર, તેની ખાહેશ રાખનાર અને કબુલનાર હું છું, હું અહુરમજદનો બેશી છું, તેને નેક ગણું છું, ને અશોઇને વખાણું છું.

આમાંની છેલી ત્રણ લીટીમાંના સખુનો ગોયા કરનારનું સહી મતુ છે, તેમાં તે પોતાની ઓલખ યા પીછાન, અહુરમજદના બેશી અને અશોઇને ચાહનાર તરીકેની આપે છે. આ વસીઅત દીન ઇમાન વગરના એક માણસને કદાચ હસવા જોગ લાગે, પણ જેનું દીન ઈમાન સાબેત છે, જેને ભવીશયની જીંદગીપર ભરૂસો છે, અને જેને બેહશતની ઉમેદ તથા દોજખનો ડર છે, તેને માટે તે એક મોતેબર હદીઓ છે. એક ધરમી માણસના વીચાર એથી જુદા હોય નહી; પોતાનાં રવાનના છુટકારા

માટેની તેની ખાહેશ એથી બીજો રસતો જોઇ શકે નહી; અને મરણ પછીની જીંદગીના વીચાર કરતાં બીજા વીચાર, તેની પશેમાની દરમ્યાન વધતું વજ ન પામે નહી. પતેત કરનાર માણુસ કાંઇ પતેત કરી ને તુરત ગુજર પામતું નથી. તે છતાં તે મરણનાં જેવી વશીઅત કરે છે તેનું કારણ એ કે, મરણ માટે તે હંમેશ તઇયાર અને સાવધ રહે છે. અને જે માણુસ મરણ માટે તઇયાર અને સાવધ, તેજ ખરો દાનાવ અને દીનદાર. ગાફેલ અને દુનયાદાર માણુસ જયારે દુનયાની ફાની મોજ માયામાં ગાફેલ બની મરણને ભુલી જાય છે, અને તે ભુલામણીને લીધે બદી અને પાપોને વશ થતો રહે છે, તયારે દીનદાર અને દાનાવ માણુસ મરણને પોતાની નજદીક માની પાપોથી ડરતું અને સવાબ માટે અધીરૂં રહે છે. દર વેલા તે પતેત પશેમાની કરી પાપની માફી તથા રવાનની સાફી ચાહે છે, કે જેથી મરણ બાદ પોતાના પેદા કરનારની હજુરમાં [illegible] હાજર થઇ શકે. પતેત પાપના પસતાવાનું [illegible] છે, અને તે આપણને આ જાતનો ઉતમ બોધ [illegible] છે. દીનદાર જરથોસ્તી! ગુનાહના ગોબારથી તારૂં રવાન બીમાર રહે છે, તો તેની શાંતી માટે એવી ઉતમ પતેત પશેમાની તારી પાસે મોજુદ છે. તે તું હર વખત અને હર જગે તેના તરીકા પરમાણે ભણતો રહે. તે ભણવાની તારે સીર ફરજ છે, અને તે ભણવામાં તારા રવાનનો ફાયદો પણ છે. તે ભણવાથી તારાં રવાન ઉપરનો પાપનો બોજો તું ઓછો યા દુર કરી શકશે, એટલુંજ નહી પણ તારી દીનદારી પણ તું જાલવી શકશે. પતેત પશેમાનીની આગલના અને વચેના તથા પાછલના આ ફરી ફરી ભણાતા કલામ તારા મુદરા લેખ થઇ રહેવા જોઇયે કે, "અજ હમા ગોનાહ પતેત પશેમાનોમ ૫ પતેત હોમ", યાને તમામ ગુનાહોથી પતેત કરી પશેમાન થાઊં છું!

સુબોધ માલા.

ખોદા! બાલેબાલ હું ગુનેગાર છું,
શેતાની કમંદમાં ગીરફતાર છું.— ૧
નથી મુજ બચાવ, નહી સીફારસ તદન,
બચાવ એજ:નસીબ પાસે નાચાર છું.— ૨
છું હારેલો મારેલો પાંગલો અપંગ,
અને નબલો નાચીજ નીરાધાર છું.— ૩
એબાદત પેશામાં છું ગાફેલ ઘુવડ,
અનીતીની બદબોથી બીમાર છું.— ૪
છું લાએક તું પીતાની ઇત્રાજીને,
સજા સખ્ત માટે. સજાવાર છું.— ૫
છું તુંજ કુદરતનો કમીનો ગુલામ,
ભલા તુંજ પુજારાની પેંજાર છું.— ૬
છું નાપાકોથી બદ, નફટથી નફટ,
કુલે દુશવારોથી દુશવાર છું.— ૭
બદીથી થયોછ શત્રુ જીંદગાનીનો,
પોતાનોજ પોતે હું સેતમગાર છું.— ૮
બેઠોછ નેક નસીબનો નતીજો ખોહી,
ખરાબીનો શીકાર ને ખુવાર છું.— ૯
છું શરમીંદો ફીકકો પશેમાન તું પાસ,
સબબ બદગુમાન બુરો બદકાર છું.—૧૦
છું નામે સુરજ, પણ ન કામે તેવો,
ફરજ ચુકવાથી હું બેજાર છું.—૧૧

સઉ વગર ચાલે, રબ! તું વગર નહી,
જીવ ઝીણો પાલે કોઇ તું વગર નહી.— ૧
તું વગર નહી જમીન, જેહાન, ને જમાન,
પાતરૂં પણ હાલે, રબ! તું વગર નહી.— ૨
તું વગર નહી ધરમ, ધ્યાન, ને ધીરજ,
નેકનામી ચાલે, રબ! તું વગર નહી.— ૩
તું વગર નહી રોશની, રચના, ને રંગ,
પાણી વહે નાલે, રબ! તું વગર નહી.— ૪
તું વગર નહી ધારા, દયા, ને નયાય,
સ્રષ્ટી સંભાલે કોઈ તું વગર નહી.— ૫
તું વગર નહી કુટુંબ, ઘર, ને સંસાર,
પંખી હોય માળે, રબ! તું વગર નહી.— ૬
તું વગર નહી જાન, જીંદગી, ને જોર,
આફતો ટાળે કોઇ તું વગર નહી.— ૭
તું વગર નહી ધણી, ધાન્ય ને ધન,
ટુકડો પણ આલે કોઇ તું વગર નહી.— ૮
તું વગર નહી વીદયા હુંનર ને ગ્નાન,
પડતાંને ઝાલે કોઇ તું વગર નહી.— ૯
તું વગર નહી મુલક, મતા, ને રાજ,
બીતર ભેદ ભાલે કોઈ તું વગર નહી.—૧૦
તું વગર નહી ચંદ્ર, તારા, ને ગ્રહ,
સુરજ ઉગે કાલે, રબ! તું વગર નહી.—૧૧

જીંદગીની ફરજો.

ભલા વાંચનાર ! તું આટલું તો જાણે છે કે દુન્યામાં કાંઈપણ ચીજ ફોકટમાં જન્મ પામી નથી. હરેક ચીજ પોતા સાથે પોતાનું કાંઇપણ કામ લેતી આવે છે. ત્યારે જરા દુરઅંદેશીથી વીચાર કર, અય માનવી ! કે દુન્યામાં તું કે જે તે કીરતારની સર્વેથી શ્રેષ્ટ અને ખુબીવંતી પેદાયશ છે, તે કાંઇ ફોકટમાં જન્મ પામ્યો ન હોય. જેમ કુદરતની સઘળી પેદાયશોમાં તું શ્રેષ્ટ છે, તેમ તારાં કામો પણ શ્રેષ્ટ હોવાં જ જોઇએ. તારાં અજાયબીથી ભરપુર શરીર તરફ નેગાહ કર ! તે ઉપર વીચાર કર ! માનવી પોતાની ગમે એવી બડાઈ છતાં શું એનો એક ભાગ પણ બનાવવા શકતીવાન છે ? તે મહાન કીરતારની એ એક સર્વેથી ઉત્તમ બક્ષેસ છે. માટે તે ઉત્તમ બક્ષેસનો ઉત્તમ ઉપયોગ થવો જોઇયે. તું આટલું તો જાણે છે કે તને તથા તારી આસપાસની બેહદ કરામત ભરી કુદરતને બનાવનાર એક મહાન ગેબી શકતી છે, કે જે શકતીને તું ખુદા તરીકે પીછાને છે. એ ઉપરાંત તું જાણે છે કે આ દુન્યાની તારી જીંદગી માત્ર થોડા વખતની છે; યાને આ દુન્યા ગોયા મુસાફરખાનું છે, તું એક મુસાફર છે. પણ તેટલા માટે તારે એમ ન સમજવું કે આ દુન્યાની તારી જીંદગી જેમ ટુંકી છે, તેમ તેમાં સમાયલો ભેદ પણ ટુંકો છે. ના, એમ નથી. તારી જીંદગી ટુંકી છે, તેનો ભેદ ટુંકો નથી, તેની કીંમત નાની નથી. તેની કીમતની હદ નથી, બલ્કે કહું કે તેની કીમત થઈ શકેજ નહીં. ઝવેરની કીમત ઝવેરી વના કોણ કરી શકે ? ગધેડાંને ગુલાબના ફુલની શી ખબર ! તેમજ જીંદગીની કીંમત ખરી રીતે તેજ માનવી પીછાની શકે કે જે જીંદગીના ભેદ ભરમો જાણી શકે.

નેક માનવી ! તું જાણે છે કે તું કયાંથી આવ્યો છે ? તું શાનો બન્યો છે ? કુદરતની રમતથી ભરપુર એવી કોઇ જગ્યા ઉપર દીવસના યા રાતના કોઇપણ વખતે ફરવા નીકળ. ત્યાં તારી આસપાસની કુદરત ઉપર સહેજ નજર દોડાવ. તુરત તારાં ઉડતાં મનમાં તરેહવાર વીચારો ઉત્પન્ન થશે; અને ત્યારેજ કુદરતી રીતે તને તારી હાલત ઉપર વીચાર કરવાનું સુજશે. માનવી ! સાધારણ નજરે જોતાં તું એક ચામડાંનો કોથળો માલમ પડે છે. પણ ત્યારે શું ખરેખર તું એમજ છે ? ના, નહી. તું જાણતો તો હોવો જોઈએ કે, ઘણીક વાર એકાંતમાં બેશીને કુદરત વીષેના ઊંડા વીચારમાં મશગુલ થતાં દેલમાં કાંઈક તરેહવાર લાગણીઓ ઊત્પન્ન થાય છે. એ ઊપરાંત તું જાણે છે કે કુદરતની બીજી સઘળી પેદાયશો કરતાં તું શ્રેષ્ટ છે. કારણકે તને તે પેદાના કરનાર મહેરબાંન કીરતારે અકલનું કીમતી ગોહેર બક્ષ્યું છે. આ અકલનાં કીમતી ગોહેરથી તારામાં અને હેવાનોમાં એક મોટો તફાવત પડે છે. એ ઉપરાંત તારાં શરીરમાં એક ધીમો ખુદાઇ ચેરાગ બળે છે, કે જે તે ખુદ ખુદાનાં નુરનો અંશ છે. આ નુરી ચેરાગ જે તારા શરીરમાં બળે છે તે કાંઇજ નહીં પણ તે નુર-ઉલ-અનવાર, યાને નુરોનાં નુરના બોહળા મહાસાગરનું એક ટીપું છે. તેને સાધારણ રીતે આત્મા કરી કહેવામાં આવે છે. આ તારો આત્મા તે ગોયા તારો ભોમ્યો છે, જે ઘણીક વાર ખોટાં કામો કરતા વેળા તારાં દીલમાં કાંઇક લાગણી ઉત્પન્ન કરી તને તેમ કરવાની મનાઇ કરે છે.

આટલું જોઈ હવે નેક વાંચનાર ! આગલ ચાલ, અને તારી જીંદગીની નેમ યાને તેનો છેડો શું છે તે તપાસ. તું જાણે છે કે માનવી માત્ર આ દુન્યામાં અનુભવ લેવા આવેલા મુસાફરો સમાન છે. આ મુસાફરીનો સંપુર્ણ અને ખરો અનુભવ લઇ સર્વેને પોતાને દેશ જવાનું છે; પણ આ દુન્યાનો અનુભવ લેવા આવતાં જેઓ ખરો અનુભવ કેમ લેવો તે ભુલી જઇ માત્ર બીજી ક્ષણભંગુર બાબદોમાં પોતાની કીમતી જીંદગીનો ટુંકો પણ કીમતી વખત બરબાદ કરે છે, તેઓ પાછા ફરતી વેળાએ નેકીનો ભોમ્યો પોતાની સાથે ન હોવાથી રસ્તો ભુલે છે, અને તે હંમેશગીના મુલક તરફ જઇ પોંહોચવા શકતીવાન થઇ શકતા નથી. આ ઉપરથી જાણ, અય નેક માનવી, કે તારી કીમતી જીંદગીની મુળ મતલબ યાને નેમ તને પેદા કરનાર કીરતારનાં દર્શન કરવાની છે. પણ તે કેમ થઇ શકે ? તારી પોતાની કોશેશથી. હથીઆરો તને તે

કીરતારે પુરાં પાડેલાં છે. તારે જે કરવાનું રહ્યું છે તે એજ કે તે હુન્નરથીઆરોનો સારો ઉપયોગ કરી તારે ખંતથી અને ધીરજથી તારાં કામ ઉપર મંડવું. પણ શા કામ ઉપર ? તારૂં સર્વેથી પહેલું કામ તે તારી સઘળી "જીંદગીની ફરજો" પ્રમાણીકપણે અને બરાબર રીતે બજાવવામાં સમાયલું છે. પણ તે ફરજો કોણ તરફની ? ફરજો, પહેલી, તારી પેદાના કરનાર પાક પરવરદેગાર તરફની; તારા ધર્મ તરફની; તારી આસપાસનાઓ તરફની; તારી ખુદ પોતા તરફની અથવા ટુંકમાં કુલ દુન્યા તરફની. તારી ફરજ એ ગોયા તારૂં કરજ છે, જે તારે ફીટાડવું જોઈએ. તારી જીંદગી ખરી ઉપયોગી ત્યારેજ ગણાય, કે જ્યારે તારી ફરજો બજાવવામાંજ તે ખતમ થાય.

સુબોધ માળા.

રબ ! તારા દસ્ત કવી કારગર રીવાય,
કોણ કરશે મુજ મુશકેલ દુખનો ઉપાય ?—૧
રબ ! તારી ગેબી રહેમ નજર વગર,
કોણ રાખશે મુજ બુરા હાલની ખબર ?—૨
રબ ! તારી અજમતી બક્ષેશ વના,
થાયછ મારી જીંદગી ને આશા ફના.—૩
રબ ! તારા એતબાર ને એખલાસ બીન,
થયોછ હું દીન અને દુન્યાથી હીણ.—૪
રબ ! તારી કુમક ને મદદ બગેર,
થાયું છે ઉજડ આ સુખવારી ઘેર.—૫
રબ ! તારા આશરા ને આધાર વીના,
ફાવે છે મુજપર શત્રુઓ હીણા.—૬
રબ ! તારા લાડ અને ઉત્તેજન વણ,
રૂઠયાં છે મુજ સાથે તન મન ને ધનં.—૭
રબ ! તારી માફી ને માયા સીવા,
ગુલ થાયા મુજની ફત્તેહના દીવા.—૮
રબ ! તું જો જુદાઇ ને ગુસ્સો તજે,
નમતો સુરજ ફરી જગમાં સજે.—૯

ચાહય તું કે દુખના હુમલાથી બચે,
તો રેહ આ નસીહતના કીલ્લા વચે:—૧
સચ્ચાઇનો પક્ષવ તું હરગેજ ના મેલ,
ખેલે તો બસ બાજી ભલાઇની ખેલ.—૨
સંતોષને કર તું જીગરનો સાથી,
બની રેહ સદા ધરમનો નાતી.—૩
ઊસ્યાલા ટુકડાથી રહે દુર સો દગ,
ગાડીથી ગણ બેહતર જાતીકા પગ.—૪
દેરાવનો કીલ્લો તું પથ્થરનો બાંધ,
તુટેલી હાલતને હેકમતથી સાંધ.—૫
હીંમતને કર તું બચાવનું હથ્યાર,
નસીબના ડંખપર રેહ શુકરગુજાર.—૬
નીંદકની નીંદાને પગ તલે ચાંપ,
પાછલ નાખ ભુકતાં, ને રાહ આગલ માપ.—૭
સંકટનો બોજ મોટાં મનથી ઉઠાવ,
દુખોના જખમ ભકતીથી રૂઝાવ.—૮
આલમને આપતો રેહ ફાયદા ખુરશેદ,
નહી રાખતાં તેમનાથી ન્યાએશની ઉમેદ.—૯

શકતી છે એટલી આ ફલક અંદર,
આફત ઉલટાવે એક પલક અંદર.—૧
બન્યા છે દાખલા હજારો હજાર,
કુદરત અંદર ને આ ખલક અંદર.—૨
અંધકારના ઓરડા થાયછ રોશનીના હાલ,
રહે છે વલી અંધકાર, ઝલક અંદર !—૩
દેખીતો દુખી, પણ સુખી છે તે,
રબ જેનાં દીલ અને હલક અંદર.—૪
રબ તું રટે તો મલકથી ચઢે,
રૂપ તારૂં ફેરવાઇ જાય મલક અંદર.—૫
ફોકટ ના ફાયદો શોધ જડ જથામાં,
ગુણ ગેબી છે કતરા અરક અંદર.—૬
ઝટ વારમાં પ્રકાશશે પાછો સુરજ,
નડશે ઘરણ કયાં તક, ઝમક અંદર ?—૭

એક દીપકમાં કીરણ હજારો હજાર,
એક ટીપાંમાં જીવજંત હજારો હજાર.—૧
રે રબ ! તુંજ પેદાશનો શું કાઢું શુમાર ?
એક રેતીમાં રજકણ હજારો હજાર.—૨
તુંજ નાચીજ પેદાશમાં હું જોઉંછ મોટી જગ,
એક જીવડામાં ચીતવન હજારો હજાર.—૩
તુંજ નાચીજ પેદાશમાં પણ મોટી મજાઉ,
એક રૂવાંમાં ગુંથણ હજારો હજાર.—૪
તુંજ નાચીજ પેદાશમાં પણ મોટી કલા,
એક લેહકીમાં નાચણ હજારો હજાર.—૫
છે નાચીજ જે પેદાશ તેજ મોતીનું મુલ,
એક બીઆંમાં ઉત્પન હજારો હજાર.—૬
બહુ નાચીજ ચીજો મલી બન્યોછ ખુરશેદ,
એ ચીજ સઉથી બલવંત હજારો હજાર.—૭

ખરી સખાવત કઇ કહેવાય ?

"સખાવત" આ શબ્દનો અરથ આપણે સાધારણ રીતે એવો સહમજયે છીએ કે "ધરમાદા પઇસા આપવા;" અને તેટલાં ખાતર ગરીબ ઇનશાંન પોતાને એ ફરજથી બંધાયલો સહમજતો નથી. પણ આ મોતેબર ગુણ દરેક પ્રાણી માત્રમાં તેના ખરા સ્વરૂપમાં હોવો જોઈએ, કે જે આકેબત આત્માની મુકતીનું મુખ્ય હથીઆર બને છે. ખરી સખાવત બીજા દુઃખીને માટે જીગરમાં લાગણી ઉત્પંન થવી તે છે; અને તેને તરૂપત કરવાને ખાતર આ શરીર અને આજુબાજુની વસ્તુઓ (માલ ખજાનો) તો ફકત એક હથીઆર છે. સખાવત મનથી અને તનથી બેઉ રીતે થઇ શકે છે. એક તવંગર પુરૂષ પોતાની પાસના પઇસા હાજતમંદોને આપી તેઓની જે હાજત ટાલેછે તે ફકત તનની સખાવત થઇ, કારણ કે ખાકી પદાર્થ જે તેની પાસે જથામાં હતો તે તેણે બીજાને આપી પોતાની ફરજ બજાવી. પણ મનની સખાવત એ કરતાંબી વીશેષ મોતેબર છે. જો એક ઇનશાનને આપેલાં દુખનો બદલો લેવાનો વખત આવે અને તેવે સમયે જો તે ઈનશાંન પોતાનાં મનની મોટાઈથી સાંમાંને દરગુજર કરે તો તેમાં ખરી સખાવત છે. દાખલા તરીકે, આપણ કોઇ જગાપર કીડીનાં દરની પાસે ઉભા હોઇએ, અને તે વેલાએ એકાદ બે કીડીઓએ ચહડીને ચટકો લગાડયો હોય તો પેલો ધણી પોતાને લાગેલાં દુઃખને લીધે પેલી બાપડી નાતવાન પણ નીરદોષ કીડીને ભચડીને મારી નાંખશે, કારણ કે તે વેલાએ તેને દીલમાં દુખ ઉત્પંન્ન થયલું હોય છે, અને તેથી જે ગુસ્સો ઉત્પંન્ન થયો તે પેલો ભોગ લેય છે. હવે, આ વેલા જો તે ઇનશાંનમાં સખાવતની લાગણી બલવાન થાય, તો તે પેલી કીડીને એક બાજુ મુકી દઇ પોતે લગાર તેનાં મુકામથી દુર જઇ ઉભો રહે, કારણ કે તે જાણે છે કે આ પ્રાણીએ મને દુખ દીધું છે અને તે મારા કરતાં હીંણુ બનેલી છે, છતાં તે પોતાનાં સખી દીલથી પોતાનાં દુખનો બદલો છોડી દે છે. ગરીબ હોવા છતાં સામાં પ્રાણીનાં દુખમાં ભાગ લઇ તેમાં બનતી મદદ કરવી એ પણ એક જાતની સખાવત છે; જેમ એક આંધલો માણસ ખોટે રસતે જતો હોય તેને ખરે માર્ગે દોરવવાથી સવાબ હાંસલ થાય છે, તેમ એક વીપત્તીમાં ફસેલા પુરૂષને તેના માઠા વખતમાં સારી સલાહ આપી, તેને કયે રસ્તે જવું બેહતર છે તે બતલાવી આપવું, એ પણ ખરી સખાવત છે. શેખ સાદીના કહેવામાં ખરેખરી વજુદ છે કે "સખાવત દરેક દરદની દવા છે." એક સખી મરદ એક દુખીનાં તન અને મનનાં સઘલાં દુખોનો ઉપાય કરનાર છે. તેટલા ખાતર ઇનશાંન માત્રની ફરજ છે કે તવંગરે પઇસાથી, ગરીબે મેહનતથી, શીખેલાએ વીદ્યાથી, ભલામણવાલાએ ભલામણથી સામાંનાં દુખને પોતાનાં તરીકે પીછાંણીને, થતાં કામના કાંઇપણ આ અથવા પેલી જેહાંનના બદલાની આશા વગર નીપકાંમ સખાવત કરવી. જો એક સખી મરદ પોતાનાં કીધેલાં કામને માટે એમ માંની લે કે મારાં કામથી ઇશ્વર રાજી થશે અને તેને બદલે મારી ફલાંણી મુરાદ બર આવશે તો તે એક જાતનો સોદો થયો, માટે ખરી સખાવતના બદલાની આશા રાખવી એ ફોકટ છે. ખુદરત કાંઇ સખાવત કરનારને પીછાંણતી નથી યા તેની હાજતનું તેને સ્મરણ નથી એમ નથી, પણ તે પોતાનો વખત આવવા સુધી તે ધણીને થોભાવે છે અને તેવી વેલાએ તે શખસે વારંવાર માંગણી કરવી એ મીથયા છે, કારણ કે આ જગતને લગતી સરવે વસ્તુઓ મલવી એ તેના વખત સીવાએ બનતું નથી, ત્યારે એક કીધેલી સખાવતના બદલા તરીકે એક ઉમેદ ચાહવી કે મને ફલાણી ચીજની પ્રાપતી થાય એ તો ગોયા એક આપી બીજું માંગવા બરાબર થયું, અને તેથી આ પેલી ચીજની કીંમત તો અહીંજ માંગી લીધી, એટલે હંમેશગીમાં તેની આશા રાખવી મીથ્યા છે. સખાવત કરી વીચાર કરવો કે "વાહ! મેં ફલાણાનું કલયાણ કીધું" એ પણ ગોયા તેની કીમત ઘટાડવા જેવું છે. ખરી સખાવત જીગરની લાગણીથી કરવી અને તેને માટે કાંઈબી ફલની આશા રાખવી નહીં; એવી લાગણીથી થયલી સખાવત તેજ ખરી સખાવત ગણાય અને એવી સખાવત કરનારનેજ બન્ને જેહાંનનું સુખ મલે. સખાવત વીશે એક

સાહેર એમ જણાવી ગયો છે કે "સખાવત છે તે ગોયા એક ફાનસ છે અને તેમાં બતી મુકેલી છે તે ગોયા દોલત છે. તે ફાનસના આસરાથી, પવન ફુકે તોબી બતી બુઝાતી નથી, એટલે કે સખાવત જે છે તે પોતાની દોલતને સંભાલી રાખવાનું એક હથીઆર છે."

—o-o:⊙:o-o—

ઇન્સાફ.

ઉંચા તે શનીશ્વર સેતારા પર,
લીધી હોય ખાબની તેં જગ્યા અગર,
સાંભળશે દુઃખીની કેમ તું ફર્યાદ ?
ચાહશે જો જુલમની તું થી તે દાદ ?
કર એવી જગ્યા પર હંમેશ તું ખાબ,
કે સાંભળે તું દુઃખીની ફર્યાદ સેતાબ.
કરે અગર તું જની હકુમત અંદર,
જુલમ તું જ હાકેમ કોઈ મુફલેસ ઉપર,
જુલમ તે છે ગોયા તું જનીજ પેદાસ,
કે હાકેમ છે તું જનો તે નેમેલો ખાસ.

વાંક નથી સગનો જે કરેછ તોફાંન,
પણ છે વાંકમાં ગીરફતાર નાદાન ઇન્સાન,
જે પાળેછ તે સગને ખુદ પનાહ અંદર,
ને ધરાવતો નથી કંઇ કાબુ તે પર.
મહેર છે તે ફીરતારની, તું પર **વોહુ-મન** !
છોડ તું જની કલમને, ગોયા પવન,
ને ધરાવતો હોય અગર, **સત્ય** સુખન,
આપી દે રાખી તું, ભલું તું જ મન.

(બોસ્તાન.)

—»«—

ઝબાંન.

હાડકાં વગરની આ કમબખ્ત ઝબાંન,
નાની ને નાજુક પણ વાલે છે ધાંન;
ધાંન વાલેછ જેટલો એક તેજી તરવાર,
તે કરતાં વધુ એ ઉડાવેછ સર.
હોય અગર ઈન્સાન ! (તું) દાનાવ એક નર,
રાખ તું જની ઝબાંને કાબુ અંદર,
કે તેજી એ ઘોડો જો છુટે એક વાર,
ફેંક ખુદ સવારને અક્કલથી બહાર.
અક્કલથી ગુમ થતું ગોયા છે મોહત,
કે અક્કલ છે ઇન્સાંનની જીંદગીની જોત;
ધરાવતો હોય નહીં જો, અક્કલ ઇન્સાંન,
ફરક શું તે અને હેવાંન દર—મ્યાંન !

મુક ત્યારે ઝબાંનના અરપની ઉપર,
અક્કલ ને દાનાઇનું ખોગીર સુંદર;
વીચારની લગામનો નાંખ તે પર બંદ,
ને રાખ તેની ઉપર તું કાબુ—કમંદ;
કે થશે નહીં અરપ કદી, તે શકતીવાંન,
કમંદથી નીકળીને કરતો તોફાંન,
ધરાવતો હોય જ્યારે ખરા સુખન,
ધીરજથી ત્યારે તું ખોલજે ઝબાંન;
કે વીચાર ને દાનાઇથી ભરપુર સુખન,—
છે હંમેશ ફતેહમંદ, આતુર **વોહુ-મન** !

—•—

સુબોધ માળા.

શું આવ્યો વખત આ ઉંધો અવર !
નહી ધરમનો ધાક—નહી ખોદાનો ડર.—૧
નહી નીતીનો પ્યાર—નહી ભલાઇની હોંસ,
નહી સુખમાં શુકર—નહી દુખમાં સબર.—૨
નહી વડીલનું માન—નહી બુઢાંનો ટેક,
નહી રંકની દયા—નહી ગુણની કદર.—૩
નહી પાપનો ધીક્કાર—નહી પુણ્યની પ્રીત,
નહી નારીમાં લાજ—નહી નરમાં વક્કર.—૪
નહી મનમાં સફાઇ—નહી દીલમાં ઈમાન,
નહી રીતમાં અદબ—નહી સાચપર નજર.—૫
નહી ખાણામાં રસ—નહી ધંધામાં કસ,
નહી ઝેમતમાં જશ—નહી ખીસામાં જર.—૬
નહી દોસ્તમાં વફા—નહી બેગમમાં ગમ,
નહી વેહેવારમાં ન્યાય—નહી હૈયાંમાં "હર".—૭
નહી ભકતીનો ભાવ—નહી ખુરશેદની ન્યાએશ,
નહી ફલમાં લેહજત—નહી શીપમાં ગોહર.—૮

ભલાઇ.

પકડાયછ જેમ ફાંદાથી જંગલી જાનવર,
જીતાયછ તેમ માયાથી માનવ જીગર.
ચહાતો હોય કરવા, અય ઈન્સાંન! અગર,
દુશમનને ફેરવીને તુંજનો મીત્તર;
નાંખ તેનાં સર ઉપર એહસાનનો બંદ,
કે તોડશે નહીં તરવાર, તે મજબુત કમંદ.
ભલાઇ ને ઉપકાર ને માયા ને મેહેર,
કચડશે તુરત તુંજ દુશમનનો કેહેર.
કરશે અગર કદી તું, ફરેબ ને ફંદ,
જાની તુંજ દોસ્ત થશે, તુંજનો દુશમન;
કે રોપ્યું હોય થુવરનું દરખ્ત અગર,
રાખે કોણ ગોલાબની આશા તે પર?
દાલ તુંજના દોસ્તથી જો રાખે તું તંગ,
ચાહે કેમ તે જોવા તુંજ ચહેરાનો રંગ?
ચાહે અગર દોસ્તી તુંજ દુશમનની સાથ,
નેકીના રેહેબરનો પકડ તું હાથ;
કે માનોઈ મુસાફરીમાં, પવીત્ર મન,
છે ફતેહમંદ હમેશ, અય આતુર વોહુ-મન!

(બોસ્તાન)

ખરો મઝદયસની તે કોણ?

વાંચનાર! મઝદયસની એટલે કોણ? એકજ ખોદાને માંનનાર. અલબત તે ખોદા એકલોજ લાયક પુંજય છે, અને મનશની, ગવશની અને કુનશનીથી તેની અને તેનીજ પુજા કરનાર જે ધણી તે મઝદયસની.

ખરા મઝદયસની થવા માટે વીચાર, વાચા અને કરમને અષોઈ સાથે મેલવી દેવાં જોઇએ. અષોઈનાજ વીચારો જેવા કે સ્વતા કાંઈબી લાભ વગર જગતના કુલે બંદોબસ્તને ફાયદો પડતા, જગતમાં સર્વાર્થ મીત્રતા ફેલાવતા અને જેમાં ખોદાની મારેફતનું ભાણુ થાય એવા વીચારો કરનાર તે ખરો મઝદયસની હોય. અષોઇએ પુર જે વાચા કે જેનાં મુખમાંથી બહાર પડવાથી જગતમાં કલયાણરૂપી આશીરવાદ ફેલાય અને જેના ફેલાવાથી જગતના સામન્ય બંદોબસ્તમાં સુખની વૃધી થાય એવી જે વાચા તેને અષો વાચા કહી શકાય; અને અષોઈ ભરેલાં કામો કે જેમાં લેશબી પોતાનો સ્વારથ જાણી જોઈને સાંધેલો ન હોય, અથવા જે કામો એવાં નહી હોય કે જેથી જગતનો સામાન્ય બંદોબસ્ત ખોરવાય, પણ જેનાથી જગતના કુલે બંદોબસ્તને મજબુતી મલે અને જગતનું કલયાંણ થાય એવાં જેનાં કામો તેને ખરો મઝદયસની જાણવો.

આપણુ જરથોસ્તીઓ દીવસમાં ઘણી વેલાએ કુસ્તી બાંધી રહયા પછી "જસમે અવંઘહે મઝદ"નો જે નાનો દીનનો કલમો પઢીએ છીએ તેમાં હર વેલા બોલીએ છીએ કે "જરથોસ્તી દીન સઘલી દીનોના કરતાં ઘણીજ રાસ્ત, સઉથી શ્રેષ્ટ, દોસ્તી વધારનાર, કજીઓ-મારામારી દુર કરાવનાર, તથા ઝઘડો મટાડનારી છે." આ ઉપરથી મઝદયસની ભાઈઓ જોશે કે જરથોસ્તી દીન રાસ્તી, પરહેજગારી અને દોસ્તી વધારતાં શીખવે છે, અને જગનો નાશ કરતાં સાંધણો જેવાં કે કજીઓ, મારામારી, જુદાઇ, એ સઘલું નહીં કરવાની મનાઇ કરી સઘલી પેદાયસને પોતાજ જેવી ગણી તેમાં હમેશ ભેલાયલા રહીને સર્વાર્થે મીત્રતા (UniversalBrotherhood) સાચવવાની મજબુત સલાહ આપે છે.

વલી એજ બંદગીમાં પોતાને સઉથી હલકો યાને નાચીજ ગણી સરવ નીઆમત અહુરમઝદ તરફથીજ આવતી દેખાડી, તે અને તે એકલાજ સાહેબની સરવ બનાવત બતાવી આપીને સરવ ચીજમાં તેજ અને તેનેજ જોવાનો રસ્તો બતાવે છે. અલબતે, આપણુ સઘલા આટલું તો એકે અવાજે કબુલયે છીએ કે, સરવ ચીજ તે અખુટ નુરી અહુરમઝદમાંથી નીકલેલી છે, અને જો તેમજ છે તો સરવમાં તેજ છે, અને તેથી સઘલી ચીજને એકશાંન ગણવી જોઇએ; સઘલી પેદાયસને એકશાંન દરપટીથી જોય અને જુદાઇનું ભાણુ મુદલ નહીં હોય એવું જે ઇનસાંન તે ખરો મઝદયસની. "મઝદયસની" શબદ બોલવે સેહેલો છે, પણ તેના ભેદના પરદામાં પેસવું એ મહા મેહનતનું કામ છે. વીચાર, વાચા, અને કરમ શુધ્ધ રાખી જગતમાં વલગેલી સઘલી ફરજો તેને અનુસરીને બજા લાવવી અને ઘડીએ ઘડી અને શ્વાસોશ્વાસ

તે આપ બળી મહાબાપની બીત્તરમાં યાદ ચલાવવી એ કામ તે ખરા મઝદયસનીનું હોય છે; નહી કે આ જ કાલ કેહવાતા મઝદયસનીઓ મારૂં થયું એટલે જગતનું ગમે તેમ થાય એવી બેદરકારીવાળા, છળ કપટવાળા, નજીવા જેવા ધંધાને માટે એક બીજા તરફમાં દવેશભાવી, ઇશ્વરનો થોડો ડર રાખનારા, દીનની શરયતથી ઉલટા, અવસ્તાને હસનારા, અને મોજના ભોગી, તેવાઓ તે મઝદયસની કહેવાય? જે ધણીએ મારૂં અને તારૂં એવો જુદાઈનો ખયાલ પકડયો તે ખરો મઝદયસની નહી, તેવા પુરૂષથી જગતમાં સારૂં થવાની આશાજ થોડી, અને જે પુરૂષ જગતમાં સારૂં કરવાનો ચાહ નહી રાખે તે મઝદયસની કહેવાયજ નહી.

એક મઝદયસનીની ફરજ પોતાની સઘલી ફરજો બજાવવા ઉપરાંત પાંચે ગેહમાં નીમાજ કરવાની હોય છે. જોકે આ જમાનામાં આપણુ લોકને એ કામ બીકટ દીસે છે, પણ આપણા થઈ ગયલા વડવાઓ એ ફરજ અદા કરતા હતા. ભકતી એક એવી ચીજ છે કે જેથી જીવને રાહત અને શરીરને સુખ મલે છે, અને એક ખરો મઝદયસની બંદગીના વખતને પોતાનાં સુખનો વખત લેખે છે, કારણકે જગતમાં તેને પોતાની ફરજ બજાવતાં ઘણું ખરૂં કાળું અને કાળુંજ દેખાય છે, જયારે તેની ઇબાદતના વખતમાં તે કાંઇ નુરી લોકનાં ભાણુમાં હોય છે, તેઓને દેખા શકે છે અને તેઓના છાંયામાં જાય છે, અને તે રીતે તે પોતાના હજરતે ફીરદીગારને મલવાની રાહ પાડે છે. (એક વેલા ઈશ્વરની ચાલુ યાદનો ઝરો દીલમાં ઉત્પન્ન થાય છે પછી પાંચે ગેહની ઇબાદત ગોયા તે આખા દીવસની બંદગીમાં બદલાઇ જઇ પેલી જુદી ઇબાદતની જરૂર ઓછી કરે છે). સુધરેલા જમાનાના કેટલાક સાહેબો જેઓ અવસ્તાની બંદગીઓ વગર સમજવે પટપટી જવાની ચોખી ના પાડી, ખાલી ઇનશાનની જોડેલી કવીતારૂપી બંદગી કરવાની હુજત કરે છે, તેઓએ જાણવું જોઇએ કે એ અવસ્તા તેના ભકત યોગથી હકતાલાની મારેફતો પોંહચાડવાને શકતીવાન છે, કારણકે સ્વરની ગણત્રી ઉપર એની બાંધણી થયલી છે અને તેથી તે મંત્ર કહેવાય છે, અને મંત્ર એ આકાશપર તેને ધારેલે જગે અવાજ પોંહચાડવાની ચાવી છે; આપણા ખાલી સ્વરને હકની દરગાહે પોંહચાડવાનું કામ મહા બલયાની ઇચ્છા બલથીબી કદાચજ થઈ શકે, જયારે અવસ્તા વાણીની ભકતીથી બીત્તરની નાડીઓનું ભાણુ નહી હોવા છતાંબી ભગત તે ઇશ્વરી આત્માઓના સંબંધમાં આવી શકે છે, અને તેઓની મદદથી હકતાલાની મારેફતના ઊંચા તબક્કા પર ચઢી શકે છે.

ખરો મઝદયશની કોઇબી વેલા અવસ્તા વાણી સીવાય બીજા મંત્રોનો જપ કરતો નથી, કારણકે તે જાણે છે કે એક બારગી તે મંત્રો પવીત્રબી હોય, તોબી તે ખુદ અવસ્તા જેટલાં નીપકામ નથી.

—✕✕◎✕✕—

સુબોધ માળા.

ચાહતો નહી વાઘ ને વરૂ સામે દાદ,
કરતો નહી મુફલેસી દુખની ફરયાદ;— ૧
માગુંછ એજ તુંજથી, ઓ રહેમી ખાવંદ!
ભુડાંના દોરથી રાખ મુજને આજાદ.— ૨
નહી કરતી ફનાની આગ જે નુકસાન,
કરેછ તે માનવી કપટી ને બદજાદ.— ૩
ઉરાડેછ નાહક ગીબતના ગોલા,
સુલેહને હાંકી ફેલાવેછ ફેસાદ.— ૪
વેરેછ મુજ રાહમાં ખલલના કાંટા,
લાવેછ મુજ ઝુપડીપર કીનાની ધાડ.— ૫
પીઠ પાછલ મુજની કરે છે જખમ,
કરેછ મુજ ખામીની રાઇનો પહાડ.— ૬
સત્તા ને દોલતની મારીને ફુક,
આશાની કીસ્તીને કરેછ બરબાદ.— ૭
દે તેમની સામે પનાહની કુંમક,
ઊંધી વાલ તેમની કુલ માઠી મોરાદ.— ૮
બદ તેમની ધારણામાં પશેમાન કર,
મજલુમને દે જાલમ સામે તાકાત.— ૯
છોડવ રાહુનાં ઘરણુથી સુરજ,
દાદનાં કૈવતથી ફના કર બેદાદ.—૧૦

હોશબાંમ.

અવસ્તા—નેમસે-તે હુશબાંમી !

અર્થ—નેમાજ તને, અય બામદાદ !

દીનદાર વાંચનાર ! ઉપલું વાક્ય **હોશબાંમ**ના અવસ્તાઇ કલામમાંનું છે, જે કલામો ખુદરતની ખુબસુરતીમાં ખીલતી સહવારની ખુબીની તારીફમાં છે. હરેક દીનદાર જરથોસ્તી પોતાની બામદાદની બંદગી વખતે હોશબામના પાક કલામો ભણે છે, અને "**નેમસેત્તે હુશબાંમી**" યાને "નેમાજ તને, અય બામદાદ!"ના કલામથી બામદાદની સ્તુતી શરૂ કરે છે.

બામદાદનો વખત શરૂ થતાંજ બીછાનું છોડી નાહી ધોઇ કીધેલી બંદગીની અસર અત્રે વર્ણવવાની જરૂર નથી. બામદાદે ખોરશેદના તલુ થવાના વખત ઉપરજ કુદરતનો જે ચીતાર ઈન્સાનની આસપાસ બને છે, જે કુદરતી નકશ તેની નજર સન્મુખ ચીતરાય છે, અને જે ટુક વખતમાં તરેહવાર ફેરફાર ધારણ કરે છે, તે તરફ જોતાં એક કવીને, એક ચીતારાને, એક ફીલસુફને, એક કુદરતના અભ્યાસીને જે લાગણી થાય છે, તે તેજ પોતે સમજી શકે છે; તે કયા શબ્દોમાં અને કેવી રીતે દર્શાવવી તે તે સમજી શકતો નથી, અને તે દર્શાવવાનું કામ પોતાની શક્તીની બહાર તેને માલમ પડે છે.

ખોરશેદની સ્વારીનું દુન્યામાં આવવું જાહેર થતાંજ જુદાં જુદાં પક્ષીઓ પોતાના માળા છોડે છે, અને બાંગે બુલંદ રીતે તે કીરતારની પરસતેશમાં પોતાની જબાંન ખોલે છે, તથા પોતાનાં સર નરમીથી નમાવે છે. ખુદ મરઘો વટીક બામદાદનો વખત શરૂ થવાની ઇન્સાન જાતને વધાઈ આપતાંજ "**હુક રે તું !**" ના ખુશ્નુમા અવાજથી તે કીરતારની યાદ શરૂ કરે છે.

પણ માનવી ! આલસુ અને બેવફા માનવી ! જયારે પોતાને મળેલી જુદી જુદી બક્ષેશોનો ઉપકાર માનવામાં અકલનાં ગોહરથી બેનસીબ પક્ષીઓ વટીક પોતાની જબાન બરી બામદાદે ખોલે છે, તયારે અકલનાં કીમતી ગોહરથી નસીબવંત હોવા છતાં, આળસુ અને બેવકુફ માનવી ખાબના દેવની ગોદમાં પડી રહે છે. તે કીરતારના પોતાની ઉપર જે અનંત અને બેહદ ઉપકારો થાય છે તેનું એહસાન બંદગી અને પરસ્તેશ મારફતે જાહેર કરવાને વખતે માનવી પોતાથી ઉતરતાં પ્રાણીઓથી પણ પાછલ પડે છે, અને પોતાને પ્રાણીઓથી પણ હલકા દરજા પર ઉતારે છે.

જયારે કુદરતની તમામ પેદાયશ પોતાના પેદા કરનાર તે કીરતારની પરસ્તેશમાં પોતાની જબાન ખોલે છે, તયારે તે સામટા અવાજમાં પોતાનો નાકેશ અવાજ ઉમેરવાની ઇનસાન જાતની ફરજ છે, જે ફરજ તે ખાબની ગફલતીમાં ભુલી જઇ પોતાને પ્રાણીઓથી પણ ઉતરતા દરજજા ઉપર લાવી મુકે છે.

એક ખીલતી બામદાદે તારી આસપાસ બનતા કુદરતના રંગીન દેખાવો ઉપર, અય ઇનસાન ! તારૂં ધ્યાન દોડાવ; અને તારાં મનના ચાલાક ઘોડાને કુદરતના બારીકે બારીક ભેદોના મુલકોમાં ફેરવ ! તારી આસપાસ તમામ કુદરતમાંથી નીકલતા એકજ અવાજ ઉપર તારા કાન ધર, કે જે અવાજ તે એકજ કીરતારની પરસ્તેશનો અવાજ છે. તે અવાજમાં પછી તું તારી ખાલેસ દીલની અને એક ચીત્તની બંદગીનો નાકેશ અવાજ ઉમેર, અને તે સઘળાંની તારા પોતા ઉપર થતી અસરનો અનુભવ મેળવ.

એવું કયું સુન મારી ગયલું જીગર છે કે જેના ઉપર એક ખીલતી બામદાદના સુંદર દેખાવથી કાંઇ પણ અસર નહીં થાય? જેનાં મોંમાંથી એક ખીલતી બામદાદનો સુંદર દેખાવ જોતાંજ તમામ કુદરતના સાહેબ તે મહાન કીરતારની સેતાયશના શબ્દો નહીં નીકલે? ખરોજ કમબખત તે ઈનસાન હોવો જોઇયે કે જે એવું જીગર ધરાવતો હોય.

કુદરતની તમામ ખુબસુરતીમાં ખીલી નીકલેલી કોઇ પણ ચીજ જોતાંજ એક ખરા ઇન્સાનનાં જીગરમાંથી કુદરતના તે સાહેબની સેતાયશ અને પરસ્તેશના સખુનો કુદરતીજ રીતે નીકલે છે, ખુદ પોતાની કમતર હાલત ઉપર તથા તે કીરતારની બેમુલ કરામત ઉપર તેને તરેહવાર વીચારો ઉત્પન થાય છે, અને તેનું સર નરમીથી તે સાહેબની સેવામાં નમે છે.

જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં જગે જગ ખીલતી કુ

દરતની તારીફના સખુનો સમાયલા છે, જેમાં **હુશબામ**ના કલામોમાંનો ઉપર ટાંકેલો વાકય એક ખીલતી અને ખુશ્નુમા બામદાદની નેમાજ માટે છે.

ત્યારે દીનદાર વાંચનાર ! દર બામદાદે અશો અહુરમઝદની બીજી તમામ પેદાયશો તરફથી તે કીરતારની સેતાયશમાં નીકળતા અવાજમાં તારો પોતાનો અવાજ પણ ઉમેર, અને હંમેશાં ખરાં જીગરથી તે કીરતાર તરફની તારી **ફરજ** અદા કરવા માટે બંદગીમાં નરમીથી તારૂં સર નમાવ, અને હર બામદાદે "**નેમસે-તે હુશબાંમી**" ના **પવીત્ર** કલામોથી ખીલતી અને ખુશ્નુમા બામદાદની તારીફમાં તારાં મનને રોક.

—:o:—:o:—

સુબોધ માળા.

આદમ છે નસીબના દગાથી બેજાર,
દોસ્તી છે દોસ્ત બેવફાથી બેજાર.—૧
અક્કલ જોકે ધરાવેછ દુ:ખના એલાજ,
તોએ તે એલાહી કજાથી બેજાર.—૨
કીર્તીવાનની કીર્તી છે જોકે અમર,
તોએ તે શત્રુ અદેખાથી બેજાર.—૩
સચ્ચાઇ જોકે રાખેછ ખોદાઈ નુરનો અંશ,
તોએ તે મતલબ ને સતાથી બેજાર.—૪
એલમ જોકે તોડેછ અજ્ઞાનનો અંમલ,
તોએ તે વેહમોના હુમલાથી બેજાર.—૫
ફાવે છે સંજોગથી બલવાનપર નીર્બલ,
ખુરશેદ થાય ધરણના ઘેરાથી બેજાર.—૬

લોભ છોડ કે થશે તું મનનો રાજા,
વેર તજ કે વાગશે તુંજ જયનાં વાજાં.
નેકી ધર, થાશે તું ખોદાનો દોસ્ત,
ઈમાન રાખ, ફલશે તુંજ દીલની આશા.
ગરવ છાંડ, તુંજ આબાદીના કીઆરા,
રહેશે સદા ફલતા ખીલતા તાજા.
મોજ મુક કે રેહશે આત્મા તારો ખુશ,
અને સાંધા તુંજ બદનના સાહાજા.
મોટાઇ મેલ, બચશે તું દુશમનીથી,
ધાંકા દુન્યાના ન જોશે ઝાઝા.
બદી છોડ, થાશે તુંજ જીવતર સફલ,
મતલબ તજ, ખમવા નહી પડશે ધાસા.
હસદ છોડ, પામશે તું આલમનો ચાહ,
ઉડશે ખુરશેદ તક, તુંજ નામની ધજા.

રગડ બેલાશક તુંજ કદમ નીચે,
(પણ) રગડ ના આદમના હોકમ નીચે.—૧
રહેવશ તુંજ નજદીક નીચો, ઓ ખોદા !
નીચો ના રાખ લોકની શરમ નીચે.—૨
સદકે છે જાન તારા સુખન ઉપર,
હીણો ના રાખ કોઇના સુખન નીચે.—૩
જખ્મી કર ગુસ્સાથી મુજ તન ને જાન,
રીબાવ ના સંસારના જખમ નીચે.—૪
રહેવશ તુંજ ધરમની જુસરીમાં ખુશ,
ગભરાવ ના માનવીનાં કરમ નીચે.—૫
સજા મુજ ગુનાહની કર ચાહે તેવી,
ખુલ્લો ના કર શતરૂ ચશમ નીચે.—૬
રાજી છું ખમવા તુંજ ટીકાના તીર,
શીકાર ના કર કપટી કલમ નીચે.—૭
માગીશ ભીખ તુંજ દરગેહ ટુકડા માટે,
ગરજાઉ ના રાખ કોઇનાં હેસાન નીચે.—૮
જોય છે ભરમ સારી જગનો ખુરશેદ,
(પણ) ગાફેલ છે તે તારા ભરમ નીચે.—૯.

બસ, ગરીબી ગુજાર તું ગમ ખાઇને,
દુખ ઉઠાવ તેનાં કડવો દમ ખાઈને.
છે એમાંબી મોટાઇ ને મરદાનગી,
ફર સુરખરૂ, મલે તે કમ ખાઇને.
નહીં મલે તો મરવું ભુખ વેઠી ભલું,
પણ ધીકારવો નીચ ટુકડો, સમ ખાઇને.
જો આવે રડવું તો રડ છુપો રબ પાસ,
પણ જાહેરમાં હસ આંખનાં નમ ખાઇને.
ના ખાતો હરામ, અગર જીવ જાયતો શું ?
તે લેશે પાછું, તુને જમ ખાઇને.

પરચુટણ નસીયતો.

જે માણુસ બીજાપર રહેમ દીલ રાખે છે તેને તેનું પોતાનુંજ હૈડું શાબાસી આપે છે; પણ જે માણુસ બીજાના સુખ દુખમાં જરાબી ભાગ લેતો નથી તેને કાંઇપણ વખાણુ ઘટતી નથી.

જેમ પાણીથી આતશની ગરમી થંડી પડી જાય છે તેમ એક નરમ જવાબથી ગુસ્સે થયલાં માણુસની ગરમી ધીમી પડી જાય છે.

મુરખાઇનાંપગલાં પાછલ પસ્તાવો ચાલે છે, અને ગુસ્સાની પીઠ પાછલ શરમીંદગી ઉભી રહે છે.

તારાં દીલ મધેની સર્વે ખાહેશ મધ્યમપણાંની હદમાં રાખ.

અદલ ઇન્સાફથી મુલક તથા પાદશાહત કમાલ્યત સાથે આબાદ રહે છે.

દુન્યા કોઈ સાથે વફાદારી કરનાર નથી માટે લોભને દુર કરી હંમેશ સંતોશથી રહે.

અગર જો તું કુલે આલમનો માલ એકઠો કરે તોપણ મરતી વેલા ખસખસના દાણા જેવી જીણી ચીજ પણ તું તારી સાથે લઇ જઇ શકનાર નથી.

નેકીનો કરનાર મરદ કોઇ દીન મરતો નથી. સર્વે સાથે તારો વહેવાર ચોખો, અને રાસ્ત રાખજે.

તારી ઉપર મુકેલા વીશ્વાસ સંધ એકીનદારી રાખજે. ગરીબ ઉપર જુલમ ગુજારતો ના. કીનાનું મુળ જીવની નબલાઇ મધે હોય છે. બીજાને ધીકારવો એ એક જાતનું હીચકારાંપણું છે,

તારી હૈયાતીમાં તું ભલું કર ને લોક તારે માટે જે બોલે તેની દરકાર ના કર.

ખોટા ને નકામા શબ્દોથી કોઈની પણ ચાપલુસી કરતો ના.

ફાની દુન્યામાં સુખ મેળવવાનો ટુંકો રસ્તો ઈશ્વરી જ્ઞાનમાં સમાયલો છે.

બહુ બોલ્યાથી પસ્તાવું પડે છે પણ ચુપકીદીથી સલામતીમાં રહેવાય છે.

તારી જબાંન ઉપર કાયદો રાખ ને તારા હોઠ ઉપર પોહરો રાખ.

ડહાપણના શબદો સાંભલી તારાં હૈડામાં તે ભરી રાખ.

સુબોધ માળા.

એબ્લીસ તે દીલ, જે દેખી દીલ તબાહ,
માને મગરૂરી, મરતાની, મજાહ;—૧
સુને નહી દુખીનો જલતો પોકાર,
રડતાંની આંખપર નહી કરે નેગાહ;—૨
લીએ જે સીંહ કાજે બકરાંના ભોગ,
ખીટે તો ઉખેડી કરે ફના;—૩
પડયાં પર મારે પાટુ બેદરેગ,
હંમેશાં રહે અદેખું કીનેખાહ;—૪
રંકની નાચારી પર હસી ફુલે,
આશ્રીતપર ચલાવે જુલ્મી સત્તા;—૫
અર્ધી દઇ માંગે રૂપ્યાનું હેસાન,
મારે ટકકોરાના વેરમાં ગોલા;—૬
હોય જેની છાતીમાં એ દીલ કાતેલ,
માનવી નહી તે, તે તો ઝેરી અજદા.—૭
ધરણથી જેમ સુરજ રોશની છુપે,
પામે તેમ એ દીલથી જીંદગી જફા.—૮

આ સર તારી ખોદાઇને ભોગમાં આપુંછ,
આ કલમ તુંજ વખાણની હારમાં કાપુંછ.—૧
દર કદમે જોઉંછ તારી મોટાઇ, ખોદા,
બહુ ગાફેલ બનુંછ, રાહ જેમ આગલ માપુંછ—૨
કેહ, કેમ મેળવું હું તારી મોહબતનો હાથ?
એક ડગ ભરતાં થાકી હડખા સમ હાંફુંછ.—૩
ઘોર પાપો છતાં તારી રહેમત પામી,
આ સીહા મોહડું શરમના હાથે ઢાંકુંછ.—૪
તુંજ સજાના તીરથી ડરૂછ જોકે બહુ,
તોય દીલની ઉમેદ તારી રહેમને સોપ્યું છ.—૫
નહી સુઝતું શું માંગું, શું કહું, શું લખું,
સઉ માંગવું નાકેસ; હું તો તુનેજ માંગુંછ.—૬
નહી જોતો તુંજ લાયક સુખન કે સીફત,
બસ "નાચાર પાયે" તારે પાયે લાગુંછ.—૭
તેં ચઢાવ્યોછ ખુરશેદને આસમાનને તખ્ત,
પણ હેસાનથી સર તો પાતાલમાં નાખુંછ.—૮

પેગમબર અશો જરથોસ્તનો યજદી દરજજો.

અવસ્તા—અષવ હાંમી હર્ઑમેમ્ચ પરહર્ઑમેમ્ચ ક્રતુમઇને જરથુસ્રહે સ્પીતામહે અપઓનો ફ્રવષેએ અઑષ્તો નામનો યજતહે.

માયની—જણાયલા નામદાર **યજદ** અશો સ પેંતમાન જરતોસ્તનાં ફરોહરને ક્ષીન્ે જશનુંમન કર વાને માટે અશોઇથી હોમ તથા પરાહોમ હું મેલું છું.

દીનદાર જરતોસ્તી! આજની આપણી બાબદ જરતોસ્તી દીનના સ્થાપનાર પેગંબર અશો જરથો સ્તના યજદી દરજ્જાને લગતી છે. પેગંબર એ શબ્દ ફારસી ભાષાનો છે, અને એનો અર્થ પયગામ નો લાવનાર કાસદ કરી થાય છે; યાને તે હકની દ રગાહથી દુન્યાનાં લોકો માટે દીનનો લાવનાર કાસ દ તે પયગંબર.

દુન્યામાં પેગંબર શા માટે જોઇએ એ બાબદ **દસાતીર** નામની એક કેતાબમાં "નામે સત વખ્શુ રે જરથોસ્ત"માં બરાબર રીતે સમજાવી છે. અશો જરથોસ્તની પેગંબરીની તપાસ માટે યુનાન દેશ ના દાનાવો તરફથી તુત્યાનુશ નામનો એક હકીમ ઇરાંન સરજમીન ઉપર આવનાર હતો, તેની આ ગમજથી અશો જરથોસ્તને આગાહી આપતાં દાદા ર **અહુરમજદ** જણાવે છે કે,—

"ઓ દોસ્ત! તુંને તે હુસ્યાર માણુસ (તુત્યાનુશ) પુછશે કે, 'યુનાની દાનાવો કહે છે કે આ દુન્યામાં ખોદા ને પેગંબર શા માટે જોઇએ?'

(જવાબ આપજે કે), પેગંબર એટલા માટે જોઈ એ કે, માણુસો પોતાની જીંદગી ગુજારવાને માટે એક બીજાના ગરજવંતા છે; તો તેઓને એવા કાય દા, ધારાઓની જરૂર છે કે, જેને સર્વ લોકો એક મતથી કબુલ કરે.

જેથી તેઓનાં લેવડ દેવડ અને ભાગલાગમાં જુ લમ પોંહોંચે નહી, અને દુન્યાંનાં કામોની ગોઠવ ણી જાહુક રહે.

અને તે ધારા **યજદાન**ની તરફથી હોવા જોઇયે કે સર્વ લોકો તેને કબુલ કરે. તો તે હુકમો (જાહેર કરવા) ને માટે પેગમબરને ઉભો કરવો જોઇએ."

ઉપલા ફકરા ઉપરથી પેગમબરની અગત્યતા આ પણને ખુલી માલમ પડે છે. આગલ ચાલતાં એજ કેતાબમાં પેગમબરની પીછાનત બાબે સમજાવતાં જણાવવામાં આવેછે કે,—

"(બીજું) તને તે (તુત્યાનુશ) પુછશે કે, 'પે મગબરને પોતાનાં કામમાં સાચું બોલનારો અને સા ચા કામનો શી રીતે પીછાણ્યે?'

(જવાબ આપજે કે), એ પરથી પીછાનવો કે, જે ચીજ તે જાણે તે ચીજ બીજાઓ નહી જાણે.

અને તે તમારા દીલની (યાને દીલની મતલબ ની) ખબર આપે.

અને જે કાંઈ તમે તેને પુછો તેનો જવાબ આપ વાથી અટકે નહી.

અને જે (કામ) તે કરે, તે બીજો કોઈ કરી શકે નહી. [જેમકે,—કોઇ તેનાથી કશો મોજેજો ચાહે તો દેખાડી શકે. જે મોજેજાનું કામ બીજાથી થ ઇ શકે નહી.]"

દસાતીરના ઉપલા ફકરાઓ ઉપરથી એક પેગ મબરનું સાધારણ બ્યાન આપણે જોઇ ગયા. ખુદ હજરત જરથોસ્તને અશો અહુરમજદે પોતાના પે ગમબર તરીકે દીનનો પેગામ આપી આ દુનીયાંમાં મોકલ્યા હતા તે બાબદ માટેનું વર્ણન પણ એ કેતાબ ઉપરથી મલી શકે છે, જે નીચે મુ જબ છે:—

"ઓ સફંતમાનના બેટા ઝરથોસ્ત! મેં તુંને પેગમબર ઠેરવ્યો.

અને પોતાના ત્રણ રીતના સખુનો મેં તને આપ્યા.

પેહેલા બોઆબમાં કે જે શબ્દોને "વખ્સના મું" યાને પ્રથમ નામું કહેછે.

બીજા ઉંઘ અને જાગૃતપણાંની વચમાં, કે જે સખુનોને "ફરહકાખ" યાને મધ્યમ સ્થીતીના શ બ્દો કહેછે.

ત્રીજા જાગૃતપણામાં કે જયારે તું પોતાના શ રીરમાંથી વેગલો થઇ ફરેસ્તાની સાથે આકાશોથી ઉપર આવ્યો.

તારૂં રવાન મારી નજદીક પહોંચ્યું.

સર્વ સખુનો જે મેં તને બક્ષ્યા તે બે તરેહના છે. ભેદ ભરેલા અને વગર ભેદના. તે ભેદ ભરેલા શબ્દોને વગર ભેદના શબ્દો સાથે સરખા કર.

હસ્તીનો સર્વ ભેદ મેં તને કહયો.

તેથી તું હાલે, વીતેલી, ચાલુ અને હવે પછી બનવાની બાબદોથી જાણીતો થયો છે. હું જે કોઇને જાગૃતપણામાં પેગમબરી આપું છું, તેને બુઝોરગ આબાદનો ધર્મ સોંપું છું.

એ માહરો પસંદ પડતો ધર્મ છે.

જે શખસ એ ધર્મથી વેગળો હોય તે મારા ભેદુ (નહી સંભલાતા) શબદો મેળવી શકતો નથી.

મારા શખુનોનાં રવાનો (નહી સંભળાતા શબ્દો) જાગૃતી વગર મેળવી શકાશે નહી.

[ભેદુ શબ્દો એટલે નહી સંભળાતા શબ્દો જેને શબ્દોનાં રવાન કહેછે; અને સંભળાતા શબ્દોને તેનું કાલબુદ ગણે છે.]''

દીનદાર જરથોસ્તી! ઉપર જે જાગૃતપણાંની હાલત જણાવી છે તે હાલત તે તેજ છે કે જેને દસ્તુર આઝરકયવાન "ખલ્લે બદન" ની હાલત જણાવી ગયા છે.

દબેસ્તાન નામની કેતાબમાં આપેલાં અશો જરથોસ્તનાં જનમ વીશેનાં વર્ણન ઉપરથી આપણને માલમ પડે છે કે અશો જરથોસ્ત સાધારણ ઈનસાન કરતાં બહુ મોતેબર દરજ્જો ધરાવતા હતા. એ કેતાબમાં અશો જરથોસ્તને અમસાસ્પંદો દરજ્જો ધરાવતા વર્ણવ્યા છે. જે બાબદને ખુદ **અવસ્તા** ઉપરથી ટેકો મલે છે. જેનાં જુદા જુદા પુશકલ દાખલામાંનો એકજ દાખલો આપણી આજની બાબદની શરૂઆતમાં ટાંકેલો માલમ પડશે. એ ૫કરામાં અશો જરથોસ્તને એક **નામદાર યઝદ** જણાવ્યા છે.

પેગમબરીના એવા એક બુલંદ યઝદી દરજ્જાને લીધે અશો જરથોસ્ત તરફ સંપુર્ણ માન ધરાવવાની દરેક જરથોસ્તીની આઇન ફરજ છે. ટુંકમાં નામીચા સુરી કવી શેખસાદીના બોલોમાં,—

"ઝબાન તા બુવદ દર દેહાન જાયગીર,
સનાએ પયમ્બર બુવદ દેલ પઝીર."

યાને, જયાં સુધી ઇન્સાન જાતનાં મોંમાં જબાન (યાને વાચા) છે, ત્યાં સુધી પેગંબરની સેફત તેને દેલપઝીર યાને ખુસ્નુમા લાગવીજ જોઇએ.

ત્યારે દીનદાર જરથોસ્તી! જયારે અશો પેગંબર જરથોસ્તનો દરજ્જો ખરો યજદી હતો, ત્યારે તારી ફરજ છે કે તે બુલંદ દરજ્જાના મહાન નરની સેફતમાં નીચલા **અવસ્તાના** કલામોની બંદગી હંમેશ તારા મોં ઉપર રાખી તેમાં તારાં ધ્યાનને રોકેલું રાખવું.

અવસ્તા—અહુરેમ મજદામ અષવનેમ અષહેરતુમ યજમઇદે; જરથુસ્ત્રેમ અષવનેમ અષહે રતુમ યજમઇદે; જરથુસ્ત્રહે અષઓનો ફ્રવષીમ યજમઇદે.

માયની—અશોઈના સરદાર અશોઅહુરમજદને હમો વખાણ્યે છીએ; અશોઈના સરદાર અશો જરતોસ્તને હમો વખાણ્યે છીએ; અશો જરથોસ્તનાં ફરોહરને હમો વખાણ્યે છીએ.

સુબોધ માળા.

આશા છે માનવીની મોટી દોલત,
આશા છે ગરીબનાં ઘરની બર્કત.— ૧
ખુશનુમા ચેહરાની રતુ વસંત,
ઝાડોને ખીલવીને કરે ફલવંત;— ૨
તેમજ ગમ ખેજાનથી સુકાયલું જન,
આશાથી શાંત રાખી શકે છે મન.— ૩
આશા છે જીંદગીના ખરા હાથ પગ,
આશા બીન ચાલે નહી કોશેશની રગ.— ૪
આંખો વણુ થાય જેમ નકામું માણુસ,
દીપક વણુ રહે જેમ અંધારૂં ફાનસ;— ૫
આશા વણુ ઉલટ તેમ અપંગ છે,
સંસારનાં ચીત્રમાં આશ રંગ છે.— ૬
આશા એ ઉલટનું ખેંચાણ છે,
આશા આબાદીનું ચોગાન છે.— ૭
આશાથી નેછેહી કામનબાં ન કામ,
આશાથી દીપે છે નહી નામનાં નામ.— ૮
ખાલી નહી આશાથી હશે કોઇ દીલ,
આશા જ્યાં નહી તે તો દીલ સીહા કીલ.— ૯
આશાનાં આકાશમાં સુરજ ફરેછ,
આશાના દર્યામાં જીંદગી તરેછ.—૧૦

સંતોષ.

સંતોષી પુરૂષ ભુખ્યો અને ઊઘાડો હોય તો પણ તે તવંગર છે, અને લોભી પુરૂષ આખી દુન્યા મેળવે તો પણ તે ભીખારી છે.—શાહનશાહ હોશંગ.

નેક વાંચનાર! સંતોષ એ ખાસ્યતની અગત્યતા **વીષેનો આજનો** આપણો સબક છે. એ એક એવી **ખાસ્યત** છે કે જે દરેક ઇન્સાને પોતાના સાથી ત **રીકે પોતાની** આખી હૈયાતી સુધી રાખવી જોઇયે. **લોભ એ** સંતોષથી ઉલટી ખાસ્યત છે. સંતોષ જયા **રે એક** માણુસને આ દુન્યામાં તેને મળેલા હીસ્સા ઉપર ખુશી અને સુખી રાખે છે, ત્યારે લોભ એક માણસને ખુવાર કરે છે. એક સંતોષી માણસ હંમેશાં પોતાને સુખી સમજે છે, જયારે એક અસંતોષી અને લોભી માણસ પોતાને મળેલા હીસ્સા ઉપર ન ધરાતાં વધુ મેળવવાની લાલચમાં પોતાને હાથે કરી કમનસીબ અને દુઃખી બનાવતો જાય છે. એક **અસંતોષી** માણુસ કદી પણ કોઇ ચીજથી ધરાતો **નથી;** અને હંમેશાં વધુ ને વધુ મેળવવાની આરજુમાં રહી પોતાનાં મનને હાથે કરી ચીંતાતુર કરે છે. તે કીરતારે ઇન્સાન જાતનાં સુખ માટે જે ન્યામતો બનાવી છે, અને જે તેણે પોતાની અપાર અકલથી **ઇન્સાન જાતને** બરાબર વહેંચી આપી છે, તે ન્યામતનો બરાબર હીસ્સો મળેલો હોવા છતાં એક અસંતોષી માણુસ પોતાને મળેલો હીસ્સો અધુરો સમજી પોતાને કમનસીબ માની લેય છે. લોભ પોતાની સાથે પોતાના સાથી અદેખાઇને લેતો આવે છે; એટલે એક અસંતોષી માણુસ માત્ર બહારના દેખાવથીજ બીજાને પોતા કરતાં વધુ સુખી જોઇ તેને ખરેખર તેમ માની લેય છે. અને પછી તેનું દીલ અદેખાઇની આગમાં જલે છે. આથી ખુદાઇ શકતી અને ઇનસાફ સામે તે સુખન ઓચરે છે, અને પોતાને મળેલી કીમતી ન્યામતો તથા બક્ષેશો માટે શુક્રગુજારી કરવાની પોતાની ફરજ ભુલી જઇ તેથી ઉલટુંજ કરે છે.

એક સંતોષી માણુસની હાલત ખરેજ માનને લાયક છે, કારણકે પોતાને મળેલી કીમતી ન્યામતો અને બક્ષેશો ઉપર સંતોષી રહી તે પોતાને સુખી સમજે છે, અને બીજા કોઇની અદેખાઈની આગમાં પોતાના જીગરને જલાવવાની તેને જરૂર પડતી નથી, આથી તેનું જીગર ખુદ ખુદાની તારીફ તથા તેની શુક્રગુજારીમાં ઉભાય છે, જે જાણીતા સુફી કવી શેખ સાદીના બોલોમાં તે ગોયા નીચે મુજબ દરશાવે છે:—

(**બેત**:—ખુદાયા! દેલમ ખુન શુદ ઓ ચશ્મ રીશ,
કે મીબીનમ એનામત અઝ ગોફતે બીશ.

માએની —અય ખોદા! મારૂં દેલ તથા ચશ્મો ગોયા જખમી થયાં છે, કારણકે તારી બક્ષેશો નહી વર્ણવી શકાય એટલી હું જોઉં છું.

એક અસંતોષી માણસનું જીગર તે એક વેરાન જંગલ સમાન છે, કારણકે તેમાંથી સંતોષ તેમજ ભલી ખાસીયતોના બીજા જુદા જુદા રોપાઓ માલમ પડતા નથી. તેનું જીગર હમેશાં દુન્યાઇ નફો મેળવવાની તલગમાં રહે છે, અને તેમ રહેતાં લોભને લીધે તે એવું સંગ જેવું થઇ જાય છે, કે ચોકસ ચીજો મેળવવા માટે જોઇતી સારી યા માઠી કોઇ પણ રીત વાપરવામાં તે જરા પણ આંચકો ખાતો નથી. સખાવત જેવી ઉમદા ખાસયત તો તેનાં જીગરમાંથી સદંતર નાશ પામે છે, અને તેને બદલે કંજુસાઇ તેનાં જીગરનો કાબુ લેય છે.

જંગલમાં ઉગતાં ઝાડોને પણ પાણી પાઇ કોઇ ઉછેરવાની મહેનત લેતું નથી, તે છતાં પોતાની હાલત ઉપર સંતોષ રાખી તેઓ પણ કુદરત તરફથી મલતાં સુરજનાં કીરણો તથા દવનાં રૂપેરી પાણીનો હક જયો મેળવી સંતોષથી રહી પોતાની હૈયાતી નીભાવી શકે છે, ત્યારે માનવી, અકલથી રોશન થયલું માનવી, શા માટે પોતાની મોતેબર હાલત ભુલી જઇ સંતોષ છોડી દઇ ખુદરત સામે સુખન ઓચરવાની હીંમત કરે છે? તે કીરતાર જેમ સર્વનો પાસબાન છે તેમ મહા ઇનસાફી છે, માટે તે કદી કોઇને ભુલનાર નથીજ.

ત્યારે નેક ઇનસાન! સંતોષ પકડ અને લોભને અને અસંતોષને તારાં રોશન જીગરથી હમેશાં દુર રાખ. તને મળેલી ન્યામતો તેમજ કીમતી બક્ષેશો માટે તે કીરતારની શુક્રગુજારીમાં તારાં સરને નમાવેલું રાખ. અને નામીચા સુફી કવી શેખ સાદીના નીચલા બોલો તારા ધ્યાનમાં ઉતાર.

"જો માણુસજાત જેટલી મેહેનત દોલત મેળવવાને માટે કરે છે, તેટલી મેહેનત જો દોલતના આપનાર તે કીરતારને પીછાણવાને માટે કરે તો તે ફીરેસ્તાઇ હાલતે પુગે."

પણ જે માણુસમાં સંતોષ નથી તે ખુદાને પીછાણવાની કોશેશ ઉપર પોતાનું મન કેમ લગાડી શકે? કારણકે તેનું મન દુન્યાઈ લોભ લાલચોના બંદમાં ગીરફતાર છે. અને જે ખુદાને પીછાણવાથી દુર છે, તેનું જીવતર ગોયા ધુલ છે. જો ઇનસાન જાત પોતાની મોતેબર ફરજો ભુલી જઇ દુન્યાઇ ચીજો મેળવવાની લોભ લાલચમાં પડે તો તેની અને હેવાનની જીંદગીમાં ફરક શો?

ત્યારે નેક વાંચનાર! સંતોષ એખત્યાર કર, ખુદાને યાદ કર, ગમને નાચાર કર, અને ધીરજ પકડ. કારણ આ ગેતી દુન્યામાં ઇનસાન જાતને ખરૂં સુખ આપનારી ખાશયતોમાં સંતોષ એક મુખ્ય ખાશયત છે. જો તારાં જીગરને અદેખાઇની આગથી દુર રાખવું હોય તો તેનો એક ઈલાજ છે, અને તે ઈલાજ કાંઈજ નહી પણ પોતાને મળેલા હીસ્સા ઉપર સંતોષ અને તે મળેલી ન્યામત માટે તે કીરતારની શુક્રગુજારી.

સુબોધ માળા.

દોરંગ દુન્યાના શું ઉધા દેખાવ!
મોટાંની મંમત તે ગણાય ઠરાવ.— ૧
ગરીબનો ઠરાવ તે ગણાય મંમત,
મતલબી લોકથી એ પામે સંમત.— ૨
મોટાંની મુર્ખાઇ તે ગણાય ડાહપણ,
ગરીબનું ડાહપણ તે ગણાય ખાપણ.— ૩
મોટાંનું તર્કટ તે ગણાય કલા,
ગરીબની કલા તે ગણાય બલા.— ૪
મોટાંની લુટફાંટ તે ગણાય છે હક,
ગરીબના હક તે ગણાય છે ના-હક.— ૫
મોટાંની મગરૂરી ગણાય છે ટેક,
ગરીબનો ટેક તે ગણાય અવીવેક.— ૬
મોટાંની જુઠ્ઠાઇ ગણાય મંતકી,
ગરીબ મંતકી ગણાય તર્કટી.— ૭
મોટાંનો ફાંટો તે ગણાય કાનુન,
ગરીબનો કાનુન તે ગણાય ઝનુન.— ૮
મોટાંની અનીતી ગણાય મજાહ,
ગરીબની મજાહ હીણાય જાબજા.— ૯
મોટાંની બકબક તે ગણાય ભાષણ,
ગરીબનું ભાષણ તે ગણાય ભુકણ.—૧૦
મોટાંનું કપટ તે ગણાય બરહક,
ગરીબનો ગુસ્સો તે ગણાય કપટ.—૧૧
મોટાંનો ટુકડો ગણાય સખાવત,
ગરીબ સખાવત ફીસ્યારી ફોકટ.—૧૨
મોટાંની હજામત ગણાય હુંનર,
ગરીબનો હુંનર તે ધુલ ને ઢેફર.—૧૩
મોટાંનો અધરમ તે ગણાય ધરમ,
ગરીબનો ધરમ તે ગણાય કરમ.—૧૪
મોટાંની ફીસ્યારી ગણાય ફેશન,
ગરીબની ફેશન તે ગણાય વ્યસન.—૧૫
મોટાંનું ઉધું તે ગણાય સુધું,
ગરીબનું સુધું તે ગણાય ઉધું.—૧૬
મોટાંની ફીકર તે ગણાય સંકટ,
ગરીબનું સંકટ તે ગણાય હમ્બગ.—૧૭
મોટાંને ઠેસ તે ગણાય અકસ્માત,
ગરીબ પગ ભાગે તે હસવા જોગ વાત.—૧૮
મોટાંનું હોય જે જે, તે તે વાહવાહ!
ગરીબનું છટ છટ ને તોબાહ તોબાહ!—૧૯
ઉગતા સુરજને સઉ નમે ભણે,
નમતાને કોઇ નહી કશામાં ગણે.—૨૦

તેં ચાહયો તો મુજને ધીક્કારનાર છે કોણ?
તેં સાહયો તો મુજને ઝુટાવનાર છે કોણ?
તું ખસેડશે ઇંચ તો લોક સો કોસ, ખોદા!
તેં રાખ્યો ત્યાંથી મુજને કહાડનાર છે કોણ?
તું મારશે એક આંગળી તો લોકો ધક્કા,
તું લે પનાહ અંદર તો મારનાર છે કોણ?
તું ફેરવશે નજર તો રૂઠશે દુન્યા,
તેં હોલવ્યો તો મુજને બાલનાર છે કોણ?
તું તોડશે એક બાલ તો લોકો માંસ ને ચાંમ,
તેં પાલ્યો તો મુજને નીવારનાર કોણ?
તું કહશે મુરખ તો જાતભાઇઓ શેતાન,
તેં નવાજયો તો મુજને હીણનાર છે કોણ?
તું મારશે ફુક તો પડશે પાતાલ અંદર,
તેં સ્થાપયો તો ખુરશેદ ને પાડનાર છે કોણ?

નેક વીચાર.

અવસ્તા.—હ્રામીમ યજમઈદે યાંમ આર્મઇતીમ સ્પેન્તાંમ યેહે હાશ્રે અષઓનાંમ અષ–પઓઇરયનાં મ્ય હામનાંમ.

માયની.—ડહાપણને (તથા) આબાદી કરનાર ભલા વીચાર (અથવા સભ્યતા)ને હમો વખાણીયે છીએ, જેની ઉત્પત્તી અશોઈની તથા અશો (લોકો) જેઓ અશોઇમાં સઉથી સરસ (છે તેઓ)ની પેદાએશની છે.—**વીસ્પરદ ક૦–**

દીનદાર જરથોસ્તી ! આજ દાનનો આપણો સબક "નેક વીચાર"ને લગતો છે. **અવસ્તા**માં નેક વીચારોને આબાદી કરનાર ગણવામાં આવ્યા છે, જેની **અવસ્તા**નો ઉપલો ફકરો એક શાહદત છે. **ભલી મનશ્ની** તથા **હુમત** માટે આગળ આપણે એકથી વધુ વાર બોલી ગયા છીએ. આજની બાબદ તે બાબદથી કોઇ પણ રીતે વેગળી નથી. તે છતાં એ બાબદ એકવાર ફરીથી લેવાનું કારણ આબાદી તથા ડહાપણ સાથનો નેક વીચારનો ઉપલા **અવસ્તા**ના ફકરામાં દેખાડેલો સંબંધ છે.

ઉપલા ફકરામાં ભલા વીચારોને આબાદી કરનાર ગણવામાં આવ્યા છે; તથા ડહાપણ યાને દાનાઇને અશોઇની પેદાયશ તરીકે ગણવામાં આવ્યું છે.

જેમ એક ખેતરની આબાદીનો ચોક્કસ બાબદો ઉપર આધાર રહે છે, તેમ માણસની મીનોઇ રાહ ઉપરની આબાદી યાને ફતેહનો આધાર તેના ભલા વીચાર ઉપર રહે છે. જાણીતા સુફી કવી શેખસાદીના બોલોમાં "એક મુલકની આબાદી તેના શાહનશાહની નેક નેયત ઉપર આધાર રાખે છે"; તેજ મુજબ એક માણસની પોતાની આબાદી અને ફતેહનો તેના નેક વીચાર ઉપર આધાર રહેલો **અવસ્તા** ઉપરથી સાબેત થાય છે.

નેક વીચારોથી માણસની અશોઇમાં વધારો થઇ તે ધીમે ધીમે વધુ અશો બનતો જાય છે, અને તેના અશો થવા સાથે તેનાં જીગરમાં બંદ રહેલી ચોક્કસ ગેબી શક્તીઓ ધીમે ધીમે ખીલતી જાય છે; આ શક્તીઓમાં ડહાપણ યાને દાનાઇ એક છે, કે જે સંપુર્ણ હાલતમાં ખીલી નીકલી માણસને મીનોઇ રાહ ઉપર રોશની આપે છે. આટલા માટે **અવસ્તા**ના ઉપલા ફકરામાં ડહાપણ તથા પવીત્ર વીચારોને વખાણ્યા છે.

ભલા વીચારો તે ગોયા એક જાતનું પવીત્ર દરખ્ત છે, કે જેની પુરતી સંભાળ લીધાથી તે ધીમે ધીમે વધી માણસનાં મીનોઇ રાહનાં ખેતરને આબાદ કરે છે. તેના બરાબર વધવાથી તે ઉપર ગેબી શક્તીઓનાં ફળ લાગે છે, કે જે ફળોનાં પેટાંમાં ખુદરતના ભેદ ભરમોની ચાવી સમાયલી હોય છે, જેનો ડહાપણભર્યો ઉપયોગ થવાથી ઇન્સાન ખુદાઇ રોશણીનો ગેબી દરવાજો ઉઘાડી શકે છે.

આટલા માટે હરેક ઇન્સાનની ફરજ છે કે તેણે પોતાનાં મનને ભલા વીચારો ઉપર ઓસ્તવાર રાખવું, અને તેમ કીધાથી ખીલતી જાનની ગેબી શક્તીઓનો ભલો ઉપયોગ કરી જીંદગીની ખરી નેમ બજા લાવવાની કોશેસ કરતા રહેવું. એક બસ્તેકુસ્તીઆંન તરીકે દરેક જરથોસ્તીએ **અવસ્તા**માં આવેલી નીચલી પાઝંદ કબુલાત ઉપર ધ્યાન આપી તે મુજબ પોતાની કીમતી જીંદગીનો સારો ઉપયોગ કરવા માટે હંમેશાં કોશેસ કરવી જોઈએ:—

અવસ્તા—આસ્તુઆંન હોમ ૫ હર કેરફેહ, અવાખ્શ અજ વીસ્પ બજેહ, અવીજેહ દાર હોમ ખુદશ આસ્નીદેહ–કુનશને, પરહેજશ્ને ઓ પાકશેશ જેરાને જાન મનશ્ને ગવશ્ને કુનશ્ને ઓ વીર ઓ હોશ ઓ ખેરદ.

માયની.—દરેક સવાબનું કામ કરવાને હું ઉસ્તેવાર રહું છું, (તથા) તમામ ગુનાહના કામોથી પસ્તાવો કરી પાછો ફરૂં છું. મારી પોતાની જાતી કરણીને હું પાક રાખું છું, (તથા) (મારા) જાનની છ શક્તીઓ (કે જે) વીચાર શક્તી, બોલવાની શક્તી, કામ કરવાની શક્તી, તથા તર્ક (અથવા સારૂં નરસું સમજવાની) શક્તી, બુદ્ધી તથા અક્કલ (એઓને) (ખરાબ હવસોથી) દુર રાખી (હું) પવીત્ર (રાખું છું.)

દીનદાર વાંચનાર ! એક જરથોસ્તી તરીકેની તારી જુદી જુદી કબુલાતો તથા એકરારોમાંની ઉપલી પણ ગોયા એક કબુલાતજ છે, જે મુજબ ચાલવાને જેમ એક ઇન્સાન તરીકે તેમજ એક જરથોસ્તી તરીકે તું બંધાયલો છે. એટલા માટે હંમેશાં વીચારે, વચને તથા કામે પવીત્ર રહી નેકીભરી જીંદગી ગુજારવાની કોશેસ કરતો રહે, અને ભલા વીચારોને નીચલા **અવસ્તાઇ** કલામોથી નમતો રહે !

અવસ્તા—નેમસ્ચા યા આર્મઈતીશ ઈઝાચા.

માયની.—ભલા વીચાર તથા આબાદીને નમાજ (હોજો) !

—:—

"સોબત તેવી અસર."

"સંગત મત કરના ખોટી,
દુન્યા ઉલટી અય જુઠી."—**કબીર.**

નેક વાંચનાર ! "સોબતે અસર" ની જાણીતી કહેવત આજનો આપણો સબક છે. એ કહેવત જુદી જુદી સઘળી ભાષાઓમાં અને સઘળા લોકોમાં સાધારણ અને જાણીતી છે, એજ એની અગત્યતા દેખાડી આપે છે. એ કહેવતની સચાઇ બાએનો અનુભવ કરેક માણુસ આ દુન્યાની પોતાની જીંદગીમાં થોડો યા ઘણો મેળવે છે. એ કહેવતની અગત્યતા જેટલી દુન્યાઇ બાબદોમાં છે, તેટલીજ બલકે તેથી પણ વધુ મીનોઇ બાબદોમાં સમાયલી છે. કુલે દુન્યાના દાનાવો એ કહેવતની સચાઇ કબુલ રાખી ગયા છે, અને એ ઉપર ધ્યાન આપી ચાલવાને નસીયત કરી ગયા છે.

એ કહેવતની મુળ મતલબ એજ છે કે, ભલાંની સોબતમાં ભલા થવાય, અને બુરી સોબતથી બુરી રાહ અખત્યાર થાય. એક માણસની ચાલચલણની પરીક્ષા ઘણુંકરી જે સોબતમાં તે ભેળાય છે, તે ઉપરથીજ થાય છે. એ ઉપરથી ભલો હોવા છતાં જ્યારે એક માણુસ બુરી સોબત અખત્યાર કરેછે, ત્યારે તેની વલાણ બુરી રાહ ઉપરજ છે, એવું સાધારણ રીતે અનુમાન થઇ શકે છે.

દાનાવોનું કહેવું છે કે માણુસ માણસનાં મન ઉપર એકમેકના વીચારોથી ચોકસ છુપી અસર થાય છે, કે જે છુપી અસરથી એક ભલા માણસને બુરાઓની સોબતમાં ભેળાવાથી બુરી રાહ ઉપર નીકલી જતાં વીલંબ લાગતો નથી. તેજ મુજબ પરહેઝગાર આદમીઓની સંગત ધરવાથી તેઓનાજ જેવા વીચારના થવાની કુદરતી લાગણી માણસનાં મનમાં ઉત્પન થયા વીના રહેતી નથી. નામીચા સુફી કવી **શેખસાદીનું** કહેવું છે કે:—

"પેસરે નુહ બા બદાંન બેનેશસ્ત,
ખાન્દાને નબુવતશ ગુમ શોદ;
સગે અસહાબે કેહફ રૂઝી ચન્દ,
પચ નિકાન ગેરફ્ત મરદુમ શોદ."

યાને, નોઆહ પેગંબરનો બેટો બદ લોકોની સોબતમાં ગયો તેથી તેનું પેગંબરી ખાનદાન ગુમ થયું; ગુફાના પરહેઝગાર લોકોની સોબતમાં કેટલાક દીવસ રહી નેક લોકોની રાહે ચાલવાથી કુતરો ઈન્સાન થયો !

નેક વાંચનાર ! સેંકડો વરસો સુધી જેહમત ખેંચી ન્યાગાનોએ મેળવેલાં ભલાં નામોનો તેઓના બેટાઓ જે પળવારમાં નાશ કરી તેઓની તવારીખ ઉપર જે કાલો કલંક મુકી જાય છે, તે ઘણું કરી બુરી સોબતનેજ લીધે થાય છે.

ટુંકમાં દુન્યાના દાનાવોએ પોતાને મળેલા અનુભવ ઉપરથી "સોબતે અસર" નો નસીયત રૂપી કીમતી કાનુન ભવીષ્યની ઓલાદોની રેહબરી માટે ગોયા મુકેલો છે.

સઘળું છતાં, ઇનસાન જાતમાં એવી પણ એક લાગણી છે કે જેથી કરી એક નેક માણુસ હમેશાં નેકનીજ સોબત મેળવવાને રાજી રહે છે, જ્યારે એક બદ માણુસને એક નેક માણસની સોબત ઝેર સમાન થઇ પડે છે. જાણીતા ભગત **કબીરનું** કહેવું છે કે:—

"કામીએ કામી મીલે,—મીલે નીચસે નીચ,
કહે **કબીર** સાધુસે મીલે, સો હરસે રહે રીજ."

નેક વાંચનાર ! મીનોઈ રાહનો એક કાનુન છે કે એક નેક અને પરહેઝગાર આદમીના નામની યાદ અને તેના તરફનું ગંભીર માન વટીક આપણાં મનને રોશન કરી શકે છે, ત્યારે વીચાર કર અય વાંચનાર ! કે તેવા માણુસોની સોબતથી શું નહી થઇ શકે ? તેવા નામીચા પરહેઝગાર નરોનાં નામની ખરાં જીગરથી કીધેલી યાદ ઇનસાનનાં મનમાં પવીત્ર વીચારોના ઝરાને વહેતો કરી શકે છે, ત્યારે તેવા નરોની ભલી સોબતથી ઇનસાનને કેટલો ફાયદો થઇ શકે !

તેથી ઉલટુંજ, એક બુરા માણસની સોબતમાં જવાથી તેના બુરા વીચારો આપણાં મનનો કાબુ મેળવે છે, અને તેમ થવાથી એક બુરી રાહ ઉપર સેહેલથી દોરવાઇ જતાં વીલંબ લાગતો નથી.

આટલા માટે નેક વાંચનાર ! "સોબત તેવી અસર" ના ઉમદા નસીયતરૂપી કીમતી કાનુન ઉપર વીચાર કર, અને હમેશ નેક લોકોની સોબત અખત્યાર કર.

—:—

છાકટપણાની બદી.

છાકટપણું એ એક બધાં પાપોનું મુળ છે. તે બંદીખાનાઓના ઓરડાઓ પુરે છે. તે ગુનેહગારોનાં વાહણો ભરે છે. તે આલસુઓની નીશાળો ભરે છે. તે દીવાનશાળાઓમાં માણસોનો વધારો કરે છે. તે ચોરી કરતાં શીખવેછે. તે ખુનીઓનો વધારો કરે છે અને સુળીના દોસતો બનાવેછે. પણ છાકટપણાની બદીનો વીચાર આપણે એક એખલા માણસને લાગુ પાડીએ કે જેના આધાર ઉપર તેનાં કુટુંબનો નીભાવ ચાલે છે.

ધારોકે એક ગરીબ કુટુંબમાં બાપ દરરોજ બે દરામ દારૂ પીએ અને એક વરસને છેડે તમે ગણત્રી કાઢશો તો તમને માલમ પડશે કે, તેનાં પેટમાં અઢાર ગેલન દારૂ જગા કરી બેઠો છે. હવે જુવો કે એ અઢાર ગેલનના પઇસામાંથી પોતાનાં નીરદોષ છોકરાંઓને માટે કેટલાં કપડાં ખરીદ કરી શકતે? જેઓનો બાપ એક છાકટો આદમી હોએ તો તે છોકરાંઓનાં કેવા હાલ થાય. છાકટા આદમીઓના દેખાવો એક દારૂની દુકાનમાં તમે જોશો તો રતાસદાર ગાલો કરચલી વલેલા, ચલકતી આંખો દારૂ પીવાની બદખસલતમાં ઝાંખી મારી ગયલી, તેઓના કાનોમાં ખરાબ બોલો સંભલાયેછે, તેઓનો જુવાન આતમાં બદીઓના દરીઆથી ભરપુર થાય છે અને તેઓની છાતીના ઓરડાઓની અંદર કાલી પડછાયાઓ પડે છે કે જયાં છોકરવન આતમા રમવો જોઇએ.

ઓ વાંચનાર ભાઇ આ ઉપલું વાંચીઆથી કાંઇ તારાં દીલમાં અસર થાએ છે? શું તુંને કાંઇ વીચાર નથી આવતો? પ્યારા વાંચનાર જો તારે પોતાને માટે નહીં, તારાં વાહલાં માબાપોને માટે નહી, તારી વાહાલી મોહોરદારને માટે નહી, તારી કીમતી સુના જેવી આબરૂને માટે નહી, પણ તારાં વાહાલાં નાજુક ફરેસ્તાઇ ખસલતનાં બચાંઓને વાસ્તે દારૂ પીવાનો છોડ. કારણકે હાલના જાણીતા મોટા મોટા વઇદો પણ એકમલતા થઇને કહે છે કે જો દારૂની અસર કદાચ એક દારૂ પીનારને તુરત માલમ નહી પડે તો તેના ભવીસ્યમાં અવતરતાં બાલકોમાં તે માલમ પડશે. તે બાલકો મુંઢ નીવડશે અથવા તો સદાનાં રોગીષ્ટ માલમ પડશે. વાસતે આ મીઠાં ઝેરની જો તુને કાંઇ અસર નહી થશે તો તેમાંથી કાંઈ તારાં બચાં છુટકારો પામનાર નથી. જો તું આ દુનીઆમાં બચી જશે તો તુને તારાં એ પાપોનો જવાબ ઉપલી દુનીઆમાં આપવો પડશે. શું તું પાપોથી બીહીતો નથી? જો તું પાપોથી બીહીતો હોએ તો એમજ સમજ કે દારૂ પીવો એક પાપ કરવા બરાબર છે. જો એક માણસે ઘણો દારૂ પી પોતાના છાકટપણાની અંદર એક માણસનું ખુન કીધું હોએ તો તેની ઉપર બે ગુનાહ લાગુ પડે છે. પેહેલાં તો એક ખુન કીધાનો અને બીજો તો દારૂ પીવાનો. જો તે માણસે દારૂ પીધો ન હતે તો તે શું ખુન કરતે? એજ કારણને લીધે જો તે માણસે દારૂ પીવાનો ગુનાહ નહી કીધો હતે તો તે એક ખુની નહી થઇ શકતે. એજ પુરવાર કરી આપે છે કે દારૂ પીવો એ એક પાપનું કામ કરવા બરાબર છે.

વાહાલા વાંચનાર હવે આપણે જોઇએ કે તે માણસ છાકટો થવા કેમ પામીઓ? આપણે જો કોઇ છાકટા આદમીને પુછશું કે તું છાકટો થવા કેમ શીખીઓ તો આપણને એક નાંધલો જવાબ મલશે કે મધ્યમસર પીવાની તેવ રાખીઆથી તે છાકટો થવા પામીઓ. આહા! આ કેવો ભયાનક જવાબ. શું જે આદમીઓ થોડો દારૂ પીએચ તેઓ છાકટપણાની બદીમાં ગરકાવ થાયચ? હા ભાઇ એમજ છે. આ ઓગણીસમી સદીના માણસોનો ઢંગ એમજ છે. જયારે આગલા વખતનાં લોક દરેક કામ વીચારીને કરતા હતા ત્યારે આજ કામના ઢંગઢડા વગરના (ખરૂં કહીએ તો વીચાર વગરના લોકો) દરેક કામ સાંબા ધણીના કેહેવા પ્રમાણે કરે છે, એટલુંજ નહી પણ તે માણસને રાજી રાખવાને વાસતે વીચાર કરવા વગર કરે છે. એ શું દેખાડે છે! એ આજકાલની પુરતી કેલવણીની ખામીઓ દેખાડે છે.

જો હાલમાં આપણે એક માણસને પુછીએ કે તે દારૂ પીએ છે ત્યારે તે જવાબ દેશે કે હું દરરોજ થોડો થોડો દારૂ પીઉં છું અને તેમ પીતાં હું કદી છાકટો થવા પામીઓ નથી. જેમ આપણે આપણાં ભવીસ્યના બનાવોથી અજ્ઞાન રહીએ છીએ તેવી રીતે

એક મધ્યમસર દારૂ પીનાર માણસ ભવીશ્યમાં છાકટો થશે કે નહી તે તે જાની શકતો નથી. જો આપણે ગણત્રી કાઢશું તો આપણને માલમ પડશે કે સેંકડે પાંચ ટકા છાકટા આદમીઓ દારૂ પીનારી ટોલીના મલત્યા હતા. હવે જો એ એકસો માણસોએ દારૂ પીવાનું મોકુફ રાખ્યું હતે તો શું તેમાના પાંચ માણસો આવી હાલતમાં આવી પડતે? બલકે તેઓએ જો દારૂ પીવાનું મોકુફ રાખ્યું હતે તો અને તેમ કરવાને બીજા આદમીઓને ફરમાવીયું હતે તો તેઓના ભવીશમાં તેઓને ઝલકી નીકલવાનો રસતો કરી આપતે. આપણે જાણીએ છીએ કે આપણે જે આ દુનીઆમાં જનમીઆ છીએ તે કાંઇ ખાઇ પીને મજાહ કરવા નથી પણ પોતપોતાના ધરમ ઉપર ચુસ્ત બની દરેક સારી સલાહો આપણા બીજા ગોઠયાઓને આપી તેવોને સારે રસતે ઉતારવાની કોશેશ કરવી જોઇએ. એજ કારણને લીધે દરએક માણસે દરએક જાતની બદી કે જેમાં એક દારૂ પીવાની પણ છે તે બદીથી પોતાના સોબતીઓને દુર રાખવાની ગોઠવણ કરવી જોઇએ.

સુબોધ માળા.

ધાણીથી બલદને છોડવ, ખોદા !
તંગીથી મરદને છોડવ, ખોદા !—૧

પાંખો છતાં ખોહે છે ઉડવાનું બલ,
પીંજરાંથી પોપતને છોડવ, ખોદા !—૨

થયુંછ આ દર્દીથી દરદ બેજાર,
દર્દીથી દરદને છોડવ, ખોદા !—૩

જંગલમાં જઇ ભોગવે બાપીકું રાજ,
જંજીરથી અસદને* છોડવ, ખોદા !—૪

કરી દઈ જે તે સરજતનો નીકાલ,
સોસનાથી ઉમેદને છોડવ, ખોદા !—૫

પહોંચાડી વતનીને પ્યારે વતન,
બેવતન સરહદથી છોડવ, ખોદા !—૬

દુન્યા કાજ કરેછ દીનદારીનું ખુન,
લાલચથી ભગતને છોડવ, ખોદા !—૭

મેલાપની આશમાં કરેછ જીંદગી ધુલ,
જુદાઈથી આશકને છોડવ ખોદા !—૮

બલેછ એ બનાવથી ધરમચુસ્ત લોક,
ધરણથી ખુરશેદને છોડવ, ખોદા !—૯

* અસદ એટલે સીંહ.

આ મરતાં તનને પેલા જાન સાથ મેલવ,
આ ડુબતાને ઉમેદનાં વહાણ સાથ મેલવ.—૧

આરામને ધીકારી પોકારેછ પેહલવાન,
રબ ! પ્યારાં મારાં જંગ મેદાન સાથ મેલવ.—૨

સોનેરી પીંજરે બેઠું બોલેછ બુલ બુલ,
રે ! ભાંજી પીંજરૂં ગુલેસતાન સાથ મેલવ.—૩

છે દીલપર તો તાજા હાદેસાના ઘા,
પણ બોલેછ ઇરાની ઇરાન સાથ મેલવ.—૪

જે ચમનમાં રહી ખાય છે આઇતું માંશ,
તે સીંહ બચ્ચો કહેછ બીઆબાન સાથ મેલવ.—૫

છે બેહેશતની પરી તેની આધા તો શું ?
પણ બાલકને મા મેહેરબાન સાથ મેલવ.—૬

સપડાયલું દુનીઆઇ ફંદે રૂહ પાકી જેહ,
એજ આરજુ રાખેછ ગુરોસમાન સાથ મેલવ.—૭

આ ધરતી જે ધ્રુજેલી પાપે, તે આહેછ,
કે કયામતથી મને આસમાન સાથ મેલવ.—૮

આશ દુનીઆથી છોડી એજ માગેછ ખુરશેદ,
મીનોઇમાં તેડી નયાગાન સાથ મેલવ.—૯

આદમ છે નસીબના દગાથી બેજાર,
મીત્રાઇ છે મીત્ર બેવફાથી બેજાર.—૧

અકલ જોકે ધરાવેછ દુખના એલાજ,
તોએ તે એલાહી કજાથી બેજાર.—૨

કીર્તી છે અમર, સુરખરૂ, ને સમર્થ,
તોએ તે શતરૂ અદેખાથી બેજાર.—૩

ઇન્સાફ છે લાલચથી ઘણીવાર આજેજ,
સચાઈ પણ વગજગ ને સતાથી બેજાર.—૪

એલમ તોડેછ વેહમ ને અગ્નાનનો અમલ,
તોએ રહેછ અજમાશના હુમલાથી બેજાર.—૫

ધરમ જોકે કરેછ ઇનસાનનું તારણ,
તોએ તે તકરારના મારાથી બેજાર.—૬

સંજોગથી ફાવેછ બળવાન પર નીર્બળ,
ખુરશેદ છે રાહુના ઘેરાથી બેજાર.—૭

ધર્મ બોધ.

સવાલ—દોલતની અંદર તાજું રહેવું કોણને છે?

જવાબ—જે કોઈ જાતી ઉલટ અને મેહેનતથી ઉદયોગ કરનાર હોય છે તે દોલતની અંદર તાજો રહે છે. જેની નજર આએ ફાની દુનયાની અંદર હૈયાતી આપનારી તરફ છે તેના આત્માને દાદારની તરફથી સુખ અને કરાર છે.

સવાલ—પાપથી દુર કરનાર કોણ છે?

જવાબ—જેના દીલની અંદર હરવેસ્પ આગાહી વાલા દાદારનું રેહેઠાણ છે. તે પોતાને ગુનાહથી દુર રાખનાર છે.

સવાલ—ચહડતે દરજજેની અકલવાલો કોણ છે?

જવાબ—જે નેકી સીવાય બદી કરવાની ખાહેસ બીલકુલ રાખે નહી તે ચહડતે દરજજેની અકલવાલો છે.

સવાલ—કીરતીનો વધારનાર કોણ છે?

જવાબ—લોકોને સારી નજરે જોવાથી કીરતીનું વધવું છે.

સવાલ—જે આદમીને ઘણા આદમીની દોસ્તી છે તે કોણથી છે?

જવાબ—આદમીઓ સાથે મોહબતથી રહેવાથી, આદમીઓ તારી તરફ ઘણા હેતવંતથી રહેશે.

સવાલ—કોણથી તનનો સુધારો અને તેનાં રવાંનને (દોજખથી) છુટકારો પામવો છે?

જવાબ—ખોટારાને તું બદનમાંથી બહાર કહાડશે તો તારૂં બદન સુધરેલું અને રવાન દોજખથી છુટકારો પામેલું થશે.

બંદગી.

અવસ્તા.—નેમો વોહુ, નેમો વહીસ્તેમ જરથુસ્ત્ર ગએથાબ્યો. તત દ્રવતો દ્રવતાંમ ઉર્વતો પઇતી દારેસ્ત; તત દ્રવતો દ્રવઇત્યાઓરચ અપી ઉપી કરેન ગવઠરેથ્ર જફ્ર દેરેજવાન પઇરીઉર્વએસ્તેમ યત નેમો વોહુ અધવીમ અત્બએષેમ નઈરે હામ-વરેતીશા, દરૂજો વારેથ્મ દારેસ્ત.

માયની.—દુન્યાનાં લોકોને માટે બંદગી ભલી તથા સૌથી સરસ છે. તે દરવંદોમાંના જોરાવર દરવંદની સામે બચાવ છે; તે નરા દરવંદની તથા માદા દરવંદની આંખો, હુસ્યારી તથા કાનને આસપાસ ઢાંકી નાખનારી છે, તથા તેઓના હાથ, પગ તથા મોઢાંને માટે બેડી તરીકે થાય છે. જે ભલી, નહી ઠગનારી, તથા નુકસાન નહીં કરનારી બંદગી માણસને માટે એક બચાવ છે, દરૂજોની સામે એક ઢાલ છે, તથા તે દરૂજને હટાવનાર છે.—**સરોશ યષ્ટ હાદોખ્ત**.

દીલદાર વાંચનારા! આજની આપણી બાબદ **બંદગી** વીષેની છે, એ માટે જેટલુ બોલ્યે એટલું થોડું છે. શરૂઆતમાં, બંદગી શું છે તે આપણે જોઇએ. આપણે આ ગેતી દુન્યામાં વસ્યે છીએ. ગયલા વખતનો તથા આવનાર વખતનો આપણને કાંઇ પણ ખ્યાલ નથી. ટુંકમાં, આપણી હાલત એવી છે કે આપણને જીંદગીના રસ્તા ઉપર કોઇ પણ રાહબર યા રક્ષણકર્તાની જરૂર માલમ પડે છે. આવી ખેદકારક હાલત વખતે ખરા વીચારવંતોનું ધ્યાન કુદરતીજ રીતે પોતાના "ખોદા" તરફ ખેંચાય છે, અને તેનીજ તરફ પોતાના રેહબર યા રક્ષણકર્તા તરીકે જોવાની મજબુત લાગણી થઇ આવે છે. આ લાગણી તે ગોયા બંદગીનો મુળ પાયોછે. બંદગી તે ગોયા ઇન્સાનનાં જીગર તરફથી નીકલતો એક છુપી લાગણીનો ઉભરો છે.

બંદગીના ત્રણ તબક્કા થઇ શકે. પહેલી, જેઓ દુન્યાઇ નફો મેળવવાની આશાએ બંદગી કરે છે તેઓની બંદગી, બીજી જેઓ મરણ પછી બેહેસ્તનો માર્ગ મેળવવાની ઉમેદમાં કરે છે તેઓની, અને છેલ્લી જેઓ દુન્યાઇ સઘલી ચીજો છોડી દઇ ફકત એક ધ્યાનથી તે કીરતારને મળવાની અને તેનાં મહાન નુરમાં એક થવાની આરજુથી બંદગી કરે છે તેઓની.

"સુખે સોની અને દુઃખે રામ" તેમ ઘણીક વેલાએ સુખના વખતમાં બીજી ફરજોની માફક બંદગીને પણ ભુલી જવામાં આવે છે. પણ દુઃખના વખતમાં ગમે એવાં પથરનાં હૈયાં અને પાપી જીગર

માંથી વટીક "ખોદા" એ શબ્દ ખુદરતી રીતે નીકલ્યા વગર રહેતો નથી. ટુંકમાં, દુઃખની વેળા એ મન ઉપર ચઢેલા બોજાને ઓછો કરનાર અને ખરી રીતે દીલાસો દેનાર કાંઇજ નહીં પણ બંદગીછે.

બંદગી કરવી એ ઇન્સાન જાતની સૌથી પહેલી **ફરજ** છે; સાધારણ રીતે **ગરજ**નીજ વેળાએ બંદગી કરી દુન્યાઇ નફા માટે ખોદાને અરજ કરવી એવો વીચાર આમ લોકોમાં જાયજ છે. બંદગી ઈન્સાન જાતનીજ ફરજ છે એમ નથી. એ ફરજનાં બંધનમાં હેવાન જાત વટીક બંધાયલું માલમ પડે છે. રાતની અંધારી દુર થતાંજ પક્ષીઓ પોતાના માળા છોડતી વેળા ગોયા તલુ થતા આફતાબને પોતાનાં મધુર ગાયનથી આવકાર આપે છે! સૌથી પહેલાં મરઘો પોતાના ખાબથી બીદાર થઇ બામદાદની વધાઇ આપતાં "હકરે તું" ના ખુસ્તુમા અવાજથી યજદાની યાદમાં સર નમાવી જીગરને શાદ કરે છે! ટુંકમાં, હેવાનજાત ઇન્સાન કરતાં પોતાની ફરજ વધારે સારી રીતે સમજીને અદા કરતું હોય એમ માલમ પડે છે. અને તેથી સાબેત થાય છે કે માણસજાત કરતાં હેવાનો વધારે વફાદાર અને હકશનાસ છે.

ઉપર ટાંકેલો **અવસ્તાનો** ફકરો બંદગીની અસર વર્ણવે છે. એમાં જણાવે છે કે બંદગી દુરવંદની આંખ, હુસ્યારી તથા કાનને આસપાસ ઢાંકી નાખનારી છે, યાને, બીજા બોલોમાં બંદગી કરનારને જોખમમાંથી બચાવવા માટે તેની આસપાસ એક મીનોઇ દીવાલ ઉભી કરે છે. પણ આ મીનોઈ દીવાલ માણસની આસપાસ કેમ ઉભી થાય છે? "જો પરમાર્થી હેતુથી એકચીતે માંથ્ર ભણવામાં આવ્યા હોય, અને તેનો પુરેપુરો અર્થ પણ જાણતા ન હોઇએ તો પણ, માણસનાં રવાનનાં સંબંધમાં મોટો ફાયદો થાય છે. માણસના શરીરમાંથી નીકલતું અણદીઠ મેગ્નેટીક તેજ, જેને Aura કહેવામાં આવે છે, તેનો પ્રકાશ માથ્રથી વધતો જણાય છે; અને ધીમે ધીમે તે બહારથી આવતી અણદીઠ પલીદ અસરો સામે એક મીનોઇ દેવાલરૂપે માણસનો બચાવ કરે છે." ટુંકમાં, ખરી બંદગી એ માણસ ઉપર આવતા હરકોઇ હુમલા સામે એક મજબુત બચાવ છે. તે મીનોઇ વધારાનું મુળ છે. તે હંમેશગીનાં સુખનો રસ્તો છે. માટે, દીનદાર વાંચનાર! **બંદગી**ની મહાન અસરો ઉપર પુખ્ત વીચાર કરી, પરમાર્થી હેતુથી તે કીરતારની જનાબમાં તારી સૌથી પહેલી ફરજ અદા કરવામાં નરમીથી તારૂં સર નમાવ, અને "નીચો વળી ખાકસંગ નમસ્કાર કર!"

માણસને પુરતી સમજ કેમ મલે?

માણસને પુરતું ગ્યાન મેલવવા સારૂં દશ ચહડતે દરજજેની લાયક વસ્તું છે—તેમાં:-(એક) ખુસ જીંદગી, (બીજી) દોલતનો સંબંધ, (તરીજી) નફાનો વધારો, (ચોથી) સુખનું કાયમ રહેવું, (પાંચમી) ચલકાટવાલી હકુમત, (છઠી) મોરાદમાં ફલદરૂપ થવું, (સાતમી) પુરતા આરામથી રેહેવું, (આઠમી) તાબેદારની તરફની કુદરતી ખુસીવાલો પ્યાર, (નવમી) સારી સીખામણ દેનારો વીસવાસુ દોસ્ત અને (દસમી) ગમગીનીના વખત ઉપર સારી મદદ કરનારો મદદગાર. આ વસ્તુઓથી માણસને ગ્યાનની અંદર સુધારો થાય છે જેમકે—ખરી જીંદગી—એ વગર ધાસ્તી સાથની તનદરૂસ્તી છે. દોલત તથા ફાયદાનો વધારો—કુદરતી અક્કલનાં પ્રમાણથી છે. સુખનું કાયમ રહેવું—ખોદાતાલાની બંદગી અને એકાંતપણાથી છે. ચલકાટભરેલી હકુમત—જાતી દનેનાઇથી છે. તાબેદારોના પ્યારનું મેલવવું—તેઓરી ખુસ રાખવાથી છે. મોરાદમાં ફલદરૂપ થવું—સાલેધારણાથી છે. પુરતા આરામમાં રહેવું—જે કાંઇ માતે ઉપર સંતોશ કરવાથી છે. સારો દોસ્ત—એ ભેદનો સાચવનાર અને એબને દેખાડનારો સારો દુરઅંદેસ મીત્ર છે. સારી મદદ કરનારો મદદગાર—અકલથી બોલનારો અને જેથી આદમીનો સુધારો થાય તેને લગતી મદદ આપનારો પુરૂષ છે. માણસને આએ સઘલી વસ્તુઓ **પાક ખોદાતાલાની દીન** ઉપર ખરાંજીગરનાં પ્યારથી ઓસ્તવાર રહેવાથી મલે છે. જે ઇનસાને આ ચહડતે દરજજેની દસ વસ્તુઓ મેલવેલી હોય તે ઇનસાન પુરતી દાનાઇથી દુરઅંદેશ અને દરજજાવાલું છે.

સર્વે ફ્‌ના છે.

(કરીમા બે બખશાએ બર હાલે મા) ની રાહ.

ફોકટ છે, ફોકટ છે, નહીં આવે કામ,
રહેશે ખુદાનું જાવેદાની નામ.

ફ્‌ના છે, ફ્‌ના છે—સરવ ઠામ ગામ,
ફ્‌ના છે ફ્‌ના છે જેને આપો નામ.

ફ્‌ના છે સુબોહ ને ફ્‌ના છે રે શામ,
ફ્‌ના છે શરિર ને ફ્‌ના છે રે ચામ.

ફ્‌ના જેની હસતી જરૂર બે જરૂર
ફ્‌ના સર્વે ગની, ફ્‌ના સઉ ગરૂર.

ફ્‌ના જેને આકાર ફ્‌ના તે થશે,
ફ્‌ના જેને અવતાર મરી તે જશે.

ફ્‌ના ઝરવાલો, ફ્‌ના તેની હામ,
ફ્‌ના તેનો સામાન, ફ્‌ના તેનો દામ.

ફ્‌ના તેની જાણો જેને હોય જાન,
ફ્‌ના થશે પદવી, ફ્‌ના થશે માન.

માટીમાંથી બની જે ચીજો ઘણી,
ફ્‌ના થઇને ચીજો તે મટટી બની.

જમાનો ફ્‌ના—થાએ નમાનો ફ્‌ના,
હવામાં ઉડી જાય તેની નામના.

મટટીમાંથી બનશે તે મટટી થશે,
પાણીમાંથી બનતી પાણીમાં જશે.

નહી કોઇ સાથી નહી રહેશે સગાં,
છોડી જશે—જશે મરી તે બધાં.

સિવાય કાંઈ ખુદાવન, નથી પાએદાર,
"માહીઆરે"બી કીધોછ ખુદાવંદને યાર.

સુબોધ માળા.

કસાઇમાં દયા ને દાઝ કયાંથી હોય?
વેશયામાં નીતી ને લાજ કયાંથી હોય?—૧

ઘુવડમાં ના શોધ તું રાગ અને નાચ,
રાંડીમાં નખરાં ને નાજ કયાંથી હોય?—૨

છકેલ મંડલમાં ના શોધ કદરદાન,
દરીઆવમાં હોમા ને બાજ કયાંથી હોય?—૩

તરવાની છોડ આશ, થા ડુબવા તૈયાર,
જમીનપર ફીસતી ને ઝાઝ કયાંથી હોય?—૪

કમનસીબ પારસી! રાખ દીનપર મદાર,
વતનજ જ્યાં નહી ત્યાં રાજ કયાંથી હોય?—૫

તાજ પેહેલાં કર તું ખુદ સરની સંભાળ,
સરજ નહીં મળે તો તાજ કયાંથી હોય?—૬

ભોગવ સ્યાલામાં દુઃખ હીમનું ખુરશેદ,
એ રૂતમાં વરસાદ ને ગાજ કયાંથી હોય?—૭

નસીબ એક હેવાનને આદમ કરેછ,
પૈસા એક ધામટને હાકમ કરેછ.—૧

મતલબ આ પીતલને સોનું કરેછ,
હેંકાર એક ન્યાઇને જાલમ કરેછ.—૨

"ગરજઆ ગધાને માટી" ગણુ,
ખુશામદ અભણને આલેમ * કહેછ.—૩

સણુગાર દેય હબસણને પરીનું રૂપ,
ભપકો એક ભામટાને બાલમ કરેછ.—૪

મુર્ખાથી છટેલ તે બને બેગમ,
મંમત એક કારૂનને હાલત કરેછ.—૫

હસદખોર ગણાવે રવીને રાહુ,
સંજોગ એવાં કોટક માલમ કરેછ.—૬

* આલેમ એટલે એલમી અથવા વીદ્વાન.

ચોપડીઓ વેચવાની છે.

ઠેકાણું—ધોબીતલાવપર મુંબઈ
વરતમાન છાપાખાનું.

ધર્મ નીતી.

ભાગ પેહલો, તથા ભાગ બીજો, દરેકની કીમત રૂ૦૧—પોસટેજ ૦)॥

સત્ય મિત્ર પત્રનાં દર અંકમાં ઘણા સરસ ધર્મ અને નીતીબોધો છપાતા જાય છે, જેમાં અવસતા વાણીની રૂડી સમજો, માબાકુલ ફરમાંનોની બીસલો બીગરે આપીને ધરમની મોતેબરી સમજાવી છે, તથા માનવી જાતે દરેક વાતમાં નીતીમાન કેમ અને કેવી રીતે થવુ તેનાં અસરકારક અને વાંચવા જોગ બોધ સમાવેલા છે.

દોખમે નોશીરવાન—અથવા મુશલમાનોનો મશહુર ખાલીફ હારૂન-અલ-રશીદ, શેહેનશાહ નોશીરવાંન આદેલનુ દોખમુ જોવા ગયો તે કીસો, જે દેખાવો, જે બયાંનો તે નવી નવાઇ તથા નશીઅતો છે તે નામીચા ખાલીફને તે જમાનામાં સલેલી, આ બેહુબ છે. ખાલીફ હારૂન-અલ-રશીદ, શાહનશાહ આદેલ નોશેરવાંન પાછલ લગભગ ૨૦૦ વરસે બગદાદના તખત ઉપર આવીઓ હતો, અને તે મોટા મરતબાવાલા તે જમાનાના આલમમાનાં મોટા ખેરખાહ ખલીફે પોતા આગલ ૨૦૦) વરશ થઈ ગયલા શેહેનશાહ નોશીરવાંનનુ દોખમુ જોયુ અને ઇરાંની શેહેનશાહતનુ નામ જેહાંનમાં પુરેપુરી જાહોજલાલી ને રોશનાઈથી રોશન કરનારનુ અશો રૂવાંન નવા શરૂ મોશાગ સાથ ઘટતી માનજતે તે મરહુમ શેહેનશાહની આગાહી માફક દોખમામાં હેડવયુ, એ એક બેશક બનેલી વાત ને સાચી હકીકત છે.—કીમત ૭ આના, પોસટેજ અરધો આનો.

દરફેશ કાવાની યાને કાવાનો બાદશાહી ઝુંડો.

આ નાના ચોપાન્યામાં ઇરાન દેશની તવારીખમાં જાણીતો થયલો કાવાનો બાદશાહી ઝુંડો કેમ ઉત્પન્ને પ્રથમ કોણે તથા શા સારૂ બનાવ્યો, તે કેવી હતી. તે ક્યાં સુધી ચાલુ હતો, અને શા કારણથી તેનો અંત આવ્યો ક્યારે એ પુષ્પફળ નીહે અને ખુલાસા સાથે ણી આણંદ [illegible] આવી છે.

ચાર રીતે મજુ—કેઆની પાદશાહી હાલ જોવા નજુમ નથી આવેલા એક ઈરાંનીનુ બનાવેલ તાસીર, ઈરાંનો, પોસટેજ અરધો આનો.

કીમત એક અને **લાયક વાતચીત**—એમાં ફ **વાડી વનત**પત સાથ અરસપરસ ઘણી રમુ દને સમે અહી ૭ ગ્રામાયલી છે.—કીમત એક આને મલે એવી વાતચી ૧.

પોસટેજ અરધો બેઠ આવીઆ પછી દર ખાડીને

રૂમાં કચરાની નકી કેમ પડે છે તેના પાડા અને દર રતલનો ભાવ કારખાનાંઓને ઘણી ઉપયોગ સપીનીંગ વીગરે રૂઉનાંના રૂ૨૨૫ થી તે ૨૫૦) શુ ચોપડી—એમાં દર ખાંડીકડે ૪) થી તે ૩૦) ટકા ના ભાવનો રૂઉ દર શો ખાંડી પડે છે તે જોવા ધીની ઘટ જવાં નકી કેમાસટેજ અરધો આનો. કાઢો છે.—કીમત રૂ૧), પેશું—યાને અશલી ઈરાં

પુરાતમ આતશખાન અને તેને લગતો બીં ઓએ બાંધેલાં આતશકદેઓ વાવરતી ચીઝ.—રૂ૦૧. ૨ કેટલોક જાણવાજોગ હેવાલ—અ શટેજ અરધો આનો. **શી ઈરાનીઓ**—

યોગ વીદયા અને અસોહનો મારગ કેમ ર માં ખોદાતાલા યાને હકની દરગાકુલ અને મોતેબ ખતીઆર થાવ તે વીરોનુ માય અરધો આનો. લખાણુ છે. કીમત રૂ૦૧, પોસટેજ **હોરમજદની સ**

હોરમજદ યસત ઉપરથી કલામોના મુ **ફ્ત વીશેની સરેહ**—એ અવસતાલખાયલો છે.- દાખલાઓ સહીત ઈનામનો રસાલો મે.

કીમત બે આના, પોસટેજ અરધો **અસરદારી બે**

એક વખત આખી દુનીઆમાં કે હેરાલ ગવી ગયલા ઈરાંની બાદશાહોનો રાજમ એમાં અવલથી તે આખેર શુધી ઈરાંનગમા તેન પાદશાહો કોણ કોણ અને કેમ રાજ કરી ૧ બે અ અગ્છી જાણવાજોગ ટુંક તવારીખ છે. કી ના, પોસટેજ અરધો આનો.

હખામનીઅન શેહનશાહતની જ

લાલી યાને હખામનીઅન વંશની પારસી સ ત કેવી જાહોજલાલી ભોગવી ગઇ છે તે વી ણુવાજોગ ટુંક હનતેખાબ.—કીમત બે આ ટેજ અરધો આનો.